નીતિશાસ્ત્રનાં મૂળતત્વ.

ભાગ ૨ જો.

મિસિસ ચાર્લ્સ બ્રે

એમના અંગ્રેજી ઉપરથી

તૈયાર કરનાર

રાવબહાદુર ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇ

બી. એ. એલ. એલ. બી.

સાતમી આવૃત્તિ.

કસનદાસ નારણદાસ બુકસેલર—સુરત.

કિંમત રૂ. ૦-૬-૦

નીતિશાસ્ત્રનાં મૂળતત્વ.

ભાગ ૨ જો.

મિસિસ ચાર્લ્સ બ્રે

એમના અંગ્રેજી ઉપરથી

તૈયાર કરનાર

રાવબહાદુર ગોવિંદભાઇ હાથીભાઈ દેશાઈ,

બી. એ., એલ એલ. બી., વડોદરા.

સાતમી આવૃત્તિ.

કસનદાસ નારણદાસ બુકસેલર.

કિમ્મત રૂ. ૦-૬-૦.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બાલુભાઈ કશનદાસ નારણદાસ

નાણાવટ—**સુરત.**

સુરત—ચોટાના પુલ ઉપર આવેલા "સુરત સીટી"
પ્રિન્ટીંગ પ્રેસમાં **ઠાકોરદાસ માનસીંગે** છાપ્યું.

પ્રસ્તાવના.

વડોદરા રાજ્યના વિદ્યાખાતાના ઉપરિ અધિકારી મહેરબાન ખા. બા. જમસેદજી અરદેશર દલાલ, એમ. એ., એલએલ. બી., એમના અધ્યક્ષપણા નીચે, શાળાખાતામાં સુધારા વધારાની સૂચનાઓ કરવા, શ્રીમન્ત સરકાર મહારાજા સયાજીરાવ ગાયકવાડ એમણે સન ૧૮૯૨માં એક કમિટી નિમી હતી. એ કમિટીએ વડોદરા રાજ્યનાં તથા મુંબાઈ ઈલાકાનાં જુદાં જુદાં શહેરોમાં કેળવણીના કામમાં ઉત્સાહ ધરાવનાર ગૃહસ્થો તરફ કેળવણીને લગતા કેટલાક પ્રશ્નો મોકલી અભિપ્રાય મંગાવ્યા હતા એ પ્રશ્નોમાં ૩૦ મો પ્રશ્ન એ હતો કે, "શાળામાં નીતિની કેળવણી આપવા બાબત આપનો શો મત છે?" આ પ્રશ્ન ઉપર ઘણા ગૃહસ્થોનો મત એવો આવ્યો હતો કે ધોરણના વિષય તરીકે નીતિનું ખાસ પુસ્તક ચલાવવાને બદલે પ્રસંગોપાત શિક્ષક નીતિ સંબંધી બોધ આપે તો બસ છે; નીતિનું લૂખું જ્ઞાન છોકરાંને આપવાથી કદાચ તેમને તે ઉપર કંટાળો ઉત્પન્ન થાય, અને સંકોચિત ઇબારતમાં માત્ર નીતિનાં વાક્યો છોકરાંને ગોખાવ્યાથી નીતિનું જ્ઞાન આપવાનો ઉદ્દેશ પાર પડે નહીં; પરન્તુ રસિક દાખલા દૃષ્ટાન્તો, વાર્તાઓ વગેરે દાખલ કરી બાળકોને રમુ-

જ સાથે જ્ઞાન મળે એવું નીતિનું પુસ્તક તૈયાર થાય તો તે ચલાવ્યાથી બાળકોને ઠીક પડે.

આવું એક પુસ્તક તૈયાર કરવાનો મારો વિચાર ઘણા વખતથી હતો. મિસિસ ચાર્લ્સ બ્રે એમના અંગ્રેજી ગ્રંથને આધારે હાલમાં આ પુસ્તક (ભાગ ૧–૨) તૈયાર કરી કેળવણીના કામમાં ઉત્સાહ ધરાવનાર ગૃહસ્થોની સેવામાં હું રજુ કરૂં છું; અને આશા રાખું છું કે બાળકોને નીતિ સંબંધી જ્ઞાન આપવાને માબાપ તથા શિક્ષકને તે કંઇ દરજજે ઉપયોગી જણાશે.

વડોદરા
૧, માર્ચ, ૧૮૯૮. } ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇ.

અનુક્રમણિકા.

રાવબહાદુર ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇ

એમણે તૈયાર કરેલાં બીજાં પુસ્તકો.

૧.	બેન્જામિન ફ્રાન્કિલનનું જીવન ચરિત્ર.	રૂ. ૧-૦-૦
૨.	દીર્ઘાયુષી શી રીતે થવાય.	રૂ. ૧-૦-૦
૩.	જીંદગીનું સાફલ્ય.	રૂ. ૧-૦-૦
૪.	હેલ્પ્સકૃત નિબંધો.	રૂ. ૦-૧૩-૦
૫.	અપકૃત્યનો કાયદો.	રૂ. ૨-૪-૦
૬.	ઘરમાં રમવાની રમતો.	રૂ. ૦-૪-૦
૭.	નીતિશાસ્ત્રનાં મૂળતત્વ, ભાગ ૧.	રૂ. ૦-૪-૦
૮.	ગુજરાતનો પ્રાચિન ઇતિહાસ.	રૂ. ૦-૧૨-૦
૯.	ગુજરાતનો આર્વાચીન ઈતિહાસ.	રૂ. ૧-૦-૦
૧૦.	ગુન્હા કરનારી ભટકતી જાતો.	રૂ. ૦-૧૨-૦
૧૧.	પૂર્વ તરફના દેશોનો પ્રાચીન સુધારો.	રૂ. ૦-૧૦-૦
૧૨.	પ્રાન્તિક શબ્દ સંગ્રહ.	રૂ. ૦-૪-૦
૧૩.	પોલિસ પ્રશ્નોત્તરી.	રૂ. ૦-૪-૦
૧૪.	પોલિસ ડ્રીલ.	રૂ. ૦-૬-૦
૧૫.	પોલિસ કામની વાતો.	રૂ. ૦-૧૦-૦
૧૬.	સીટી પોલિસ મેન્યુઅલ.	રૂ. ૧-૦-૦

નીતિશાસ્ત્રનાં મૂળતત્વ.

ભાગ ૨ જો.

૧. મનુષ્યજાતરૂપી કુટુંબ.

૧. તમે કદાચ એમ ધારશો કે જન્મથી તે મરણ સુધી આપણે ઘરમાંજ રહેવાનું હોય અને આપણાં સર્વ કર્તવ્ય, આપણાં સગાંવહાલાંની સાથે ઘરમાં રહીને કરવાનાં હોય તો આ દુનિયામાં રહેવાનું આપણને ઘણું મઝાનું લાગે; પણ એવી સ્થિતિમાં રહેવું આપણામાંના કોઈને ઘણો વખત ગમે નહીં. જે માણસોને માટે આપણે કાળજી રાખીએ છીએ તથા જે પદાર્થોથી આપણને સુખ મળે છે તે માણસો તથા પદાર્થો આપણા ઘરની ચાર ભીંતોની વચ્ચમાં ભરી રાખ્યાં હોય તોપણ વખત જતાં આપણને આપણું ઘર એક કેદખાના જેવું લાગે તેનું કારણ એવું છે કે મા, બાપ, ભાઈઓ અને બહેનો એટલાનું જે કુટુંબ થાય છે તે એકલુંજ આપણું કુટુંબ નથી. પરંતુ આખી મનુષ્યજાતરૂપી આપણું એક બીજું મોટું કુટુંબ પણ છે. આ મનુષ્યજાતરૂપી મોટાં કુટુંબનાં માણસો સાથે આપણો કેવો સંબંધ છે તેનો હવે આપણે વિચાર કરીશું.

૨. આપણામાંના ઘણાને પડોશી, મિત્રો, સગાં અને ઓળખીતાં માણસો હોય છે તેમને ઘેર જ્યારે મરજીમાં આવે ત્યારે જવાની આપણને છૂટ હોય છે અને તેમનાં સુખ દુઃખને માટે આપણે આપણાં સુખદુઃખના જેટલીજ કાળજી રાખીએ છીએ. જે માણસો આપણાથી સેંકડો ગાઉ દૂર હોય છે, તેમના તરફથી આપણને હંમેશ ટપાલમાં કાગળ મળે છે; અને આપણી પાસે રહેનારા માણસની પેઠે આપણા મનમાંથી તે કદી વિસારે પડતાં નથી. જો કે આપણે ઘરમાંજ રહેતા હોઈએ અને આપણા દેશ કે ગામ બહાર કદી જતા ન હોઇએ તોપણ આપણું મન, આપણે કદી જોઈ ન હોય એવી જગાઓમાં રહેતાં મનુષ્યો સાથે નિકટ સંબંધ ધરાવતું હોય છે.

૩. જેમનાપર આપણી પ્રીતિ હોય છે તે ગમે તેટલે છેટે હોય તોપણ તેમના તરફ દોડી જતાં આપણા વિચારને વાર લાગતી નથી. આપણા ઘરથી આપણે ગમે તેટલે છેટે હોઈએ તોપણ જ્યારે આપણા ઘર વિષે આપણા મનમાં વિચાર આવે છે ત્યારે જાણે ઘરમાંજ હોઇએ એમ લાગે છે.

૪. આ દુનિયામાં આપણી સ્થિતિ એવી છે કે માણસે એક બીજાની કાળજી રાખી એક બીજાને માટે શ્રમ કરવો જોઈએ. ઉદાહરણ તરીકે, જે અન્ન આપણે દરરોજ ખાઈએ છીએ તે ક્યાંથી આવે છે, તેનો વિચાર કરો. આપણે માટે એ અન્ન તૈયાર ક

રવાને દુનિયામાં હજારો લોકો કામ કરે છે. થાળીમાં લોટ પલાળી તેનો રોટલો કરી તવા ઉપર શેકયો એટલે થયું એમ કંઈ નથી. લોટ થાળીમાં આવે તે પહેલાં તેપર હજારો લોકોને કામ કરવું પડે છે. પહેલાંતો ખેડુત જમીનમાં અનાજ વાવે છે; પરંતુ હળ તથા ખેતી કરવાનાં બીજાં હથીઆર માટે તેને સુતાર તથા લુહારની જરૂર પડે છે, સુતારને લાકડાં તથા લુહારને લોઢું આણી આપવા માટે બીજા ઘણા જણને મહેનત કરવી પડે છે. અનાજ વાવ્યા પછી, તેને નીંદવા, કાપવા, લણવા, મસળવા અને ઘેર લઈ આવવા ઘણા જણને મહેનત કરવી પડે છે. આખરે અનાજ ઘેર આવ્યા પછી તેને દળવું પડે છે અને ત્યાર પછી એ લોટ થાળીમાં લઈ તેનો રોટલો થાય છે. દળવાનું કામ કરનારી ઘંટી તૈયાર કરવાને ઘણા જણને મહેનત કરવી પડે છે. લોટ પલાળવાને થ.ળી જોઈએ તથા રોટલો શેકવાને તવો જોઈએ તે પણ ઘણા જણ મહેનત કરે ત્યારે થાય છે. આ પ્રમાણે વિચાર કરતાં આપણને જણાય છે કે એકલો રોટલો મેળવવાને આપને ઘણા જણની જરૂર પડે છે. પણ એતો રોટલાને માટે થયું. એજ પ્રમાણે આપણને બીજી જે જે ચીજોની જરૂર પડે છે, તેને માટે પણ સમજી લેવું.

૫. કદાચ તમે એમ કહેશો કે આપણો રોટલો પૂરો પાડવાને આટલા બધા જણે મહેનત કરવાની શી જરૂર છે? આપણે પોતેજ શા માટે અનાજ વાવી

શકીએ નહીં ? અને અનાજ તૈયાર કરી તેને દળી રોટલો કેમ ન કરી શકીએ ? જો દેશમાં ખાનારા થોડાજ હોય તો કદાચ કેટલાક જણ પોતાને માટે જોઈતું અનાજ પોતે તૈયાર કરી શકે. પરંતુ લાખો કરોડો જણને અનાજની જરૂર પડે છે; વળી તે થોડા ખર્ચમાં અને થોડી મહેનતે તેમને મળવું જોઇએ. દરેક જણ પોતાને માટે અનાજ પકવે તો અનાજ પકવવામાં જે ખર્ચ થાય તેના કરતાં જૂદા જૂદા માણસો જૂદા જૂદા ધંધા વહેંચી લઈ કામ કરે તો તેથી થોડું થાય છે.

૬. માત્ર આપણા રોટલા માટે આટલા બધા જણને શ્રમ કરવો પડે છે, તો પકવાનમાં તથા ચહામાં જે ખાંડ વપરાય છે, તેને માટે કેટલા બધા જણને શ્રમ કરવો પડતો હશે ? આપણે તો ગાંધીને ત્યાંથી ખાંડ લાવીએ છીએ પણ તે ગાંધીને ત્યાં કંઈ તૈયાર થતી નથી. કોઈએ શેરડી વાવી હશે, તેને કોલામાં પીલી રસ કાઢયો હશે. રસને ઉકાળ્યો હશે, અને બીજી ઘણી ક્રિયાઓ કરી હશે, ત્યારે ઉજળી દૂધ જેવી ખાંડ બની હશે. વળી તે તૈયાર થયા પછી ગાંધીને ત્યાં લાવવાને ઘણી હોડીઓ તથા ગાડાં કામે લગાડવાં પડયાં હશે. એજ પ્રમાણે ખાવાની તથા પહેરવાની બીજી જે જે વસ્તુઓની આપણને જરૂર પડે છે, તેને માટે પણ સમજી લેવું. આપણા દેશના તથા પરદેશના આપણા જાતિભાઇઓ તરફથી ઉપયોગી ચીજો પૂરી પાડવામાં આપણને જે સં-

હાય મળે છે, તે જો બંધ થાય તો આપણી સ્થિતિ નાગાં ભીલડાં કરતાં પણ માઠી થાય.

૭. આપણા સુખને માટે તથા સોઈને માટે આપણે ઘણી ચીજો દૂરથી લાવવી પડે છે. અને એવા દૂર દેશોમાં રહેતા લોકો અને આપણે એક બીજાની દરકાર રાખીએ છીએ, તેથી એક બીજાને સહાય કરવા, એક બીજાને મળવા અને એક બીજાની ખબર અંતર પૂછવા, ઘણી સવડો કરવામાં આવી છે. રસ્તા, વહાણ. સ્ટીમરો, આગગાડી, તાર વગેરે તૈયાર થયાં છે, તેથી આપણે જ્યાં જવું હોય ત્યાં જઈ શકીએ છીએ; અને આપણો માલ, આપણા કાગળપત્ર, સંદેશા, પુસ્તકો, વર્તમાનપત્રો વગેરે જ્યાં જોઇએ ત્યાં મોકલી શકીએ છીએ; હાલ આપણી સ્થિતિ એવી છે કે ગમે તેટલું છેટું હોય તોપણ એક બીજાને મળવાને અને એક બીજા સાથે હળી મળીને આપણાં સર્વ કામ કરવાને કંઈ હરકત પડતી નથી.

પ્રશ્ન:—૧. આપણું બધાનું કયું મોટું કુટુંબ છે? ૨. આ કુટુંબનાં માણસો સાથે આપણો સંબંધ કેવો છે? ૩. કઇ બાબતને અન્તરથી અડચણ આવતી નથી? ૪. માણસે એક બીજાને માટે કાળજી શા માટે રાખવી જોઇએ? રોટલાના સંબંધમાં આ ખરૂં છે એમ બતાવી આપો. ૫. આ પ્રમાણે અન્ન તૈયાર કરાવવામાં શો ફાયદો છે? ૬. ખાંડ બનાવવામાં કેટલો શ્રમ લેવો પડે છે તે બતાવો. આપણા જાતિભાઈઓ તરફથી આવી સહાય ન મળતી હોય તો આપ-

ણી સ્થિતિ કેવી થાય? ૭ દૂર દેશોમાં રહેતા લોકોને એક બીજાપર આધાર રાખવો પડતો હોવાથી શું કરવામાં આવ્યું છે?

---

૨. મનુષ્યજાતરૂપી કુટુંબ—ચાલુ.

૧. વાદળાં વગરના એકાદ ઉઘાડવાળા દિવસે તમે બલૂનમાં બેશી ઉંચે ચઢો, અને ઉંચેથી આપણા હિંદુસ્તાન દેશ તરફ નીચી નજર કરો, અને નીચે જે બધુ ચાલતું હોય તે જોઇ શકો તો, તમને લાખો જણ આમ તેમ જતા માલમ પડશે; તેમાંના કેટલાક વહાણ કે હોડીમાં બેશીને જતા હશે; કેટલાક આગગાડીમાં બેશીને જતા હશે; કેટલાક ગાડીમાં કે ઘોડાપર બેશીને જતા હશે અને કેટલાક પગે ચાલતા હશે; જેમ કીડીઓનાં ટોળે ટોળાં આમ તેમ દોડતાં માલમ પડે છે, તેમ લોકો ઝપાટામાં આમ તેમ ચાલ્યા જતા તમને માલમ પડશે.

૨. આ બધા લોકો ક્યાં જાય એની તમે તપાસ કરો તો તમને માલમ પડશે કે કેટલાક પોતાનાં સગાં સાગવાં અને મિત્રોને મળવા જાય છે; કેટલાક પોતાને ઘેર જાય છે; અને કેટલાક ખેતરમાં મીલમાં, કારખાનામાં કે ઓફીસમાં કામ કરવાને જાય છે. આ પ્રમાણે બધાં જ્યાં પોતાને પ્રીતિ, કામકાજ, અને જરૂર હોય ત્યાં જાય છે.

૩. પેલી આગગાડીમાં માણસો શિવાય બીજું શું લઇ જવામાં આવે છે? તેમાં દરરોજ લાખો કા-

ગળો લઈ જવામાં આવે છે; કોઈ દૂરના સંબંધી તરફથી આવેલો કાગળ લઈને, જ્યાં ટપાલવાળો કોઈ દહાડો ન જતો હોય એવું ઘર નાનામાં નાના ગામડામાં પણ તમને માલમ પડશે નહીં.

૪. જો એ બધા કાગળ ફોડી તમે વાંચી શકો તો તમને માલમ પડે કે તેમાંના કેટલાકમાં કુશળ સમાચાર પૂછ્યા છે; કેટલાકમાં માહિતી કે બાતમી પૂછાવેલી છે; કેટલાકમાં માહિતી આપેલી છે; કેટલાકમાં માત્ર વેપાર સંબંધી લખેલું છે; કેટલાકમાં કોઈ જાતની મદદ માગેલી છે; અને કેટલાકમાં મદદ આપવાનું લખ્યું છે. આ પ્રમાણે બલૂનમાં બેશી ઉંચે ચઢી જોવાથી તમને માલમ પડશે કે લોકોમાં કેવી હીલચાલ થયા કરે છે અને આપણે બધા પ્રીતિ અને ગરજના અદૃશ્ય બંધનથી કેવા બંધાયા છીએ. જે પ્રમાણે આપણા દેશના જૂદા જૂદા ભાગ અને જૂદાં જૂદાં ગામ. આગગાડી રસ્તા, અથવા જળ માર્ગથી જોડાયાં છે તે પ્રમાણે દેશોદેશ એક બીજા સાથે જોડાયા છે અને એક બીજા સાથે વ્યવહાર રાખે છે. આ સંબંધથી દેશોદેશના આચાર વિચારમાં ફેરફાર થતો જાય છે અને દુનિયામાં સુધારો વધતો જાય છે. જેમ આપણા શરીરમાં લોહી રાત દિવસ ફરે છે તેમ આ ફેરફાર થવાનું કામ રાત દહાડો ચાલ્યા કરે છે.

૫. આ પ્રમાણે દેશોદેશને એક બીજા સાથે નિકટનો સંબંધ છે, તેથી એક ઠેકાણે કંઈ સારૂં કે

મારું બને તેની અસર બીજે ઠેકાણે થાય છે, એ તમારા સમજવામાં આવ્યું હશે. એક જગાએ કંઈ નવી ઉપયોગી શોધ થાય એટલે તેનો ફાયદો આખી દુનિયાને મળે છે; એક દેશના લોક ઉદ્યોગી, પ્રમાણિક અને હળીમળીને ચાલનારા હોય, તો પોતાના આ ગુણથી બીજા દેશના લોકોને યોગ્ય રીતે ચાલવાના કામમાં તેઓ મદદ કરે છે. માત્ર એકજ માણસના સારા સ્વભાવની અસર દૂર દૂરના દેશોમાં થાય છે, તો ઘણા માણસો સારા હોય તો કેટલી બધી અસર થાય!

૬. વળી તમારા સમજવામાં એ વાત પણ આવી હશે કે દુનિયાનો સર્વ વ્યવહાર અને સંબંધ ચાલતો રહેવાને દુનિયાના બધા લોકોએ અરસપરસ મમતા રાખી એક બીજાને મદદ કરવી જોઇએ; તેઓએ પોતાનું બોલેલું પાળવું જોઇએ અને જે તે કામ કહેલે વખત કરી આપવું જોઇએ. ટપાલ માર્ગે મોકલેલા વહાલ ભરેલા પત્રનો વહાલ ભરેલો ઉત્તર ન આવે તો ઘણા જણના મનમાં દુઃખ લાગે; મારૂં અમુક કામ કરો અથવા મારે માટે અમુક માહિતી મોકલો, એવા મચકુરના પત્રો મોકલવામાં આવે, તેનો ઉત્તર ન આવે તો ઘણાજણ નિરાશ થાય; ઈમાનદારીથી તથા જે તે વખતે કામ કરનાર લોક ન મળવાના કારણથી જો રેલ રસ્તાપર આગગાડી ચાલવાનું તથા સમુદ્રમાં આગબોટ ચલાવવાનું કામ બંધ કરવું પડે

તો વેપારધંધો બંધ પડી જાય અને બધાને પોતાના વખત, માલમત્તા અને સુખમાં ઘણું નુકસાન સોસવું પડે.

૭. ઘણો વરસાદ પડે તો આગગાડી ચલાવવાનું કદાચ બંધ કરવું પડે, અથવા સમુદ્રમાં તોફાન થયું હોય ત્યારે આગબોટ કદાચ બુડી જાય, પરંતુ લોકોને એક બીજા માટે લાગણી ન હોય, અને એક બીજાને માટે તેઓ પ્રમાણિકપણે અને વખતસર કામ કરે નહીં, તો તેથી કરીને વરસાદ અને દરિયાઈ તોફાન કરતાં લોકોના કલ્યાણને અને અરસપરસના સંબંધને વધારે નુકસાન થાય.

૮. આપરથી તમારા લક્ષમાં આવ્યું હશે કે આ દુનિયામાં આપણે માત્ર આપણી જાતને માટે અથવા આપણા ઘરના કુટુંબીઓ તથા મિત્રોને માટે છીએ એમ કંઈ નથી; એથી મોટું કુટુંબ, મનુષ્ય જાતરૂપી કુટુંબ પણ આપણુંજ છે. આ મોટા કુટુંબનો દરેક માણસ નીતિના નિયમ પ્રમાણે ચાલે એટલે કે જે નિયમો ખરૂં શું છે તે આપણને સમજાવે છે અને ખરૂં હોય તે આપણી પાસે કરાવે છે. તે નિયમો પ્રમાણે ચાલે તો બધાંને કેવો લાભ થાય છે તે હવેનાં પ્રકરણોમાં અમે બતાવીશું,

પ્રશ્ન:—૧. બલૂનમાં બેશી ઉંચે ચઢીએ અને નીચે જોઈએ તો આપણા દેશમાં આપણને શું દેખાય? ૨ લોકો આ પ્રમાણે ક્યાં જતા હોય છે? ૩. આગગાડીમાં માણસ સિવાય બીજું શું લઈ જવામાં આવે છે? ૪. એ કાગળો

વાંચવાથી આપણને શું માલમ પડે? ૫. જે પ્રમાણે આપણા દેશની અંદર થાય છે તે પ્રમાણે બધી દુનિયામાં શું થાય છે? ૬. આ સંબંધનું પરિણામ શું થાય છે? ૭. આ સંબંધ ચાલતો રહેવાને શું કરવું જોઇએ? શું થાય તો વેપાર ધંધો બંધ પડી જાય? ૮. માણસને એક બીજાનો વિશ્વાસ ન આવે તો શું થાય? ૯. માણસનું મોટું કુટુંબ કયું? તેના લાભને માટે માણસે શું કરવું જોઇએ?

---

૩. સામાજિક કર્ત્તવ્ય.

૧. જે ઘરનાં બધાં માણસ પોતપોતાનું કર્ત્તવ્ય કરતાં હોય છે અને એક બીજાં સાથે પ્રીતિથી વર્ત્તતાં હોય છે, તે ઘર અત્યંત સુખી હોય છે. જગતરૂપી મોટા કુટુંબના સંબંધમાં પણ એજ પ્રમાણે છે. પરંતુ આપણાથી આખી મનુષ્યજાત ઉપર પ્રીતિ રાખી શકાય? ના. જે મનુષ્યો હમેશ આપણી પાસે રહેતાં હોય છે અને જે આપણને વહાલાં પણ હોય છે, તેમનાપર આપણે જે પ્રમાણે પ્રીતિ રાખીએ છીએ તે પ્રમાણે આપણાથી આખી મનુષ્યજાત ઉપર પ્રીતિ રાખી શકાય નહીં. પરંતુ આખી મનુષ્યજાત ઉપર આપણે સદ્‌ભાવ અને સારી લાગણી રાખી શકીએ. કોઇ દેશમાં દુકાળ પડે તો ત્યાંના વતનીઓને મદદ કરવાને અનાજ અને પૈસા મોકલી આપણાથી બનતું આપણે કરીએ છીએ. તેજ પ્રમાણે કોઇ દેશમાં આગથી અથવા રેલથી

૬૭૦૯

ઘણું નુકશાન થયું હોય તો, ત્યાંના અનાથ લોકોને મદદ કરવા આપણે પૈસા મોકલીએ છીએ. કોઈ ઘાયલ થયું હોય તો તેને આપણાથી બનતી મદદ આપણે કરીએ છીએ; અને એજ પ્રમાણે ગરીબ લોકોને આપણે અનેક પ્રકારે મદદ કરીએ છીએ.

૨. આથી પણ વધારે મહત્વનાં કામ આપણે કરીએ છીએ. આખી દુનિયા ઉપર ઉદ્યોગ, ધંધા, વ્યાપાર, વિદ્યા વગેરે જે જે બાબતોથી બધા લોકોનું ભલું થાય, તેનો વધારો કરવાને આપણે યત્ન કરીએ છીએ; અને આ પ્રમાણે આપણા જાતિભાઇઓ સાથે કંઇ પણ ઓળખાણ ન છતાં પણ આપણે ભ્રાતૃભાવથી વર્તિ તેમના પ્રત્યે આપણી લાગણી બતાવી આપીએ છીએ. જે વૃત્તિઓ અને જે કર્ત્તવ્યોને લીધે આપણો બધાનો અરસ્પરસ સંબંધ જોડાઇ આપણે એક આખી સમાજ બનીએ છીએ, તે વૃત્તિઓ અને કર્ત્તવ્યો **સામાજિક વૃત્તિઓ** અને **સામાજિક કર્ત્તવ્યો** કહેવાય છે. જે લોકો સરખી ગરજ અને સરખા હિત સંબંધથી જોડાઈ એકત્ર થયા હોય છે તે લોકના સમૂહને **સમાજ** નામ આપેલું છે. સમાજ એ શબ્દ તેના અત્યંત વ્યાપક અર્થમાં લઈએ તો તેમાં આખી મનુષ્ય જાતનો સમાવેશ થાય છે. તેમાં, આપણાં બધાં સગાં, આપણા બધા મિત્ર અને સોબતી, આપણા દેશી ભાઇઓ, અને આખી દુનિયાના જે લોકોની માનસિક શક્તિ, વૃત્તિ, અને જરૂરિયાત આપણા સરખી હો-

ય છે તે સર્વ લોક આવી જાય છે. સામાજિક હોવું, એટલે દરેક જણ સાથે મિત્રાચારીની લાગણી રાખવી, એકલા રહેવાના કરતાં બીજાઓના સમાગમમાં રહેવાનું વધારે પસંદ કરવું, બીજાઓને મદદ કરવા ઇચ્છવું, તેમની સાથે કામ કરવું અને બધાને આપણાથી બની શકે તેટલા સુખી કરવા, એ છે.

૩. બાળપણમાં જે વૃત્તિઓ રાખવાથી અથવા જે કર્ત્તવ્યો કરવાથી આપણે આપણા ઘરમાં સુખી થતા અને ઘરનાં માણસોને ઉપયોગી થતા તેજ વૃત્તિઓ રાખીને તથા તેજ કર્ત્તવ્યો કરીને, જન સમાજ રૂપી સંપૂર્ણ દુનિયામાં આપણે શી રીતે સુખી થઇએ, અને બીજા લોકોને શી રીતે ઉપયોગી થઈએ. તેનો હવે વિચાર કરીએ.

અમે પ્રથમ કહી ગયા છીએ કે કંઈ પણ ઉદ્યોગ કરવો અથવા કંઈ પણ ઉપયોગી કામ કરવાની ટેવ રાખવી, એ ઘણી સારી ટેવ છે. દુનિયામાં દરેક માણસને કંઇપણ કામ કરવાનું હોય છે. તેટલા માટે આપણી આખી જીંદગી ઉદ્યોગી થવું, અને જે કામથી આપણને પોતાને તેમજ બીજાઓને ફાયદો થાય, તે કર્યા કરવું, એ ચહાવા લાયક છે.

૪. પ્રખ્યાત અંગ્રેજી ગ્રંથકાર દાકતર જૉન્સન*

---

*દાક્તર જૉન્સન. લીચફીલ્ડમાં ઈ. સ. ૧૭૦૯ માં જન્મ્યો તેનું મરણ ઇ. સ. ૧૭૮૪ માં થયું. તેણે અંગ્રેજી ભાષાનો કોષ બનાવેલો છે; અને ઈંગ્લાંડના પ્રખ્યાત કવિઓનાં ચરિત્ર લખ્યાં છે.

એમ કહે છે, કે "આળસથી બધા સદ્ગુણનો નાશ થાય છે અને માણસ પોતાની ઘોર પોતે તૈયાર કરે છે." પણ આ દુનિયામાં દરેક માણસને આ જીવન્ત મૃત્યુ ટાળવાનો અને જોઈએ તેટલું કામ મળવાનો સંભવ છે? હા, છે. આપણને એટલી બધી જુદી જુદી તરેહની ચીજોની જરૂર પડે છે કે તે ચીજો મેળવવાને સતત મહેનત કરીએ તોપણ તે પૂરી પડતી નથી.

૫. મનુષ્ય સિવાયનાં બીજાં પ્રાણીને ઘણી થોડી ચીજોની જરૂર પડે છે અને તેમની બુદ્ધિ પણ થોડી હોય છે; તેઓ તેનું તે કામ ફરી ફરી કર્યા કરે છે, અને જો કે તેઓ પોતાનું કામ ઘણી ઉત્તમ રીતે કરે છે, તોપણ કંઈ નવું કામ શોધી કાઢતાં નથી અથવા જૂના કામમાં કંઇ ફેરફાર કે સુધારો કરી શકતાં નથી. શિયાળ હજારો વર્ષ પર જેવી બોડ ખોદતું હતું, તેવી આજ સુધી ખોદે છે; હજારો વર્ષપર પક્ષીઓ જેવા માળા બાંધતાં હતાં, તેવા આજ સુધી બાંધે છે; કરોળીઆ જેવી જાળ ગુંથતા હતા તેવી આજ સુધી ગુંથે છે; અને કીડીઓ જેવાં દર બનાવતી હતી, તેવાં આજ પણ બનાવે છે. એ બધાંની કામ કરવાની પદ્ધતિમાં કંઈ ફેરફાર થયેલો નથી. પોતાને માટે તથા પોતાનાં બચ્ચાંને માટે તેમને ખોરાકની તથા રહેવાની જગાની જરૂર પડે છે. આ બે સિવાય તેમને બીજા કશાની જરૂર પડતી નથી. માટે તેમને કંઈ નવું કામ શીખવાની શી જરૂર છે?

૬. કેટલીક જાતનાં માણસ હજી જંગલી સ્થિ

તિમાં રહે છે; પશુ પક્ષીઓની પેઠે તે પણ કંઇ નવું કામ શીખતાં નથી. તેમને જંગલી લોકો એવું નામ આપેલું છે, કારણ કે તેઓ જંગલમાં રહે છે. આ દેશના પહાડી મુલકમાં તેમજ ઑસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને મલાયા દ્વિપકલ્પમાં એવા લોક માલુમ પડે છે. તેઓ બધા લગભગ એક સરખી રીતે રહે છે; તેઓ કદી એક ઠેકાણે ઘર કરી રહેતા નથી, શરીરપર લૂગડાં પહેરતાં નથી, અને ફળફળાદિ અને હરકોઇ જાતના પ્રાણીનું માંસ ખાય છે; જંગલમાં શીકાર કરવો અને આસપાસના પ્રદેશમાં લૂટફાટ કરવી, એ તેમનું મુખ્ય કામ છે.

૭. આ જંગલી લોકોએ પ્રાચીન કાળથી આજ સુધી કંઇ સુધારો કર્યો નથી, હજારો વર્ષપર તેમના પૂર્વજ જેવી રીતે રહેતા, તેવીજ રીતે તેઓ આજ સુધી રહે છે. તેનું એક કારણ એ છે કે જંગલી લોક જન્મથી આળસુ હોય છે. જમીન ખેડવી, એ તેમને એવું કઠણ કામ લાગે છે કે તેઓ જમીન ખેડતાજ નથી. તેથી કરીને તેમની પાસે પુષ્કળ જમીન છતાં તેમને ખાવા પૂરતા પણ દાણા મળતા નથી. જ્યારે ખાવાનું મળી આવે ત્યારે તેઓ ખાય છે. કોઈ કોઇ વાર તો કેટલાક દિવસ સુધી ખાધા વગર તેઓ ભૂખ્યા પડી રહે છે; અને પછી જ્યારે ખાવાનું મળે છે ત્યારે ઘરચી ઘરચીને ખૂબ ખાય છે.

૮. નિયમિત રીતે તેમને ખોરાક મળતો ન હો-

વાથી તેઓ શરીરે ઘણા દુબળા હોય છે; સુધરેલા લોકોના જેટલી તેમનામાં તાકાદ હોતી નથી; અને સુધરેલા લોકોની પેઠે તેમનાથી કામ પણ થતું નથી. જે કામ મહેનતનું હોય છે તે તેઓ પોતાની સ્રીઓ પાસે કરાવે છે. તેઓ કદી કામ કરે છે તો જે હલકું હોય તે કરે છે અને તેપણ પોતાની મરજી પ્રમાણે ધીરે ધીરે કરે છે. એક તીર તૈયાર કરવું હોય તો તેઓ એક મહિનો લગાડે છે, લાકડું કોચી પ્યાલો બનાવવો હોય તો એક વર્ષ લગાડે છે અને પથ્થરમાં કાણું કોચવું હોય તો વર્ષનાં વર્ષ લગાડે છે.

૯. જંગલી લોકની સ્થિતિમાં સુધારો થતો નથી, તેનું આળસ સિવાય એક બીજું પણ કારણ છે. તેઓ એક બીજાના સહવાસમાં રહેતા નથી. પોતાના સિવાય બીજા કોઈની તેઓ કાળજી રાખતા નથી. મલાયા દ્વીપકલ્પના જંગલી લોકો માટે એવું કહેવાય છે કે તેમાંનો દરેક જણ એવી રીતે રહે છે કે જાણે તેના સિવાય દુનિયામાં બીજું કોઈ હોયજ નહીં. તેજ પ્રમાણે બોર્નિઓ બેટમાં રહેતા જંગલીઓને માટે એવું કહેવાય છે કે તેઓ કદી એક બીજાની સાથે રહેતા નથી; તેમનાં છોકરાં પોતાનો ખોરાક પોતે પેદા કરવાને લાયક થાય એટલે પશુપક્ષીઓની પેઠે લાગલાંજ જુદાં રહે છે અને પછી પોતાનાં માબાપની કશી કાળજી રાખતાં નથી. જંગલી લોકો એકત્ર થઈ કામ કરતા નથી તેથી દરેકને પો

તાનું ઝુંપડું પોતે બાંધવું પડે છે, પોતાનો ખોરાક પોતે શોધી લાવવો પડે છે, અને ક્રૂર પ્રાણીઓથી પોતાનો બચાવ પોતે કરવો પડે છે. તેમના અંગમાં થોડી તાકાદ હોવાના કારણથી પોતે જીવતા રહી શકે તે કરતાં વધારે કામ તેમનાથી થઈ શકતું નથી. તેમનું જંગલી મકાન અથવા તેમનાં જંગલી કપડાં અને હથીયાર સુધારવાનાં તેમની પાસે કંઇ સાધન હોતાં નથી.

૧૦. "સબ બંદરકા વેપારી ભૂખે મરે" એ કહેવત તમને યાદ હશે. કોઈ બાબતમાં આપણે પૂર્ણ લક્ષ આપ્યા વગર નિપૂણ નિવડીએ નહીં. દરેક માણસને પોતાનો સુતાર, દરજી, કડીયો, અને લુહાર પોતે થવાની જરૂર પડે તો એમાંથી એકે ધંધામાં કુશળ થવા જેટલો તેને વખત મળે નહીં. જંગલી લોકોની રહેણીકરણી કરતાં સુધરેલા લોકોની રહેણીકરણીમાં એ મોટો ફેર છે કે સુધરેલા લોકોમાં મહેનતના વિભાગ પડેલા હોયછે; એટલે કે સુતાર, દરજી, કડીઆ લુહાર વગેરેના ધંધા લોકોએ વહેંચી લીધેલા હોય છે.

૧૧. દરેક માણસે પોતાનાથી બનતું કરીને પોતાનો ધંધો ઉત્તમ પ્રકારે કરતાં શીખવું એ તેના લાભની વાત છે, કારણ કે તેના ધંધામાં તેને જેમ જેમ વધારે પ્રવીણતા મળતી જશે તેમ તેમ તેને વધારે પૈસા મળશે. વળી કામ સારૂ થાય અને માલ

સારો અને સસ્તો બને, તેથી આખા દેશને પણ ફાયદો થાય છે. મહેનતના વિભાગ સિવાય વિત્તસંપાદન અને અદલાબદલી એ બેથી પણ આપણને આગળ વધવામાં અને સુધારો કરવામાં મદદ મળેલી છે. એ બંનેનો વિચાર હવે પછીના પ્રકરણમાં કરવામાં આવશે.

પ્રશ્નઃ—૧. દુનિયામાં ઘણું સુખ ક્યાં હોય છે? આખા મનુષ્ય વર્ગપર આપણે કેવી રીતે પ્રીતિ રાખી શકીએ? આપણે એ પ્રીતિ શી રીતે બતાવીએ છીએ? ૨. આપણા જાતિભાઈઓને માટે આપણી લાગણી આપણે બીજી શી રીતે બતાવીએ છીએ? સામાજિક કર્ત્તવ્યો અને સામાજિક વૃત્તિઓ એટલે શું? સમાજ શબ્દના અત્યંત વ્યાપક અર્થમાં શાનો સમાવેશ થાય છે? સામાજિક હેતુ એટલે શું? ૩. કઈ વૃત્તિઓ અને કર્ત્તવ્યોથી આપણે દુનિયામાં ઉપયોગી થઈ શકીએ? એમાં ઘણી સારી ટેવ કયી છે? ૪. દાક્તર જૉન્સન આળસને માટે શું કહે છે? દરેક માણસને પૂરતું કામ કાજ શી રીતે મળી શકે? ૫. માણસ સિવાયનાં બીજાં પ્રાણી પોતાનું કામ કેવી રીતે કરે છે? ૬. કયા લોકો પશુ પક્ષીના કરતા વધારે સારા નથી? ૭. આ જંગલી લોકોને તેમના બાપ દાદા સાથે સરખાવો. તેઓ જેવાને તેવા રહેવાનું કારણ શું? ૮. નિયમિત રીતે ખોરાક ન મળવાથી તેમના શરીરપર શી અસર થાય છે? કઠણ કામ તેઓ કોની પાસે કરાવે છે? ૯. જંગલી લોકોની સ્થિતિમાં સુધારો થતો નથી તેનું આળસ સિવાય બીજું શું કારણ છે? મલાયા દ્વીપકલ્પના જંગલીઓ વિષે શું કહેવાય છે? બોર્નિઓના જંગલીઓ વિષે શું કહેવાય છે? તેનું પરિણામ શું થાય છે?

૧૦. આપણા કામમાં આપણે ચઢિયાતા શી રીતે થઇ શકીએ ? કઈ કહેવતમાં એ પ્રમાણે કહેલું છે ? સુધરેલા અને જંગલી લોકોમાં કયી બાબતમાં મોટો ફેર છે ? મહેનતના વિભાગ એટલે શું ? ૧૧. પોતાનો ધંધો ઉત્તમ રીતે કરતાં શીખવું, એ માણસના લાભની વાત કેમ છે ? તેથી તેના દેશને શી રીતે ફાયદો થાય છે ? બીજી કઈ બે બાબતો મહેતન વિભાગની સાથે આવે છે ?

---

૪. સામાજિક જરૂરિયાત.

૧. આપણા જીવ અને આપણી માલમિલકતનું રક્ષણ ન થાય તો કોઇપણ જાતની સામાજિક સંસ્થા ચાલેજ નહીં. છેક જંગલી લોકોમાં પણ મિલકત ધારણ કરવાનો હક્ક હોય છે; અને તેના રક્ષણને માટે કાયદા હોય છે. ઑસ્ટ્રેલિયાના જંગલી લોકો જીવજંતુ, ફળ, કંદ વગેરે ખાઇને રહે છે તોપણ તેમનામાં પણ દરેકને પોતાની જમીન હોય છે, અને તે જમીનમાંથી પોતાનો ખોરાક તે મેળવે છે. જો એક માણસ બીજા માણસની જમીનમાં પ્રવેશ કરે, તો તેને સખત સજા કરવામાં આવે છે, તેનું કારણ એ છે કે આ જંગલી લોકોને પણ માલમ પડયું છે, કે પ્રત્યેક માણસને પોતાનો ખોરાક મેળવવા ગમે તે જગોપર જવાની છૂટ હોય તો, લોકોમાં હમેશ કજીયા અને મારામારી થાય, અને કોઈપણ સુખથી રહી શકે નહીં. તેટલા માટે દરેકને તેની જમીન સુ-

કરાર કરી આપવી, અને તેનો ઉપભોગ તેને એકલાને લેવા દેવો, એ સર્વના હિતની વાત છે, એમ તેમને માલમ પડ્યું છે.

૨. પરંતુ જ્યારે ખોરાક અને બીજા જરૂરિયાત પદાર્થો મેળવવાને ઘણા જણે એકઠા મળી કામ કરવાની જરૂર પડે ત્યારે તેમણે જમીન પંત્યાળી ગણવી જોઈએ; અને તેની પેદાશ વહેંચી લેવી જોઈએ. ગ્રીનલૅન્ડના લોક, મગરમચ્છ અને એવાં બીજાં પ્રાણી ખાઇને નિર્વાહ ચલાવે છે, પરંતુ આ પ્રાણી એવાં મોટાં હોય છે કે એક જણથી પકડી શકાય નહીં, તેથી એ લોકો આવાં પ્રાણી પકડવાને લાયકની જગાઓ જુદી જુદી જાતના લોકોને વહેંચી આપે છે. દરેક જાત એકત્ર થઈ પોતાના હિસ્સાની જગોમાં કામ કરે છે અને જે માછલાં પકડાય તે વહેંચી લે છે. અમેરિકાના ઇન્ડિયન લોકો જંગલમાં શીકાર કરી પોતાનું ગુજરાન ચલાવે છે, તે પણ આજ પ્રમાણે કરે છે; શીકાર કરવાની જગા તેઓ પંત્યાળી રાખે છે અને તેમાં શીકાર કરી શીકાર વહેંચી લે છે. આપણાં દેશમાં પણ પ્રાચીન વખતમાં આખા ગામના લોકો ભેગા મળી સીમની જમીનમાં ખેતી કરતા અને જે પાક થતો તે વહેંચી લેતા.

૩. સમાઇક ઉત્પન્નના બરોબર ભાગ પાડવામાં આવે અને બધાના લાભ માટે જે કાયદા કર્યા હોય તે પ્રમાણે બધા ચાલે, ત્યારેજ લોકોને સુખ અને શાન્તિ મળે, એમ આપરથી સમજવું સહેલું છે.

૪. જો જીદંગી અને મિલકતનું રક્ષણ થતું ન હોય તો માણસ વર્ગમાં કોઈ પ્રકારનો સુધારો થઈ શકે નહીં. સુધરેલા હોવું, એટલે વિદ્યાભૂષિત થઈ એકઠા રહેવું. પશુઓ અને ઘણા જંગલી લોકો કરે છે તેમ માત્ર ખાવું, પીવું અને ઉંઘવું નહીં, પણ સુઘડતાથી રહેવું, ઉપયોગી કામ કરવું, બુદ્ધિને કેળવવી અને જ્ઞાન, કળાકૌશલ્યા અને શાસ્ત્રથી દુનિયાના લોકોને વધારે સુખી અને વધારે સારા કરતા રહેવું એનું નામ સુધારો.

૫. પરંતુ માણસ શાંતતામાં રહી શકે, તેની મહેનતનું ફળ ભોગવી શકે, અને જે કંઈ તેનું હોય તે કોઈ છીનાવી લેવાની તેને ધાસ્તી રહે નહીં, એવા કાયદા અને એવી વ્યવસ્થા મનુષ્ય વર્ગમાં થાય નહીં, ત્યાંસુધી ઉપર પ્રમાણે થઈ શકે નહીં. જો કોઈ માણસ પોતાની મરજીમાં આવે ત્યારે આપણા ઘરમાં પેસી શકે અને આપણું જે હોય તે લઇ જતાં તેને અટકાવવાને કાયદા અથવા પોલિસ ન હોય, તો તમે એમ ધારો છો કે આપણા ઘરમાં દાણાદુણી, વાસણકુસણ ઢોબર ઢીંકર, પૈસોટકો કે લૂગડાંલત્તાં આપણે રાખી શકીએ ? આપણા માલનું રક્ષણ કરવાને આપણે કદાચ સામા થઇએ, તોપણ નબળાની ઉપર જબરો ફાવી જાય, અને તેનું જે હોય તે લૂંટી જાય; ભલા માણસને લુચ્ચા અને ખરાબ લોક છેતરે, અને તેનું જે હોય તે લઈ લે; અને આ પ્રમાણે થવાથી કોઈ માણસ પોતાની મિલકત પોતાની પાસે રાખી

શકે નહીં. પોતે બનાવેલી જણસ પોતાની પાસે રાખી શકવાનો લોકોને ભરોસો ન રહે, ત્યારે તો ઘડીઆળ, ચપ્પુ, ટોપી, છત્રી, જોડા, વાસણ, કે બીજી કોઈ પણ ચીજ તેઓ શું કરવા બનાવે? પરંતુ જે મારૂં છે તે મારી પાસે રહેશે—એટલે કે મારી મિલકત બીજા કોઈથી લઇ શકાશે નહીં—એવી લોકોને ખાત્રી પડે છે ત્યારે દેશમાં સર્વ પ્રકારની ચીજો બનાવવામાં આવે છે, વેપાર ધંધો વધે છે અને કળાકૌશલ્યનો વધારો થાય છે.

૯. મિલકત અને મહેનતના વિભાગથી માણસ વર્ગમાં વસ્તુઓની **અદલા બદલી** નામની એક ત્રીજી જરૂરિયાત બાબત ઉત્પન્ન થાય છે. જે ચીજો કોઇ માણસ બનાવતો હોય, તે ચીજો બીજાઓને આપી પોતાને જરૂરની બીજી ચીજો તે લઈ શકતો ન હોય તો પોતાના ખપ કરતાં વધારે ચીજો તે બનાવે નહીં. જો કંસારાને તેણે બનાવેલાં વાસણને બદલે, લૂગડાં, અનાજ, જોડા વગેરે પોતાને જોઇતી ચીજો ન મળતી હોય તો વાસણ બનાવી બનાવીને તે પોતાનું ઘર ભરી કાઢે નહીં. સુધરેલા દેશોમાં વસ્તુઓની અદલાબદલી નાણાથી થાય છે; એટલે કે ચીજો આપી પૈસા લેવામાં આવે છે; અને પૈસા વડે બીજી જરૂરની ચીજો ખરીદવામાં આવે છે. પરંતુ જે દેશોમાં નાણાનું ચલણ હોતું નથી તે દેશોમાં એક વસ્તુ આપી તેને બદલે બીજી વસ્તુ લેવામાં આવે છે.

આફ્રિકાના હબસી લોકો સાથે યુરોપિયન લોકોનો વેપાર ચાલે છે, તે આવીજ રીતે ચાલે છે. યુરોપિયનો કાચના મણકા, રૂમાલ, અને પોતાના દેશમાં બનાવેલી એવી બીજી જે ચીજો હબસી લોકોને પસંદ પડે તે તેમને આપે છે; અને તેને બદલે સોનાની રેતી, હાથીના દાંત, અને એવી બીજી કિમતી ચીજો લેછે.

૭. જે લોકો બુદ્ધિમાન્ અને ઉદ્યોગી હોય છે, તેમનામાં દરેક વાતનો સુધારો પહેલો થાય છે. હજારો નવા નવા હુન્નર શોધી કાઢી તેઓ દુનિયામાં પોતાની સ્થિતિ સુધારે છે. કુદરતના નિયમ તેઓ સમજી લેછે; અને તેને આધારે અનેક પ્રકારે પોતાનો ફાયદો કરે છે. જમીનમાં ખોદી તેઓ કોયલા અને ધાતુઓ કાઢે છે. માટી અને પથ્થરનાં તેઓ ઘર બનાવે છે, જંગલનાં લાકડાંનાં તેઓ વહાણ બાંધે છે; પશુઓને પાળીને તથા શીખવીને તેઓ કામ કરાવે છે; દેવતા, પાણી અને હવાને પોતાના તાબામાં લઈ તેમની પાસે મરજી પ્રમાણે ચાકરી કરાવે છે; અને આ પ્રમાણે કુદરતની મદદથી માણસ પોતાના ઉપયોગની વસ્તુઓ પેદા કરે છે.

૮. આપણા દેશમાં મહેનતની વહેંચણ કેવીરીતે કરવામાં આવી છે તે જોઇએ. દર વર્ષે સરકાર આખા દેશની વસ્તી ગણી જુએ છે. એ પ્રમાણે સન ૧૮૯૧ માં વસ્તી ગણી જોવામાં આવી, ત્યારે હિંદુસ્તાનની વસ્તી અઠાવીસ કરોડ ઉપરાંત થઇ હતી.

આ વસ્તીમાં કયા કયા મૂખ્ય ધંધા ચાલતા હતા, અને દરેકમાં કેટલાં માણુસ કામ કરતાં હતાં, એ નીચેના આંકડા ઉપરથી જણાશે:—

વૈદ્ય અને દાક્તરો.	૫૧૪૦૭૪
વકીલો અને બારિસ્ટરો.	૨૨૬૧૬૩
શિક્ષકો.	૪૮૬૪૯૭
ધર્મગુરૂઓ.	૫૬૭૨૧૯૧
ઇજનરો.	૯૪૨૭૦
ભરવાડ વગેરે જાનવર ઉછેરનાર....	૩૬૪૫૮૪૯
ખેડુત.	૧૭૧૭૩૫૩૯૦
હજામ.	૨૫૮૦૮૦૪
ધોબી.	૨૦૫૨૧૧૩
રસોયા.	૨૫૭૨૯૦
માછી.	૨૧૮૭૨૧૩
કણિયા.	૧૮૭૪૬૩૩
ભાડભુજા.	૭૯૫૧૭૭
ઘાંચી.	૧૯૯૫૮૦૧
કડીયા અને સલાટ.	૧૦૨૭૫૯૭
પુસ્તકો અને વર્તમાનપત્રો છાપનાર.	૯૪૨૭૭
માળી.	૯૯૦૦૧
કપડાં બનાવનાર.	૧૨૬૧૧૨૧૩
સોની અને જવેરી.	૩૮૨૧૪૩૩
કંસારા.	૪૦૫૬૦૦
લુહાર.	૧૪૮૬૮૬૦

કુંભારકામ કરનાર.	....	....૨૩૪૬૨૦૪
સુતાર.	....	....૨૩૩૪૦૪૮
વેપારી.	....	....૪૬૮૫૫૭૬

૧૦ આ બધા ધંધેદાર લોકોને પોતાનો ધંધો શીખવો પડે છે. વકીલ. વૈદ્ય વગેરે પ્રતિષ્ઠિત ધંધા ચલાવનારને નિશાળમાં કે ઘરમાં લેખન, વાંચન, ગણિત, ભૂગોળ, ઈતિહાસ, પદાર્થ વિજ્ઞાન વગેરે શીખ્યા પછી પોતાના ધંધાનું જ્ઞાન મેળવવાને કૉલેજ કે પાઠશાળામાં ઘણાં વર્ષ અભ્યાસ કરવો પડે છે. વેપારી, કારીગર, ખેડુત, મજુર, એ સર્વને પોતાનો ધંધો શીખવો પડે છે, અથવા શીખવાને ઉમેદવારી કરવી પડે છે. જેને પોતાની શકિત પ્રમાણે તથા આવડત પ્રમાણે ધંધો મળ્યો હોય અને જેને પોતાના ધંધાનું કામ કર્યા પછી પોતાને મન ગમતા કામમાં જીવ ઘાલવા ફુરસદ મળતી હોય, તેને સુખી સમજવો.

૧૧. તેટલા માટે જે ધંધો કરવાને બાળકો લાયક હોય, તે ધંધો તેમને શીખવવો એ સારૂ છે. જેને તાલ સુરનું ભાન હોય નહીં તેને ગવૈયાનો ધંધો શીખવવો, જેને બાંધકામની સમજ ન હોય, તેને સુતારનો ધંધો શીખવવો, જે રંગને ઓળખતો ન હોય, તેને ચિતારાનો ધંધો શીખવવો, જેને બોલતાં ન આવડતું હોય. તેને વકીલનો ધંધો શીખવવો. જેને વિદ્યાની અભિરૂચી ન હોય તેને શિક્ષકનો

ધંધો શીખવવો, જેનું શરીર નબળું હોય તેને યંત્ર ચલાવવાનો ધંધો શીખવવો, એ બધું ઘણું ભૂલભરેલું છે. પરંતુ આપણને જે ધંધો બહુજ ગમતો હોય તેજ ધંધો શીખવાનું આપણાથી હમેશ બની શકતું નથી; કંઈપણ કામ ન કરવા કરતાં જે કામ કરવાનું આપણે શીખ્યા હોઈએ તે કરવું એ સારૂં છે.

પ્રશ્નઃ—૧. સામાજિક સંસ્થા બંધાવાને કયી વાતની જરૂર પડે છે? ઑસ્ટ્રેલિયાના જંગલી લોકોને કેવી તરેહની મિલકત હોય છે? ૨. ગ્રીનલેન્ડના લોકોને કેવી તરેહની મિલકત હોય છે? અમેરિકાના ઈન્ડીયન લોકોને કેવી હોય છે? પ્રાચીન કાળમાં આપણા બાપદાદા શું કરતા? ૩. લોકોને સુખ અને શાન્તિ શાથી મળે? ૪. સુધરેલા હોવું એટલે શું? ૫. લોકો માલ બનાવે છે અને કળાકૌશલ્ય વધારે છે તેનું કારણ શું? કેવી સ્થિતિ હોય તો કોઈ કંઈ ચીજ બનાવે નહીં? ૬. વસ્તુઓની અદલાબદલીથી વસ્તુઓ વધારે કેમ બનાવવામાં આવે છે? સુધરેલા દેશમાં વસ્તુઓની અદલાબદલી શી રીતે કરવામાં આવે છે? જ્યાં નાણાનું ચલણ ન હોય ત્યાં શી રીતે કરવામાં આવે છે? ૭. બુદ્ધિમાન અને ઉદ્યોગી લોકો શું શોધી કાઢે છે? તેઓ શું કરે છે? ૮. સન ૧૮૮૧ માં હિંદુસ્તાનની વસ્તી કેટલી હતી? ૯. કયા કયા મુખ્ય ધંધા ચાલતા હતા? ૧૦. ધંધા કરતા પહેલાં દરેક જણને શું કરવું પડે છે? ૧૧. બાળકને કયો ધંધો શીખવવો જોઇએ?

૫. પ્રમાણિકપણાથી કામ કરવાની ટેવ.

૧. આપણા દેશમાં હજારો લોકો કામકાજમાં ગુંથાયા છે. તેમાંથી કેટલાક શેઠ હોય છે, એટલે કે તેમને પોતાને કામ કરવાનું હોય છે અને બીજાઓની પાસે કામ કરાવવાનું હોય છે. કામ કરવાને માટે જે સાધનો જોઈએ તથા પૈસા જોઇએ, તે તેઓ પૂરાં પાડે છે. શેઠના તાબામાં કામ કરનાર લોકોની સંખ્યા ઘણી હોય છે. તે લોકો કામ કરે છે તેના બદલામાં શેઠ તેમને પગાર અથવા રોજી આપે છે. આ શિવાય સ્વતંત્ર રીતે ધંધો કરનારા પણ ઘણા હોય છે. શેઠ અને તેના તાબામાં કામ કરનારા તથા સ્વતંત્ર રીતે ધંધો કરનારા, કામ કરવામાં ગમે તેવા ચાલાક હોય અને પોતાનું કામ ગમે તેટલું સારૂ કરી જાણતા હોય, તોપણ તેઓ જેવું જોઈએ તેવું કામ કરી શકે એટલા માટે તેમનામાં એક ગુણ હોવો અવશ્યનો છે. તે ગુણ **પ્રમાણિકપણું** છે.

૨. શેઠ કોઈ મજુરને અથવા નોકરને ચાકરીમાં રાખે છે, ત્યારે પહેલી વાત એ પૂછે છે કે "એ પ્રમાણિક છે? તેને મારો માલ સોંપવામાં કંઈ હરકત તો નથી? ઘણી મહેનત કરીને તથા ઘણા પૈસા ખર્ચીને મેં જે માલ અને દોલત મેળવી છે, તે એ ચોરી તો નહીં લે?" જે માણસ ચાકરી કરવા રહે છે તે પણ પોતાના મનમાં એમ પૂછે છે કે "અમારો શેઠ પ્રમાણિક છે કે નહીં? મારા કામ બદલ મને

તે વાજબી રોજી આપશે કે નહીં? એ મારી પાસે ફોગટમાં તો મહેનત નહીં કરાવે?"

૩. કોઈ વેપારીને ત્યાંથી કોઈ જણસ ખરીદ કરવી હોય તો તે ખરીદ કરનાર પૂછે છે કે "આ વેપારી પ્રમાણિક છે કે નહી? ને મને જે જણસ આપશે તે ખરા માપથી તથા ખરા તોલથી આપશે કે નહીં: જે નમુનો તે મને બતાવે છે, તે પ્રમાણે માલ આપશે કે નહીં?" વેપારી પોતાના મનમાં એવો વિચાર કરતો હોય છે કે "આ ઘરાક પ્રમાણિક છે? તે મારા માલના પૈસા વખતસર આપશે કે નહીં?"

૪. દરદી, અથવા જખમી થયેલો માણસ હમેશ એવો વિચાર કરે છે કે "મારો વૈદ્ય પોતાનું કામ પ્રમાણિકપણે કરશે? મારી યોગ્ય પરીક્ષા કરીને તથા મારા રોગ વિશે પોતાની ખાત્રી કરીને તે મને યોગ્ય ઓસડ આપશે કે નહીં?" વૈદ્ય પણ મનમાં એમ વિચાર કરે છે કે "આ માણસના રોગમાં ખરા અંતઃકરણથી મન ઘાલી હું દવા કરીશ અને તેનું દુઃખ મટાડીશ, તો તે મારા કસબના, મારા શ્રમના તથા મારા ઓસડના યોગ્ય પૈસા આપશે કે નહીં?"

૫. કોઈ માણસને એકાદ કજીયામાં વકીલ કરવો હોય તો તે એવો વકીલ શોધશે કે જે કજીઓ વગર કારણે કામ લંબાવી તેના પૈસા ખરાબ કરે નહીં એવો હોય. વકીલ, અસીલનું વકીલપત્ર લેતા પહે-

ત્યાં ખાત્રી કરી લે છે કે અસીલ ફીના પૈસા બરોબર આપે એવો છે કે નહીં?

૬. આ પ્રમાણે જે જે કામો લોકો એક બીજા સાથે અથવા એક બીજા માટે કરે છે, તે તે કામોમાં તેઓ જેટલે દરજ્જે પ્રમાણિકપણે ચાલે અને પોતાનું વચન પાળે તેટલે દરજ્જે કામ બરોબર થવાનો સંભવ રહે છે.

૭. સર સેમ્યુઅલ બેકર નામનો એક અંગ્રેજ ગૃહસ્થ, આફ્રિકા ખંડમાં ગુલામનો ધંધો બંધ કરવા માટે તથા ત્યાંના હબસી લોકોની સ્થિતિ સુધારવા માટે એ દેશમાં ગયો હતો. તેણે પ્રથમ તે લોકો પાસેથી હાથીદાંત લઈ તેના બદલામાં તેમને અંગ્રેજી બનાવટનો માલ આપી શરૂઆત કરી, અને વેપાર કેમ કરવો એ તેમને શીખવવા માંડયું. પરંતુ થોડા વખતમાં તેને એવો અનુભવ થયો કે એ લોકો એવા જૂઠા અને અપ્રમાણિક છે કે તેમની સાથે વેપાર કરી શકાય નહીં. પોતાનું બોલવું તેઓ કદી પાળતા નહોતા; તેમને જે માલ જોઇતો હોય, તે ખરીદ કરવાનાં કરતાં ચોરી લેવો, એ તેઓ વધારે પસંદ કરતા; જે પરદેશી લોકો તેમના દેશમાં આવતા, તેમની સાથે મિત્રાચારીથી વર્તવાને બદલે તેમને લૂંટી લેવા તથા મારી નાખવા, એ તેઓને વધારે ગમતું.

૮. આવા લોકોને તેમની દુઃખી અને અધમ

સ્થિતિમાંથી બહાર કાઢવા, એ અશક્ય હતું. તેઓ જંગલી સ્થિતિમાં હતા, અને જંગલી સ્થિતિમાં રહેવાને માગતા હતા. તોપણ તેઓ પૈકી થોડાક જણ મમતાળુ અને પ્રમાણિક હતા, તેમની સાથે વેપારનો સંબંધ રાખી શકાય તેમ હતું. પોતાના દેશમાં ઉત્પન્ન થતાં ફળ, હાથીદાંત અને ચામડાં અંગ્રેજ લોકોને આપી તેને બદલે તેમની પાસેથી અંગ્રેજી બનાવટની સુખ અને ચેનની વસ્તુઓ તેઓ લેતા. આથી કરીને તેમની સાથે થોડોક વેપાર ચાલી શકે તેમ હતું. ત્યાર બાદ અંગ્રેજ લોકોના સહવાસથી વેપારની બાબતોમાં તેમની સ્થિતિ સુધરતી ગઈ છે.

૯. પોતાના સુખની ઇચ્છા, અને માણુસ જાતતના સુખની ઇચ્છા, એ બેમાં ખરૂં જોતાં કંઇ ફેર નથી. કોઈ ઉપયોગી ધંધા કે રોજગારમાં જે માણસ પોતાનું કામ મહેનતથી અને પ્રમાણિકપણાથી કરે છે, તે માણુસ બે મોટાં સામાજિક કર્ત્તવ્ય કરે છે. તે પોતાનું અને પોતાના કુટુંબનું પોષણ કરે છે; અને જનસમાજનાં સુખ અને કલ્યાણમાં મદદ કરે છે. જે કૃત્યોથી માણુસ પોતાનું ઘણામાં ઘણું ભલું કરે છે તેજ કૃત્યોથી તે જનસમાજનું પણ ઘણામાં ઘણું ભલું કરે છે, એવી વ્યવસ્થા આ દુનિયામાં છે, એ કેવું સારૂં છે! મિતાહાર, સ્વચ્છતા વગેરેના નિયમોને અનુસરીને તથા આપણી શક્તિનો સતત

યોગ્ય ઉપયોગ કરીને આપણું શરીર તથા મન તનદુરસ્ત સ્થિતિમાં રાખવું, આપણી આસપાસના લોકો સાથે સ્નેહુથી વર્તવું અને દરરોજ મહેનત અને પ્રમાણિકપણાથી કામ કરવું, એમાં દરેક માણસનું ઘણામાં ઘણું હિત રહેલું છે.

૧૦. કોઈ ગામ કે દેશમાં લોકો ઉપર પ્રમાણે વર્તે એ ઘણું ઈચ્છવા લાયક છે. ખેતર, મીલ, ખાણ, દુકાન, કચેરી અને શાળા એ વગેરેમાં હાલ હજારો લોકો કામ કરે છે. પરંતુ તેમાંથી એક જણના મનમાં પણ પોતાનું કામ બરોબર રીતે કરતાં એમ નહીં આવતું હોય કે મારૂં કામ બરાબર રીતે કરવાથી હું મારા દેશનું ભલું કરૂં છું. તોપણ તેનું કામ બરાબર રીતે કરવાથી તે પોતાના દેશનું તથા આખી દુનિયાનું ભલું કરે છે, એમાં કંઈ શક નથી. આપરથી આપણને માલમ પડે છે કે આપણા પોતાના સંબંધનું કર્ત્તવ્ય કરવાથી આપણે મનુષ્યજાતરૂપી મોટા કુટુંબના સંબંધનું આપણું કર્ત્તવ્ય પણ કરીએ છીએ.

૧૧. દુનિયામાં એવા લોક પણ હોય છે કે જેમને ઘણી મહેનતનું કામ કરવું પડતું નથી; તેમનું કામ તેમના ઘર અને કુટુંબ પૂરતુંજ હોય છે. તો પણ તેમણે જે કામ કરવાનું હોય તે સારી રીતે કરવું જોઇએ. આપણું કામ સારી રીતે કરવાથી આપણે એક અથવા બીજી રીતે જનસમાજને ઉપયોગી થઈ પડીએ છીએ. જે મા પોતાનાં છોકરાં

બરાબર રીતે ઉછેરે છે, અને ઘરમાં તેને સુખી કરે છે, તેમા પોતાના આ કૃત્યથી જનસમાજનું ઘણું ભલું કરે છે; કારણ કે દેશમાં સુખી ઘર હોવાં અને તેમાં ભલાં અને ઉપયોગી કામ કરી શકે એવાં છોકરાં હોવાં, એ કરતાં બીજું શું વધારે સારૂં છે? સારી રીતે વર્તીને લોકોને ઉપયોગી થઈ પડતું અથવા પોતાની આસ પાસનાં કુતરાં, બિલાડાં, પશુ પક્ષી, જીવ જંતુ વગેરે પ્રત્યે પ્રીતિથી ચાલતું દરેક બાળક આ દુનિયાને વધારે સુખી અને વધારે આનંદી કરવાના કામમાં મદદ કરે છે એમ સમજવું.

પ્રશ્ન:—૧. દરેક કામ કરનારમાં કયો ગુણ હોવો જોઈએ? ૨. આ ગુણ માટે શેઠ અને નોકર કેવો વિચાર કરે છે તે જણાવો. ૩. વેપારી અને ઘરાક કેવો વિચાર કરે છે? ૪. દર્દી અને વૈદ્ય કેવો વિચાર કરે છે? ૫. વકીલ અને અસીલ કેવો વિચાર કરે છે? ૬. કામ કેટલે દરજ્જે સારૂં થવાનો સંભવ રહે છે? ૭. હબસી લોકોના સંબંધમાં સર સેમ્યુઅલ બેકરને શું માલમ પડયું હતું? તેમની સાથે વેપાર કેમ ન થઈ શકયો? ૮. કેટલાક હબસી કેવા હતા? તેથી શું થઈ શકયું? ૯. માણસનાં બે મોટાં કર્ત્તવ્ય કયાં છે? એ બે કર્ત્તવ્યો એક બીજા સાથે કેવો સંબંધ રાખે છે? ૧૦. મનમાં જાણ્યા વગર પણ ઘણા જણ પોતાના દેશનું ભલું શી રીતે કરે છે? ૧૧. આપણે જે કામ કરવાનું હોય તે કેવી રીતે કરવું જોઇએ? સારી રીતે કરેલા કામથી શું થાય છે? બાળકો પણ દુનિયાને વધારે સુખી અને વધારે આનંદી કરવામાં શી રીતે મદદ કરી શકે?

———

૬. જનસમાજ માટે આપણે શું કરવું જોઇએ ?

૧. તમે કદાચ એમ પૂછશો કે "જેમને આપણે સદ્ગૃહસ્થ કહીએ છીએ અને જેમને, આપણી પેઠે આખો દહાડો કામ કરવું પડે છે એવા માણસો કરતાં વધારે સુખી અને નસીબદાર સમજીએ છીએ, તેમને કંઇપણ કામ કરવાની કયાં જરૂર પડે છે? મોટા માણસોને પોતાને હાથે રાંધવું પડતું નથી, પોતાને હાથે વાસણ ઉટકવાં પડતાં નથી અને પોતાને હાથે ધોતીઆં ધોવાં પડતાં નથી. જે બેઠા બેઠા ખાય છે અને ચેન કરે છે તેમને તે શું કામ હોય?"

૨. આ પ્રશ્નનો ઉત્તર દેતા પહેલાં મારે તમને સમજાવવું જોઇએ કે ખરો સદ્ગૃહસ્થ કોને કહેવો. ખરેખરા સદ્ગૃહસ્થને જે કામ કરવાની જરૂર હોય, તે કરવામાં કદી શરમ આવતી નથી. જે માણસ માત્ર નામના મોટા હોય છે તે કદી કામ કરતા નથી. માણસ પોતાની રસોઈ પોતે કરે, પોતાનાં વાસણ પોતે ઉટકે, પોતાનાં ધોતીઆં પોતે ધૂવે, અને પોતાની પથારી પોતે કરે, તેથી કરીને તેની મોટપણને કંઇ બટ્ટો લાગતો નથી. જે માણસ બીજાઓની પાસે કામ કરાવે છે, અને બીજાઓને કોઇપણ રીતે ઉપયોગી ન થતાં બેઠો બેઠો ખાઈપીને ચેન કરે છે, તે માણસ ગમે તેવો પૈસાદાર હોય અથવા તેનો વૈભવ

ગમે તેટલો મોટો હોય તોપણ તેને માત્ર નામનો મોટો સમજવો.

૩. સુધરેલા દેશોમાં બધા ધંધા મહેનતના વિભાગથી ચાલતા હોવાથી દરેક માણસને પોતાની રસોઇ પોતે કરવી પડતી નથી અથવા પોતાનાં વાસણ પોતે ધોવાં પડતાં નથી, જે માણસ પાસે પૈસા હોય તે આ કામ પોતે ન કરતાં તે કરવાનો જેમનો ધંધો હોય તેમની પાસે કરાવે અને તેના બદલામાં તેમને પૈસા આપે તો તેથી તેમને તથા જનસમાજને તે વધારે ઉપયોગી થઈ પડે છે. પણ આ વાત લક્ષમાં રાખવી જોઇએ કે બીજાઓ પાસે કામ કરાવી ખાઈ પી આનંદમાં રહેવા જેવી આપણી સ્થિતિ સારી હોય તો જનસમાજમાં સુખ અને ચેનનો વધારે ભાગ આપણને મળે તેના બદલામાં જનસમાજનો બદલો વાળવાની આપણી ફરજ છે.

૪. કોઈ માણસ ગમે તેટલો પૈસાદાર હોય પણ તેના ઘરનું અથવા ઘર બહાર જમીન જાગીરનું કામ કરવાને તેને કોઇ માણસ ન મળે તો તેને ઉદરનિર્વાહના પદાર્થ મળવા પણ મુશ્કેલ પડે. તેના નોકરોને તથા મજુરોને તેના તરફથી કામ કરવાનું મળે છે, એમાં તેમને ફાયદો છે ખરો; પરંતુ પૈસાદાર માણસ પોતે જે કામ કરી શકે નહીં અથવા કરવાને ઇચ્છતો ન હોય, તે કામ કરી આપે અથવા કરવાને ખુશી હોય એવા ગરીબ માણસ દુનિયામાં હોય છે તેથી

પૈસાદાર માણસને પણ ફાયદો છે. પૈસાદાર લોકો ગરીબ લોકોને કામ બદલ પૈસા આપે છે; અને આ પ્રમાણે તેમને રોજી આપી અથવા તેમણે બનાવેલા પદાર્થ વેચાતા લઈ તેમનો તથા તેમના કુટુંબનો નિર્વાહ કરવાને તેમને શક્તિમાન કરે છે.

૫. પરંતુ પૈસાદાર લોકોને આ પ્રમાણે જાતે કામ કર્યા વગર ચેન ભોગવવાનું મળે છે, તેના બદલામાં તેઓ ઉપર પ્રમાણે ગરીબ લોકોને રોજી આપે અથવા તેમની બનાવેલી જણસો વેચાતી લે, એટલાથી બસ થતું નથી. ગરીબ લોકો તેમને માટે કામ કરે છે તેથીજ પૈસાદાર લોકોને ફુરસદ મળે છે; અને ફુરસદના વખતમાં વિદ્યા સંપાદન કરી પોતાનું મગજ તેઓ જ્ઞાનથી ભરે છે અને કળાકૌશલ્ય અને શાસ્ત્રમાં પોતાનું મન ઘાલી શકે છે. ગરીબ લોકોને પણ જોઈતાં સાધન અને પૈસા મળે તો તેઓ પણ તે પ્રમાણે ઘણા આનંદથી કરે.

૬. પૈસાદાર લોકોને પોતાના પૈસાથી અને વિદ્યા મેળવવાનાં સાધનથી જનસમાજમાં ગરીબ લોકો કરતાં વધારે વજનદારી મળે છે. તેટલા માટે જે લોકોની મદદથી તેમને આ વજનદારી મળી હોય છે, તે લોકોના ફાયદા માટે તેનો ઉપયોગ કરવો એ તેમનું ખાસ કર્ત્તવ્ય છે.

૭. ખરો સદ્‌ગૃહસ્થ પોતાના ઘરના નોકરો સાથે પણ પોતાની બરોબરીના લોકોના જેવી

પ્રીતિ, સભ્યતા અને આદરબુદ્ધિથી વર્તે છે તે તેમના તનમનની સ્થિતિ બગડે એટલું બધું કામ તેમના પાસે કરાવતો નથી. તે તેમને આરામ લેવા માટે તથા નિર્દોષ રમત ગમત કરવા માટે છૂટી આપે છે; અને પોતે સદાચાર, મિતાહાર અને સુઘડતાથી ચાલી તેમને તે પ્રમાણે ચાલવા દાખલો આપે છે.

૮. તેના ઘરમાં, તેની જાગીર ઉપર અને તેની પેઢી ઉપર જે નોકરો કામ કરતા હોય છે, અને જેમની મહેનતથી તેને ઘણો પ્રાયદો મળતો હોય છે તે નોકરોને પણ પોતાનાથી બની શકે તેટલું સુખ આપવાને લે ચકતો નથી. તેમના પૈકી જે છેક નીચલા દરજ્જાનું કામ કરનાર ગરીબ લોકો હોય, તેમના પર તેમનો મુકાદમ જુલમ કરે નહીં એવી તજવીજ તે રાખે છે. જે લોકો સ્વભાવે સારા અને ઉદ્યોગી હોય છે તેમની સાથે તેમના સંકટ વખતે આળસુ, વ્યસની, અવિચારી અને પોતાનાં કૃત્યથી પોતાની ઉપર સંકટ વહોરી લેનાર લોકો કરતાં તે વધારે માયાથી વર્તે છે અને આ પ્રમાણે સદ્ગુણને ઉત્તેજન આપ્યા કરે છે; અને એ બધાનાં બાળકોને વિદ્યા સંપાદન કરવામાં મદદ કરવાને તે કસર રાખતો નથી.

૯. ગરીબ લોકો કરતાં પૈસાદાર લોકો પોતાના દેશના પણ વધારે આભારી છે. તેમની સંપત્તિ જેમ વધારે હોય છે તેમ તેમના રક્ષણને માટે દેશના કાયદાનો તેઓ વધારે લાભ લે છે. એટલા માટે બધા

લોકોને વાજબી ન્યાય મળે એવા કાયદા કરવાની તેમને શીર વિશેષ ફરજ છે.

૧૦. પૈસાદાર માણસ મરજીમાં આવે ત્યાં મઝામાં મુસાફરી કરી શકે છે અને જોઇએ તેટલા પૈસા અને જોઇએ તેટલો વખત પોતાનું મન રંજન કરવામાં ખર્ચી શકે છે. આ પ્રમાણે જનસમાજ તરફથી મળતાં સર્વ સુખ ભોગવવાને તેની પાસે વધારે સાધન હોય છે અને તેથી કરીને તે જનસમાજનો વધારે આભારી છે. એટલા માટે પૈસાદાર લોકોએ ભાષણો આપી તથા શાળાઓ, ગાયનસમાજ, સંગ્રહસ્થાન, પુસ્તકાલય, જાહેર બાગ વગેરે સ્થાપન કરી ગરીબ લોકોને નિર્દોષ આનંદ, રમતગમત અને જ્ઞાન આપવાનાં સાધન પૂરાં પાડવાં જોઇએ.

૧૧. દેશમાં જે ઉદ્યોગ, ધંધા અથવા કારખાનાં ચાલતાં હોય તેમાંથી પણ પૈસાદાર લોકોને વધારે ફાયદો મળે છે, કારણ કે તેમાં તૈયાર થતા માલની તેમને વધારે જરૂર પડે છે. એટલા માટે પૈસાદાર લોકોએ પોતાના શાસ્ત્રીય જ્ઞાનનો ઉપયોગ કરી દેશમાં ચાલતા ઉદ્યોગ ધંધા તથા કારખાનામાં સુધારો થાય એવી નવી નવી શોધો કરવી જોઇએ; અને ગરીબ લોકોને હરેક પ્રકારનો માલ સારો અને સસ્તો મળે એવી તજવીજ કરવી જોઇએ.

૧૨. પણ જો શ્રીમંત લોક પોતાની ફુરસદ તથા પોતાનાં સાધન પોતાનું મન સુધારવામાં અને

બીજા લોકોનું ભલું કરવામાં ન વાપરે, અને પોતાનું બધું આયુષ્ય ચેનબાજી કરવામાં અને મોજમઝા ભોગવવામાં ગાળે તો તેઓ પોતાનું કર્ત્તવ્ય કરવામાં ચૂકે છે, એટલુંજ નહીં પણ એક પ્રકારનું અપ્રમાણિકપણું કરે છે. જનસમાજને તેમની પાસેથી જે ફાયદો માગવાનો હક છે, તે ફાયદો તેઓ આપતા નથી અને પોતાના દુરાચારથી લોકોને ખરાબ દાખલો આપે છે. માણસ જેમ વધારે પૈસાદાર અને વધારે વજનદાર હોય છે તેમ તેના દુરાચારથી જનસમાજપર વધારે ખોટી અસર થાય છે. આપરથી તમારા સમજવામાં આવશે કે માણસ જેમ વધારે પૈસાદાર હોય છે તેમ તેને શીર કામની વધારે જવાબદારી હોય છે.

પ્રશ્ન—૧. ખરો સદ્‌ગૃહસ્થ કોણ? ૨. નામનો મોટો કોને સમજવો? ૩. સુધરેલા દેશમાં મહેનતના વિભાગ હોવાથી શું થાય છે? બીજા પાસે કામ કરાવનારને શીર શી ફરજ છે? ૪. પૈસાદાર માણસને ઉદરનિર્વાહના પદાર્થ પણ ક્યારે ન મળે? પૈસાદાર અને ગરીબ લોક એક બીજાને ફાયદો શી રીતે કરે છે? ૫. પૈસાદાર લોકો ગરીબ લોકોને રોજી આપે એટલાથી તેમની ફરજ પૂરી થાય છે? તેમનાં કામ કરવા ઉપરાંત બીજી કંઈ રીતે ગરીબ લોકો પૈસાદાર લોકોને ફાયદો કરે છે? ૬. તેટલા માટે પૈસાદાર લોકોની શી વિશેષ ફરજ છે ૭. ખરો સદ્‌ગૃહસ્થ પોતાના નોકરો પ્રત્યે શી રીતે વર્તે છે? ૮. તેના ઘર બહારના નોકરો માટે તે શું કરે છે? ૯. ગરીબ લોકો કરતાં પૈસાદાર લોકો દેશના વધારે આભારી કેમ છે? તેટલા માટે તેમની શી ફરજ છે? ૧૦. જનસમાજ

તરફથી પૈસાદાર લોકોને સુખ અને ચેન ભોગવવાને જે સાધનો મળે છે તેનો બદલો તેઓએ શી રીતે વાળવો જોઇએ? ૧૧. ઉદ્યોગ, ધંધો, અને કારખાનાંથી પૈસાદાર લોકોને વધારે ફાયદો કેમ મળે છે? તેનો બદલો તેમણે શી રીતે વાળવો જોઇએ? ૧૨. પૈસાદાર માણસ પોતાના કર્તવ્યમાં ક્યારે ચૂકયો ગણાય? તેથી કરીને બીજા લોકોને તે શી રીતે નુકસાન કરે છે? કામની જવાબદારી શાના પ્રમાણમાં વધતી હોય છે?

---

૭. જનસમાજને માટે આપણે શું કરવું જોઇએ?—ચાલુ.

૧. દરેક માણસનું પહેલું કર્ત્તવ્ય, પોતાની જાતનું તથા પોતાના કુટુંબનું ભરણપોષણ કરવું, એ છે. પરંતુ કોઇ માણસ પૈસાદાર માબાપને ત્યાં જન્મ્યો હોય તો તેને પોતાનું તથા પોતાના કુટુંબનું ભરણપોષણ શી રીતે ચાલશે, એ બાબત કાળજી કરવી પડતી નથી; તેથી કરીને મનુષ્યજાતરૂપી મોટા કુટુંબને માટે, બીજાઓ કરતાં તેણે વધારે કાળજી રાખવી જોઈએ; અને જેમ કોઈ ગરીબ માણસે પોતાના પેટિયાને માટે દરરોજ પ્રમાણિકપણાથી કામ કરવું જોઇએ, તેમ પૈસાદાર માણસે મનુષ્યજાતરૂપી મોટા કુટુંબને માટે દરરોજ પ્રમાણિકપણાથી અને ખરા અંતઃકરણથી કામ કરવું જોઇએ.

૨. માણસ રાજા હોય કે રાણો હોય, સેનાપતિ હોય કે સૂબો હોય, ન્યાયાધિશ હોય કે વકીલ

હોય, શિક્ષક હોય કે ધર્મગુરૂ હોય, ગ્રંથકર્ત્તા હોય કે વક્તા હોય, વેપારી હોય કે કારીગર હોય, ગમેતે હોય, તોપણ તેના વિશે એવી ખાત્રી પડે નહીં કે તે ઇમાનઈતબારથી અને નેકીથી પોતાનું કામ કરશે, તો તે કંઈ કામનો નથી.

૩. ઈંગ્લાંડમાં રાજાને ગાદીએ બેસાડે છે ત્યારે તેના શીરપર તાજ મૂકતા પહેલાં મુખ્ય ધર્માધિકારી તેને સોગન આપી તેની પાસે એવું કહેવરાવે છે કે “મારી રૈયત સાથે હું ખરાપણાથી અને પ્રમાણિકપણાથી ચાલીશ.” ધર્માધિકારી રાજાને એવો પ્રશ્ન કરે છે કે “તું કાયદા, ન્યાય અને દયા એ ત્રણે લક્ષમાં રાખી તારી બુદ્ધિ પ્રમાણે ન્યાય કરીશ ?” રાજા ઉત્તર આપે છે કે, “કરીશ” જેટલે દરજ્જે રાજા પોતાનું આ વચન યાદ રાખીને ચાલે, તેટલે દરજ્જે તેના પ્રત્યે રૈયત વફાદારી બતાવવા બંધાઇ છે. પ્રજાને રાજા પ્રત્યે વફાદારી રાખવાની બાબતમાં ઈંગ્લાંડમાં આ પ્રમાણે સોગન લેવા પડે છેઃ—“હું ખરા અંતઃકરણથી સોગન લઈ કહું છું કે હું મારા રાજા પ્રત્યે હમેશ નિષ્કપટ ભક્તિથી તથા વફાદારીથી વર્તીશ.” ઇંગ્લાંડમાં કોઈ છોકરાને કોઇને ત્યાં ધંધો શીખવાને શાગીર્દ તરીકે મૂકવામાં આવે છે ત્યારે તે છોકરાને એવો લેખ કરી આપવો પડે છે કે, “હું મારો ધંધો શીખીશ; મારા શેઠની નોકરી પ્રમાણિકપણાથી કરીશ, તેની ગુપ્ત વાત બ-

હાર પાડીશ નહીં, અને મારી શીખવાની મુદત પૂરી થતા સુધી મારા શેઠ સાથે બરોબર રીતે વર્તીશ." એજ પ્રમાણે શેઠને એવો લેખ કરી આપવો પડે છે કે "મારે ત્યાં મૂકેલા શાગીર્દને હું મારો ધંધો બરોબર રીતે શીખવી દેવાની તજવીજ કરીશ." રાજાથી તે શીખાઉ છોકરા પર્યન્ત, પ્રત્યેક માણસ જે ધંધો અથવા જે કામ કરે છે, તે ધંધા અથવા કામમાં એવીજ ઇમાનદારીની તથા એવાજ પ્રમાણિકપણાની જરૂર પડે છે. કોઇને કંઈ કામ સોંપતા પહેલાં પહેલી વાત એ જોવામાં આવે છે કે તેનામાં કામ કરવાનું સામર્થ્ય છે કે નહીં; અને ત્યાર પછી બીજી વાત એ જોવામાં આવે છે કે તે પ્રમાણિકપણાથી અને ઈમાનઇતબારથી કામ કરી શકે એવો છે કે નહીં.

૪. માણસ ગરીબ હોય કે પૈસાદાર હોય તોપણ તેણે મનુષ્યજાત માટે સારી લાગણી રાખી મનુષ્યજાતને ઉપયોગી થાય, એવાં કામ કરવાં જોઇએ. ઉદાહરણ તરીકે, જો આપણી પડોશમાં રહેતાં માણસ પ્રમાણિક, મમતાળુ, સ્વચ્છ અને શાન્ત હોય તો આપણને ઠીક લાગે છે; માટે આપણે પણ પ્રમાણિક મમતાળુ, સ્વચ્છ અને શાન્ત રીતે રહી, આપણા પડોશીને ઠીક લાગે એમ કરવું જોઇએ.

૫. દેશમાં ચાલતા કાયદાથી ગરીબમાં ગરીબ માણસનું પણ રક્ષણ થાય છે, અને તેની યોગ્યતા

પ્રમાણે બીજા લોક તેને માટે લાગણી રાખે છે અને તેને મદદ કરે છે. એટલા માટે તેણે સારી રીતે વર્તવું જોઇએ અને જનસમાજ તેની ઉપર જે ઉપકાર કરે છે તેનો બદલો વાળવો જોઇએ. પણ જો તે દારૂડીઓ બની રસ્તામાં ગોથા ખાય અને પોતાના કુટુંબીઓપર વિપત્તિઓ આણે તો જે જનસમાજે તેને ચાલવા માટે સુંદર રસ્તા તૈયાર કરી રાખ્યા છે, અને જે તેનું, તેના કુટુંબીઓનું અને તેની માલમતાનું રક્ષણ કરે છે, તે જનસમાજના આભારનો તે બદલો વાળે છે ? જો તે પોતાનાં છોકરાંને ચોરી કરતાં અને દોંગાઈ કરતાં શીખવે તો જે જનસમાજ તેનું તથા તેનાં છોકરાંનું ચોરોથી રક્ષણ કરે છે તે જનસમાજનો બદલો તે વાળે છે ?

૬. જનસમાજમાં આપણને ઘણા લોક એવા માલૂમ પડે છે કે જે પૈસાદાર પણ નથી હોતા તેમ ગરીબ પણ નથી હોતા, પરંતુ જેમને આ દુનિયાનાં સર્વ સુખ વિશેષ શ્રમ પડયા વગર અથવા તો ઘણા થોડા શ્રમથી મળે છે. જેને મધ્યમ વર્ગ કહે છે, તે વર્ગમાં આવા લોક આવે છે. કારખાનાંના માલેક, વેપારી, નાના જમીનદાર, વગેરે લોકો આ વર્ગમાં આવે છે, અને તે ઘણું કરી બુદ્ધિમાન્, કેળવાયલા અને શાંતતા ચહાનાર હોય છે.

૭. બીજા દેશો કરતાં આ વર્ગના લોક ઇંગ્લાંડમાં ઘણા છે. તેનું કારણ એ છે કે ઇંગ્લાંડના લોક

એકંદરીમાં શાંતિ ચહાનાર છે; અને તેથી વેપાર ધંધા, કળા વિદ્યા વગેરેનો એ દેશમાં વધારો થવાનાં ઘણાં સાધન છે. જે દેશના લોક પોતાની પડોશના દેશ સાથે હમેશ લઢાઈ કરવાને ઉત્સુક હોય છે અને પોતાના દેશના બધા લોકોને સદ્‌ગુણી અને સુખી કરવાના કરતાં પોતાનું રાજ્ય અને પોતાની સત્તા વધારવાનું વધારે પસંદ કરે છે, તે દેશમાં એવો પ્રકાર બિલકુલ જણાતો નથી. કોઈ દેશમાં મધ્યમ વર્ગના લોકોની સંખ્યા વિશેષ હોય, એ તે દેશના સુધારાનું ઉત્તમ ચિન્હ છે; કારણ કે જે દેશમાં કાયદા વ્યાજબી હોય, માલમતાનું બરોબર રક્ષણ થતું હોય અને લોકો વગર હરકતે શાંતિમાં પોતાનો ધંધો રોજગાર ચલાવી શકતા હોય, તે દેશમાંજ મધ્યમ વર્ગના લોક હોઈ શકે છે.

૮. કેટલાક દેશમાં લશ્કરી લોકોની સંખ્યા જોઇએ તે કરતાં મોટી રાખવામાં આવે છે. એવા દેશને કંઈ ફાયદો કર્યા વગર આ લશ્કરી વર્ગ નકામું ખાયા કરે છે. કદી લઢાઇનો પ્રસંગ આવે છે ત્યારે તો ખેડુત અને બીજા ધંધેદારોને પણ લશ્કરી વર્ગમાં સામેલ થવું પડે છે. એટલા માટે દેશના કલ્યાણને અને તેના સુધારાને લઢાઈના જેટલું નુકસાનકારક બીજું કંઈ નથી. જેમ કોઇ કુટુંબમાં એકજ જણ કજીઆખોર હોય તો આખું કુટુંબ શાન્તિમાં રહી શકતું નથી તેમ કોઇ ખંડમાં માત્ર એકજ રાજ્ય

લઢાઈખોર હોય તો આખો ખંડ શાન્તિમાં રહી શકતો નથી.

૯. જે દેશના લોક પ્રમાણિક અને સીધી ચાલના હોય છે અને કંઈ બહાનું શોધી કાઢી પોતાની પડોશના દેશ સાથે લઢાઇ કરવાને ઇન્તેજાર હોતા નથી, તે દેશમાંજ મધ્યમ વર્ગના લોક હોઈ શકે છે. એટલા માટે પ્રમાણિક અને સીધી ચાલ ચાલવી એ મધ્યમ વર્ગના લોકોની ખાસ ફરજ છે

આ પ્રમાણે જનસમાજ તરફથી જે ફાયદા મળ્યા હોય તેનો બદલો જનસમાજને આપવાનો મોટો નિયમ, બધાને સરખી રીતે લાગુ પડે છે.

પ્રશ્ન:—૧. સંસારમાં માણસનું પહેલું કર્ત્તવ્ય શું છે? મનુષ્ય વર્ગને માટે કામ કરવાની માણસની જવાબદારી શાથી વધે છે? ૨. કયા ગુણ દરેક માણસમાં અવશ્ય હોવા જોઇએ? ૩. ગાદીએ બેસતી વખતે ઇંગ્લાંડના રાજાને કેવું વચન આપવું પડે છે? પ્રજા વફાદારીના સોગન લે છે તેમાં શું કહે છે? દરેક ધંધામાં કયા ગુણ અવશ્ય જોઇએ? કોઇને કામ સોંપતાં શી તજવીજ કરવામાં આવે છે? ૪. ગરીબ અને પૈસાદાર બંનેએ મનુષ્યજાત માટે શું કરવું જોઇએ? ૫. જનસમાજના ઉપકારનો બદલો વાળતા ન હોય એવા લોકોનાં ઉદાહરણ આપો. ૬. મધ્યમ વર્ગમાં કયા લોક આવે છે? તેઓ ઘણું કરીને કેવા હોય છે? ૭. ઇંગ્લાંડમાં મધ્યમ વર્ગ મોટો કેમ છે? કોઇ દેશમાં મધ્યમ વર્ગ મોટો હોય એ શાની નીશાની છે? તેનું કારણ શું? ૮. લઢાઇખોર દેશમાં કયો વર્ગ મોટો હોય છે? એથી દેશ ગરીબ કેમ થાય છે? લઢાઇથી શું

નુકસાન થાય છે? ૪. મધ્યમ વર્ગના લોક શાથી ઉત્પન્ન થાય છે? તેટલા માટે તેમની ખાસ ફરજ શી છે?

૮. આપણું કામ કરતાં પ્રાણીઓસાથે આપણે કેવી રીતે વર્તવું જોઇએ?

૧. દુનિયામાં ઘણાં એવાં પ્રાણી છે કે જેમની ગણના મનુષ્ય વર્ગમાં થઇ શકે નહીં; તોપણ તે આપણા ભેગાં રહે છે, આપણે માટે કામ કરે છે, અને આપણા સુખ અને નિર્વાહની ઘણી વસ્તુઓ પૂરી પાડે છે; તેમના વગર આ દુનિયામાં આપણાથી રહી શકાય નહીં; તેટલા માટે એવાં પ્રાણીના આપણે ઘણા આભારી છીએ. એ પ્રાણી કયા તેનો હવે વિચાર કરીએ.

૨. પોતાની ખાંધપર હળ કે ગાડાની ઝુંસરી લઇ બિચારો બળદ આપણે માટે કેટલી બધી મહેનત કરે છે! તે સહનશીલતાથી આખો દહાડો ગાડું ખેંચે છે અને રસ્તામાં ગમે તેટલો રેત હોય તોપણ પોતાનું કામ ધીરેધીરે કર્યા કરે છે. ઘોડો મ્હોંમાં લગામ ઘાલી આપણને પોતાની પીઠપર બેસાડી કેવો દોડતો જાય છે! તેજ પ્રમાણે આપણી ગાડી લઇને તે કેવો દોડે છે!

૩. ઘોડા અને બળદ ઘણા પ્રાચીન કાળથી માણસની સેવા બજાવતા આવ્યા છે. તે ન હોય તો આપણને કેટલી બધી અડચણ પડે, તેનો વિચાર કરો.

૪. જે કામ ઘોડો અને બળદ આપણે માટે કરે છે, તે કામ આપણે પોતાને હાથે કરવું પડે તો આપણાથી થઈ શકે નહીં. આપણાથી કંઈ હળ, ગાડી કે ગાડું ખેંચાય નહીં, તેમ ગાડા કે ગાડીમાં જેટલો બોજો મૂકાય છે તેટલો આપણે માથે મૂકી ઘણે દૂર લઈ જવાય નહીં. ઘોડો અને બળદ ન હોત તો હજી સુધી આપણે જંગલી સ્થિતિમાં હોત અને જે વૈભવ હાલ ભોગવીએ છીએ, તે ભોગવતા ન હોત. ઘોડા કે બળદ વગર જમીન ખેડાત નહીં અને જોઇએ તેટલું અનાજ પાકત નહીં; ઘર બાંધવાને લાકડાં, ઇંટો અને માટી લાવી શકાત નહીં; અને એક ઠેકાણેથી બીજે ઠેકાણે સહેલથી જઈ શકાત નહીં.

૫. તમે કહેશો કે હવે તો આગગાડી થઈ છે, માટે ઘોડા તથા બળદની શી જરૂર છે? પણ ઘોડો અને બળદ ન હોત તો આગગાડી પણ શી રીતે થઈ હોત? ઘોડો અને બળદ જે વૈતરૂં કરે છે તે માણસને કરવું પડત, તો માણસ કળાકૌશલ્ય અને વિદ્યામાં વધારો શી રીતે કરી શકત? અને કળાકૌશલ્યમાં અને વિદ્યામાં વધારો થયો ન હોત તો આગગાડી શોધી કહાડવા જેવી સ્થિતિએ માણસ શી રીતે પહોંચ્યું હોત? વળી આગગાડી બધે ઠેકાણે હોતી નથી. આગગાડી છતાં પણ ઘોડાને તથા બળદને ઘણું કામ કરવું પડે છે.

૬. કોઇ મોટા રસ્તાપર બે ઘડી ઉભા રહો તો ત્યાંથી હજારો ગાડાં આવ જા કરતાં તમને માલમ

પડશે તે પૈકી કેટલાંકમાં ખેતરમાંથી દાણા, લાકડાં, ઘાસ વગેરે ભરીને લાવતા હશે; કેટલાંકમાં માલની ગાંસડીઓ આગગાડીના સ્ટેશનપરથી ભરી લાવતા હશે; અને કેટલાંકમાં માલની ગાંસડીઓ આગગાડીના સ્ટેશનપર પહોંચાડવા લઇ જતા હશે. કેટલીક ગાડીઓમાં બેશીને માણુસ પરગામ જતાં હશે. આ પરથી તમારા ખ્યાલમાં આવશે કે આગગાડી થઈ છે તોપણ જો બળદ અને ઘોડા હોય નહીં તો માણુસનું કામ ચાલેજ નહીં. બળદ અને ઘોડા ન હોય તો આપણાં સુખચેન જતાં રહે, જીંદગી બોજારૂપ લાગે અને આપણે ઘણા દુઃખી થઈએ.

૭. ગધેડાં, ઉંટ વગેરે બીજાં પ્રાણી પણ એવાંજ ઉપયોગી છે. ગધેડું એ ગરીબ માણુસનો મિત્ર છે. તેની કિમ્મત બળદ કે ઘોડા કરતાં ઘણી થોડી બેસે છે અને તેને ખાવાને માટે કુશકા વગેરે હલકી ચીજો જોઈએ છીએ, તેથી તેને રાખવાનું ખર્ચ ઘણું થોડું થાય છે. બિચારૂં ગધેડું ગુણુનો ભાર વહ્યા કરે છે તેને માટે તેને શાબાશીને બદલે ઘણીવાર ડફણુાંનો માર મળે છે; અને તેને સુખ અને ચેન મળવાને બદલે જે મળે તે ખાઈ બહાર ઉઘાડામાં પડી રહેવું પડે છે.

૮. હાથી અને ઉંટ ભારે બોજા ઉઠાવી જવામાં ઘણા કામનાં છે. તે થાકયા વગર ઘણો લાંબો વખત

કામ કરી શકે છે અને રસ્તા વગરના વિકટ પ્રદેશોમાં ચાલી શકે છે.

૯. આ બધાં પ્રાણીઓના ઉપકારનો પૂરેપૂરો બદલો આપણે વાળી શકતા નથી. જેમ આપણે મજુરને પૈસા આપીએ છીએ તેમ તેમને પૈસા આપી શકતા નથી. જો તે પૈસા લઇ શકતાં હોય તો તે પણ મજુરની પેઠે જુવાનીમાં કમાઇ ઘડપણમાં નિરાંતે બેશીને ખાયા કરે. જેમ આપણે મિજબાનીઓ ખાવા જઈ આનંદ મેળવીએ છીએ તેમ તેમને મિજબાનીઓ આપી શકતા નથી; ઉલટું આપણે મિજબાની ખાવા જઇએ ત્યારે તેમને તો કામ કરવાનું માથે આવી પડે છે. તેમના સુખ અને આરામને માટે જે જરૂરનું છે, તે તેમને આપીને આપણે તેમના ઉપકારનો કંઈ બદલો વાળી શકીએ. આપણી પેઠે તેમને પણ પુરતા અને સારા ખોરાકની જરૂર પડે છે. મહેનત કર્યા પછી તેમને પણ થાક ખાવો પડે છે, અને આપણી પેઠે તેમનાથી પણ ઘડપણમાં જુવાનીના જેટલું કામ થઇ શકતું નથી.

૧૦. તેમના ગજા ઉપરાંત તેમની પાસે મહેનત કરાવવી ન જોઇએ; તેમનાપર ગજા ઉપરાંત બોજો મૂકવો ન જોઇએ; તેમને લોહી નીકળે એવી રીતે આર ઘોચવી ન જોઈએ; અને તેમને સોળ પડે એવી રીતે ચાબૂક મારવી ન જોઇએ. તેમને દુઃખ દેવાને ચાબૂક વાપરવાની નથી, માત્ર તેમને તેજ કરવાને

હલકેથી વાપરવાની છે. જ્યારે તે થાકી ગયાં હોય અથવા અશક્ત થઈ ગયાં હોય, ત્યારે તેમને ઉતાવળે દોડવાને ચાબૂક મારવી કે આર ઘોચવી એ મોટું ઘાતકીપણું છે. આપણાં બાળકોની પેઠે તેમને પણ ધીરજથી અને નરમાશથી કામ કરતાં શીખવવું જોઇએ. તેમનું કામ શું છે, એ તેમને આપણે સમજાવવું જોઇએ, એટલે તે ખુશીથી કામ કરશે અને તેમને મારવાની ભાગ્યેજ જરૂર પડશે.

૧૧. કુતરાં અને બિલાડાંની પેઠે ઘોડા, બળદ, ગધેડું, હાથી એ વગેરે પ્રાણીઓ પણ ઘણાં મમતાળુ અને મીલનસાર હોય છે. તેમનો ધણી તેમને બોલાવે, તેમને પંપાળે અને લાડ કરાવે એ તેમને ગમે છે. લોકો તેમને નિર્દયતાથી દુઃખ દે છે, તેને બદલે તેમની સાથે માયાથી વર્તે, તો તેઓ ખુશીથી ઘણું કામ કરે છે. જે મિત્ર આપણે માટે મહેનત કરે છે, અને આપણને આપણા હરેક કામકાજમાં મદદ કરે છે, તે મિત્રને માર મારવો તથા દુઃખ દેવું એ ઘણું નીચ કામ નથી ?

૧૨. જેને પેટ ભરીને ખાવાનું પણ મળતું ન હોય એવું એકાદ ગધેડું પોતાની શક્તિ કરતાં વધારે લાદેલો બોજો લઈને ધીમે ધીમે ચાલતું હોય, ત્યારે તેનો ધણી તેને માર મારે એ જોઈને કોના મનમાં દુઃખ નહીં થાય ? તેજ પ્રમાણે સુંદર ગાડીઓમાં પૈસાદાર લોક મોટા ભભકાથી બેઠા હોય છે,

અને તેમના ઘોડાના મ્હોંમાંથી ફીણ નીકળતું હોય છે, છતાં તેઓ તેમને દોડાવ્યા કરે છે, એ જોઈને પણ કોના મનમાં દુઃખ નહીં થાય ? પેલા ગધેડાનો માલિક તથા ગાડીમાં બેઠેલા પૈસાદાર લોક એ બંને ઘાતકી અને કૃતઘ્ન છે.

પ્રશ્ન—૧. મનુષ્ય વર્ગમાં જેની ગણના ન થઇ શકે એવા આપણા મિત્ર કોણ છે ? આપણે તેમના ઘણા આભારી કેમ છીએ ? ૨. બળદ શું કરે છે ? ઘોડા શું કરે છે ? ઘોડા અને બળદ માણસની સેવા ક્યારથી કરે છે ? ૩. ઘોડો અને બળદ ન હોય તો શું થાય ? ૪. આગગાડી થયા પછી ઘોડા અને બળદની શી જરૂર રહી છે ? ૫. કોઇ રસ્તામાં ઉભા રહીએ તો આપણને શું માલમ પડે ? ૬. ઘોડા અને બળદ સિવાય બીજાં ક્યાં પ્રાણી આપણે માટે કામ કરે છે ? ગધેડાની ચાકરી કેવી રીતે કરવામાં આવે છે ? ૭. હાથી અને ઉંટ શું કરે છે ? ૮. આ પ્રાણીઓનો બદલો આપણે શી રીતે વાળી શકીએ ? તેમનો પૂરો બદલો વાળી શકાય એમ છે ? ૯. તેમને શું ન કરવું જોઇએ ? તેમને શી રીતે કામ શીખવવું જોઇએ ? ૧૦ ઘોડો, બળદ વગેરે પ્રાણી કેવાં હોય છે ? તેમને શું ગમે છે ? ક્યારે તેઓ ઘણું કામ કરે છે ? ૧૧. કેવો દેખાવ દુઃખકારક છે ? એવા લોકો કેવા હોય છે ?

---

૯. આપણી સાથે રહેતાં અને આપણો ખોરાક અને લુગડાં પુરાં પાડતાં પ્રાણીઓ પ્રત્યે આપણું કર્ત્તવ્ય.

૧. ઘોડો, બળદ વગેરે જે પ્રાણીઓ માણસને

હજારો રીતે ઉપયોગી થઈ પડે છે તે પ્રાણીઓની આપણે સંભાળ લઈએ અને તેમની સાથે માયાથી વર્તીએ તો તેમના ઉપકારનો કંઇ બદલો વળે, પણ ગાય, ભેંસ વગેરે જે પ્રાણીઓ માણસને ખોરાકીની અને લૂગડાંની ચીજો પૂરી પાડે છે તેમની આપણે ગમે તેટલી સંભાળ લઈએ, અને તેમની સાથે ગમે તેટલી માયાથી વર્તીએ તોપણ તેમના ઉપકારનો દસમો ભાગ પણ આપણે વાળી શકતા નથી. માટે આપણાથી જેટલું બને તેટલું કરીને તેમને હમેશ સુખ આપવાનો પ્રયત્ન કરવો, એ આપણું કર્ત્તવ્ય છે.

૨. પરન્તુ એ કર્ત્તવ્યના સંબંધમાં આપણે જોઇએ તેટલી કાળજી રાખીએ છીએ ? ગાય, બકરાં, ઘેટાં, વગેરે પ્રાણીઓ આપણને ખાવાનું દુધ અને પહેરવાનાં ગરમ કપડાં પૂરાં પાડે છે અને ગરીબાઈથી આપણી સાથે હળીમળીને રહે છે, તેમને માટે આપણાથી બની શકે તેટલી સંભાળ આપણે લઈએ છીએ ?

૩. કહેવાને ઘણી દિલગીરી લાગે છે કે આપણાથી તેમના સુખને માટે જેટલું બની શકે તેટલું આપણે કરતા નથી એ પ્રાણીઓ આપણને કેટલાં બધાં ઉપયોગી છે, તેનો પણ આપણે ભાગ્યેજ વિચાર કરીએ છીએ. એ પ્રાણીઓ ઘણો વખત જીવતાં રહે એ આપણાજ લાભની વાત છે, કારણ કે તેમનાં બચ્ચાંકચ્ચાં વધવાથી આપણનેજ ફાયદો છે; એમ

છતાં તેમને કચોકચ કાપી નાંખવામાં આવે છે, તેમનું ઘી, દૂધ વગેરે ખાઇને સંતોષ માનવાને બદલે તેમનેજ ખાઈ જવાને માણુસ ઇન્તેજારી બતાવે છે એ કેવી અફસોસની વાત છે!

૪. તોપણ હુજી આપણે તેમને માટે કંઈ કરી શકીએ તેમ છે. તેમની જીંદગી જેટલી બને તેટલી સુખી, અને તેનું મરણ જેટલું બને તેટલું દુઃખ વગરનું, આપણે કરી શકીએ. શિયાળામાં ઘેટાને પોતાને ગરમી માટે ઉનની જરૂર હોય છે, ત્યારે તેનું ઉન આપણે કાપી ન લઈએ તો ચાલે; માત્ર રમતને માટે આપણે પ્રાણીઓને ન મારીએ તો ચાલે; વળી તેમને ધીરે ધીરે રીબાવી રીબાવીને ન મારીએ તો ચાલે. ખોરાકને માટે પ્રાણીઓની જીંદગી લેવી, એ કદી વાજબી હોય તોપણ તેમને વગર કારણે રીબાવીને મારવાં એ વાજબી નથી.

૫. કૂતરાં, બિલાડાં વગેરે જે પ્રાણી હમેશ આપણી સાથે ઘરમાં હળીમળીને રહે છે, તેમની સાથે પણ માયાથી વર્તી તેમને જેટલાં બની શકે તેટલાં સુખી કરવાં, એ આપણું કર્ત્તવ્ય છે. જે પ્રાણીઓ આપણી સાથે હળીમળી રહે છે, અને આપણી સાથે લાડ અને ગેલ કરે છે, તેમને દુઃખ કેમ દેવાય? કૂતરાને આપણે કંઈ કહીએ તો તે સમજે છે. તે અપણા ઘરની ચોકી કરે છે અને તેને જે શીખવવામાં આવે તે શીખી શકે છે. તેને આપણે હેતથી

થાબડીએ છીએ, ત્યારે તે ખુશી થઈ પોતાની પૂછડી હલાવે છે, આપણે જ્યાં જઇએ ત્યાં તે આપણી સાથે આવે છે; અને જે પ્રાણીઓથી અથવા જે વસ્તુઓથી આપણને ઈજા થવાનો સંભવ લાગે છે, તે પ્રાણીઓ અને વસ્તુઓ તરફ ભસે છે.

૬. ઘરમાં જે ચાલતું હોય તેમાંનું ઘણું બિલાડી સમજે છે. તેને આપણે પંપાળીએ છીએ ત્યારે તે આપણા શરીર સાથે લપેટાઇ ખુશીથી ઘુરઘુર અવાજ કરે છે. તેને દૂધ વગેરે કંઇ જોઈતું હોય, ત્યારે આપણા પગ વચ્ચે પેશી આપણને તેનું સુંવાળું ડાકું ઘસે છે. તેનાં નાનાં નાનાં બચ્ચાં નાનાં બાળકોની પેઠે રમે છે; અને તેમના નાચવા કુદવાથી આપણને ગમ્મત મળે છે.

૭. આ અને બીજાં ઘણાં પ્રાણી સાથે આપણે સ્નેહભાવથી ચાલીએ તો તે પણ આપણી સાથે સ્નેહ-ભાવથી ચાલે છે. નાનાં પક્ષી, સસલાં, ખીસકોલી, ઉંદર એ સર્વ પ્રાણીઓ જો આપણે તેમને બ્હીવડાવીએ નહીં તો આપણી સાથે ખુશીથી હળી જાય છે. પરંતુ આપણે તેમને ઘણી રીતે ત્રાસ આપીએ છીએ, તેથી આપણાથી તે બ્હીતાં રહે છે. આપણી આ નીચ બુદ્ધિને લીધે પ્રાણીઓને કલ્લોલ કરતાં જોઈ આપણે ખુશી થતા નથી.

૮. આ નીચ બુદ્ધિ બાળકોમાં વિશેષ જણાય છે. નાનાં નાનાં પ્રાણીઓને ઉડતાં કે દોડતાં તેઓ

જુએ છે, એટલે તેમની ઉપર પથ્થર ફેંકે છે; અને જો બને તો તેમને ઠાર મારી નાખવાને પણ ચૂકતાં નથી. તેઓ સ્વભાવે ક્રૂર હોય છે, તેથી આ પ્રમાણે કરે છે, એમ કંઈ નથી. તેમના અવિચારીપણાને લીધે તેઓ આ પ્રમાણે ગરીબ પ્રાણીઓને પીડા આપે છે.

૯. એક દહાડો ઉનાળામાં કેટલાંક છોકરાં તળાવની પાળ ઉપર રમતાં હતાં. તેમની નજરે દેડકા પડતા ત્યારે તેમના ઉપર પથ્થર નાખી તેઓ તેમને મારી નાખતાં. આવી રીતે મારી નાખેલા કેટલાક દેડકા તળાવનાં કિનારા પર પડેલા રસ્તે જનાર કોઈ દયાળુ માણસની નજરે પડયા. તેના મનમાં આથી ઘણી દયા આવી તેથી તે છોકરાં પાસે તે ગયો; અને એક છોકરો એક દેડકા ઉપર પથ્થર નાખવાની તૈયારીમાં હતો, એટલામાં તે દેડકાને પોતાના અંગવસ્ત્રવડે ઢાંકી દઈ તેણે તેને પૂછ્યું, "અરે, આ બિચારા નિરૂપદ્રવી પ્રાણીને તારે શા માટે મારી નાખવું જોઈએ?" તે ગૃહસ્થના આ બોલ સાંભળી છોકરો તેના મ્હોં સામુ જોવા લાગ્યો; અને તેના મનમાં કાંઈ જુદા પ્રકારનાજ વિચાર આવેલા હોય, એમ તેના મ્હોંપરથી જણાયું. તેનાથી પથ્થર તો ફેંકાયો નહીં, પણ ઉલટો ગળગળો થઈ તે બોલ્યો, "ભાઈ સાહેબ, તમે ખરૂં કહો છો. એ બિચારા પ્રાણીને અમારે વિના કારણ શા માટે મારવું જોઈએ? તેણે કંઈ અમારૂં નુકસાન કર્યું નથી. તેને જીવતું

રહેવા દેવું એ બરાબર છે." આ સાંભળી બીજાં છોકરાંનાં મન પણ ફર્યાં; અને તેઓ બધાં ખુશાલીથી બૂમો પાડી બોલવા લાગ્યાં કે, "બિચારાં દેડકાંએ આપણું બગાડયું નથી. આપણે તેમને મારવાં ન જોઈએ." એ દિવસથી તે છોકરાંઓએ નાનાં પ્રાણીને પીડા કરવાનું છોડી દીધું.

૧૦. ગરીબ નિરૂપદ્રવી પ્રાણી પોતાની ઈચ્છા પ્રમાણે આમતેમ ફરતાં આપણને માલમ પડે ત્યારે આપણે આપણા મનને એમ કહેવું જોઇએ, કે "એ બિચારાં આપણું કંઇ બગાડતા નથી; આપણે તેમને જીવવા દેવાં જોઈએ"

પ્રશ્નઃ—૧. જે પ્રાણીઓ આપણે માટે કામ કરે છે, તે સિવાય બીજાં કયાં પ્રાણીનાં આપણે આભારી છીએ? ૨. એવાં કેટલાંક પ્રાણીનાં નામ આપો? તેમને માટે આપણે શું કરવું જોઇએ? ૩. તેમના પ્રત્યે આપણે શી રીતે વર્તીએ છીએ? ૪. તેમને માટે આપણે શું કરી શકીએ? ૫-૬. કયાં પ્રાણી ઘરમાં આપણી સાથે હળીમળી રહે છે? કૂતરો આપણે માટે શું કરે છે? બિલાડી શું સમજે છે? તે શું કરે છે? તેનાં બચ્ચાં શું કરે છે? ૭. આ અને બીજાં પ્રાણી આપણી સાથે મિત્રતાથી ક્યારે વર્તે છે? તે આપણાથી કેમ બીએ છે? ૮. પ્રાણીઓને મારવાની નીચ બુદ્ધિ કોનામાં વિશેષ હોય છે? પ્રાણીઓને તેઓ શા માટે મારે છે? ૯. એક ગૃહસ્થે રસ્તે જતાં છોકરાંને શું કરતાં જોયું હતું? તેણે શું કહ્યું? તેની શી અસર થઇ? ૧૦. પ્રાણીઓને હરતાં ફરતાં આપણે જોઇએ, ત્યારે આપણે આપણા મનમાં શું કહેવું જોઇએ?

૧૦ સરકાર અને સ્વતંત્રતા.

૧. એકાદ સ્વચ્છંદી બાળક એવો પ્રશ્ન પૂછશે કે "મને ગમે તે હું કેમ ન કરૂં?" તમને જે ગમે તે તમે કરો, પણ તેથી બીજાને જે ગમે તે કરવાને હરકત પડવી ન જોઇએ. જે બધાને ગમતું હોય તેમાંથી તમારા યોગ્ય હિસ્સા કરતાં તમે વધારે લો અથવા જે તમારૂં નથી તે લો, તો જે બીજાના વાજબી હક્કનું છે તે તમે લીધું કહેવાય. જે વખતે બીજાઓને શાન્તપણે બેસવા ગમતું હોય, તે વખતે તમને ગરબડ કરવાનું ગમે તો બીજાઓને તમે હરકત કરો છો; જે વખતે બીજાં બાળક તમારી પાસે રમતાં હોય, તે વખતે તમે તોફાન મચાવો, અને તેમને ત્રાસ આપો, તો તેમની ઇચ્છા પ્રમાણે રમી આનંદ કરવાના તેમના હક્કમાં તમે હરકત કરો છો.

૨. કોઈ કુટુંબનાં બધાં છોકરાં સારાં, ડાહ્યાં અને ઉદાર હોય તો તેમને તેમની મરજી પ્રમાણે ચાલવા દેવામાં હરકત નથી; કારણ કે તેવાં છોકરાં પોતાને માટે તેમજ બીજાઓને માટે જે વાજબી અને સારૂં હશે તેજ કરશે. પરંતુ છોકરાં બધે ઠેકાણે ડાહ્યાં અને ઉદાર હોતાં નથી; તેથી તેમની મરજી પ્રમાણે તેમણે ચાલવા દેવામાં આવે તો મજબૂત શરીરવાળાં છોકરાં નબળાં શરીરવાળાં છોકરાંપર જુલમ ગુજારશે;

આથી કરીને એકની સ્વતંત્રતા, તે બીજાનો ભોગ થઇ પડશે.

૩. તેટલા માટે દરેક બાળકને પોતાની મરજી પ્રમાણે વર્તવાને યોગ્ય સવડ મળે છે કે નહીં, એ જોવાને દરેક કુટુંબમાં એક ઉપરીની જરૂર પડે છે. એક બાળકને બીજા બાળક તરફથી ગેરવાજબી હરકત થાય નહીં, એટલામાટે બધાંએ શી રીતે વર્તવું, એ વિષે તેણે નિયમ કરવા જોઇએ. જ્યારે કોઈ બાળક પોતાની મરજી પ્રમાણે ચાલતું હોય, અને બીજાં બાળક પણ પોતાની મરજી પ્રમાણે ચાલતાં હોવાથી તેમના તરફથી થતી અડચણ સહન કરતું હોય, ત્યારે તેને જેટલી છૂટ મળે, તેના કરતાં બધાંએ આ નિયમ પ્રમાણે ચાલવાથી વધારે મળશે.

૪. આપરથી જણાય છે કે દરેક જણથી પોતાની મરજી પ્રમાણે ચાલી શકાય એ ખરી સ્વતંત્રતા નથી. સર્વને સરખી રીતે લાગુ પડતા કાયદા પ્રમાણે ચાલવાથી ખરી સ્વતંત્રતા મળે છે. જે પ્રમાણે ઘરનો ઉપરી પોતાના ઘરના નાના કુટુંબપર અમલ કરે છે તે પ્રમાણે સરકાર આખા દેશરૂપી મોટા કુટુંબ ઉપર અમલ કરે છે. જે ઘરનો ઉપરી પોતાનાં બધાં બાળકો સાથે સરખી મમતા અને સરખા ન્યાયથી વર્તે છે તે જેમ સારો ગણાય છે, તેમ જે સરકાર પોતાની બધી રૈયતના રક્ષણનો તથા સ્વતંત્રતાનો યોગ્યરીતે બંદોબસ્ત કરે છે તે સરકાર સારી ગણાય છે.

૫. જો ઘરનો ઉપરી એક બાળકપર વધારે હેત

રાખે છે અને તેને વધારે લાડ કરાવે છે તો બીજાં બાળક એવા અન્યાયથી ગુસ્સે થાય છે, સામાં થાય છે અને કંકાસ કરે છે. જો સરકાર રૈયત પૈકી કોઈ એક વર્ગના લોકોપર બીજા વર્ગના લોકો કરતાં વધારે મહેરબાની રાખે છે, અને એકને ફાયદો થાય અને બીજાને નુકસાન થાય એવા કાયદા કરે છે, તો જે વર્ગનું ગેરવ્યાજબી નુકસાન થતું હોય, તે વર્ગ ગુસ્સે થાય છે, બંડ કરે છે, અને દેશમાં અંદર અંદર મારામારી થવાનો સંભવ રહે છે.

૬. સરકાર ઘણી તરેહની હોય છે; પણ એ સર્વનો ઉપયોગ મનુષ્ય જાત સુખ અને સંપમાં એકત્ર રહી શકે એ છે. બાળપણમાં ઘરમાં એકત્ર રહેનાર ભાઇભાંડુ એક નાનો જનસમૂહ છે; અને તે પોતાનાં માબાપની આજ્ઞામાં રહી આગળ જતાં જનસમાજ રૂપી મોટા કુટુંબમાં રહેવાને લાયક થાય છે.

૭. પ્રાચીન કાળમાં સરકાર છેક સાદી એટલે કે કુટુંબ સંસ્થા જેવી હતી. કુટુંબમાં બાળકોને બાપ અથવા કુટુંબનો ઉપરી પોતાનાં બાળકપર પોતાની સત્તા ચલાવતો. પછી તે બાળકોને જ્યારે બાળક થતાં ત્યારે તે બાળક પણ તેમનાં માબાપની પેઠે તેમના ઘરડા વડત્તાની સત્તા નીચે રહેતાં, તેની આજ્ઞા પાળી તેને માન આપતાં, અને તેમના કજીઆ ટંટાનો ઈનસાફ તેની પાસે કરાવતાં. પછી છોકરાંના છોકરાંને પણ છોકરાં થાય, અને કુટુંબનો વડીલ ત્યાં સુધી

જીવે, તો પોતાના આ બધા પરિવારનો તે ઉપરી ગણાતો. આ પ્રમાણે એકજ કુટુંબના પરિવારની મોટી મંડળી જામતી; અને પોતાને અનુકૂળ આવે એવી જગોએ પોતાનાં ઢોરઢાંક સાથે રહેતી. કુટુંબી માણસો કુટુંબના વડીલની આજ્ઞામાં રહી દુશ્મન અને ક્રૂર પ્રાણીથી પોતાનો બચાવ કરતાં અને ટાઢ તડકાથી પોતાનું રક્ષણ કરતાં. તેમને કામકાજ વહેંચી આપવાનું, તેમની તકરારો ચૂકવવાનું અને એકંદરમાં તેમને બધી બાબતોમાં રસ્તો બતાવવાનું કામ તેમનો વડીલ કરતો. જાણે કોઇ નાના ઠાકોરનું નાનું રાજ્ય હોય નહીં, એવી રીતે કુટુંબનો વડીલ પોતાના કુટુંબીઓપર અમલ ભોગવતો. સરકારની શરૂઆત આ પ્રમાણે આપણા કુટુંબના વડીલના અમલથી થયેલી છે.

કુટુંબના વડીલના મરણ પછી તેના કુટુંબમાંથી બીજા કોઈ લાયક માણસને આગેવાન ઠરાવવામાં આવતો અથવા લગ્નથી જેની સાથે સંબંધ થયો હોય એવા બીજા કોઈ કુટુંબ સાથે તેનું કુટુંબ સામેલ જઈ જતું. આ પ્રમાણે એક આગેવાનના તાબાની મંડળી વધતી જતી અને એક જાત તરીકે આવી હે અથવા વધારે જાતોને ભેગા રહેવું અનુકૂળ જણાયાથી કોઈ કોઈ વાર એક કરતાં વધારે જાતો એક આગેવાનના તાબામાં ભેગી રહેતી.

૯. પ્રાચીનકાળમાં જ્યારે જમીન ખેડવાનું

કામ લોકોને માલમ નહોતું ત્યારે જે જમીનપર તે વસ્યા હોય તે જમીનનો કસ થોડા વખતમાં પૂરો થતો; અને તેમાંથી ઢોરને માટે પૂરતું ઘાસ તથા માણુસને માટે પૂરતો ખોરાક મળી શકતો નહીં. ચરોત્તરમાં જેટલી જમીનમાંથી હજાર માણુસ ખાય એટલું ધાન્ય પાકે છે તેટલી જમીનમાં ભીલડાંને હાથે ખેતી થાય તો સો માણુસ ખાય એટલું ધાન્ય પણુ પાકે નહીં. આપરથી તમારા ખ્યાલમાં આવશે કે જુના વખતમાં કેટલું થોડું પાકતું હશે.

૯. જ્યારે એક ઠેકાણુાની જમીનથી પોતાનું પૂરૂં થતું નહીં ત્યારે તે જગો છોડી ઉપર જણુાવેલી કૌટુંબિક મંડળીઓ બીજે ઠેકાણે જતી; અને ત્યાંથી ત્રીજે ઠેકાણે જતી; અને એ પ્રમાણે બધે ભટકતી. આવી ભટકતી જાતોમાં સારી જમીન મેળવવાને માટે વારંવાર લઢાઇઓ થતી.

૧૦. લઢાઈમાં બળવાન જાત નબળી જાતને હરાવતી; કોઇ બહાદુર લઢવૈયા નીચે કેટલીક જાતો કોઈ કોઇ વાર એકત્ર થતી અને પોતાનો બચાવ કરતી. એ લઢવૈયો આગેવાન ગણુાતો અને પોતાના તાબાની જાતોપર અમલ કરતો. શરૂઆતમાં દરેક કુટુંબનો વડીલ પોતાના કુટુંબીપર અમલ ચલાવતો, તેને બદલે આ પ્રમાણે પછીથી બહાદુર લઢવૈયા પોતાની આગેવાની નીચે એકત્ર થયેલી જાતોપર અમલ કરવા લાગ્યા.

૧૧. જે જાતોને જીત મળતી તેમની સંખ્યા અને તેમનું જોર ઝટ વધતાં; કારણ કે તેમણે જીતેલા લોક તેમના ગુલામ અથવા નોકર થતા અને બીજી નબળી જાતો પોતાના રક્ષણને માટે તેમની સાથે મિત્રાચારી કરી તેમનો આશ્રય લેતી. આ પ્રમાણે કેટલોક વખત ગયા પછી એટલા બધા લોક એક જણની આગેવાની નીચે એકઠા થતા કે તેઓને વસવાને એકાદ દેશ જેટલી જગો જોઈએ; તેથી એવો દેશ પસંદ કરી તેઓ ત્યાં રહેવા લાગ્યા; તે દેશ આખરે એક રાજ્ય ગણવા લાગ્યો અને તેનો આગેવાન પુરૂષ, રાજા કહેવાવા લાગ્યો.

૧૨. આ પ્રમાણે રાજાથી રાજ્ય ચલાવવાની શરૂઆત થઈ છે. કેટલેક ઠેકાણે રાજાને લોક પસંદ કરી નિમવા લાગ્યા; અને કેટલેક ઠેકાણે રાજાની પદવી બાપ પછી છોકરાને એ પ્રમાણે વંશપરંપરા મળવા લાગી.

પ્રશ્ન—૧. કઈ શરતે આપણને ગમે તે આપણે કરી શકીએ ? આપણને જે ગમે તેથી બીજાને ત્રાસ થાય એવા દાખલા આપો. ૨. છોકરાંને તેમની મરજી પ્રમાણે ચાલવા દેવાને કયારે હરકત નથી ? એવું બધે ઠેકાણે હોય છે ? તેથી કરીને છોકરાંને મરજી પ્રમાણે ચાલવા દીધાથી શું પરિણામ થાય છે ? ૩. કુટુંબમાં શાની જરૂર પડે છે ? નિયમ પ્રમાણે ચાલવાથી બાળકને શા ફાયદા થાય છે ? ૪. ખરી સ્વતંત્રતા શાથી મળે છે ? સરકાર ઘરના ઉપરીને કઈ બાબતમાં મળતી આવે છે ? ૫. કુટુંબમાં કંકાસ શાથી થાય છે ? દેશમાં બં

શાથી થાય છે? ૬. સરકારનો ઉપયોગ શો છે? બાળપણમાં માબાપની આજ્ઞામાં રહેવાથી આપણે શાને માટે લાયક થઇએ છીએ? ૭. પ્રાચીનકાળમાં સરકાર કેવી હતી? સરકારની ઉત્પત્તિ શી રીતે થયેલી છે? કૌટુંબિક મંડળી પોતાનું રક્ષણ શી રીતે કરતી? કુટુંબના વડીલના મરણ પછી શું થતું? ૮. પ્રાચીનકાળમાં જમીનમાં થોડું કેમ પાકતું? ૯. જમીનમાં થોડું પાકતું, તેથી પ્રાચીનકાળની કૌટુંબિક મંડળીઓ તથા જાતો શું કરતી? તેમનામાં લઢાઇઓ શાથી થતી? ૧૦. લઢાઇ થતી હોવાથી શું પરિણામ થયું? પછી કેવી જાતની સરકાર થઇ? ૧૧. જીત મેળવનાર જાતની સંખ્યા અને જોર શાથી ઝટ વધતાં? દેશ શાથી થયા? દેશનો આગેવાન કયા નામથી ઓળખાવા લાગ્યો? ૧૨. રાજા કેવી રીતે નિમાવા લાગ્યા?

---

૬૧. સરકાર અને સ્વતંત્રતા—ચાલુ.

૧. દેશમાં વસતા લોકોમાં શાંતતા રહે, એટલા માટે લોકોએ કેવી રીતે વર્તવું, એ બાબત ત્યાંની સરકારે અથવા રાજાએ કંઇ નિયમ અથવા કાયદા કરી રાખવા જોઇએ. જે દેશમાં આ નિયમ અથવા કાયદા પ્રમાણે લોકો બરાબર વર્તે છે તે દેશના લોકોમાંજ શાન્તિ રહેવાનો સંભવ રહે છે. કોઈ બાળકને કમનસીબે તેનાં માબાપ એવા દુષ્ટ અથવા ગેરચાલ ચાલનારાં હોય કે તેમની આજ્ઞા વિરૂદ્ધ વર્તવાની જરૂર પડે, તો તેની વાત જુદી છે; પરન્તુ જેનાં માબાપ તેવાં નથી હોતાં, એવા દરેક બાળકે પોતાના માબાપની આજ્ઞા અવશ્ય પાળવી જોઇએ.

તેજ પ્રમાણે જે દેશના કાયદા એવા ગેરવાજબી હોય કે સાર્વજનિક ભલાને માટે તે વિરૂદ્ધ ચાલવાની જરૂર પડે, તો તેની વાત જુદી છે; પરન્તુ બીજા દરેક દેશના લોકોએ પોતાના દેશના કાયદા અવશ્ય પાળવા જોઈએ.

૨. સુજ્ઞ બાપ પોતાના બાળકોને માટે જે નિયમ કરે છે તે નિયમ, તેનાં બાળકો પોતાને માટે જે નિયમ કરે, તેના કરતાં વધારે સારા હોય છે; તેનું કારણ દેખીતું છે; તેણે ઘણાં વર્ષનો અનુભવ મેળવ્યો હોય છે, તેથી સારૂં શું અને ખોટું શુ, એ તે વધારે સારી રીતે સમજે છે. એજ પ્રમાણે સુધરેલા દેશોમાં કાયદા ઘણા વર્ષના અનુભવથી સુધરતા આવેલા હોવાથી લોકોના જીવ, માલમત્તા, અને હક્કનું એવા કાયદાથી વધારે સારી રીતે રક્ષણ થવાનો સંભવ રહે છે.

૩ હિન્દુસ્તાનમાં દેશી રાજ્યો બાદ કરતાં બાકીના પ્રદેશમાં અંગ્રેજ સરકારનો અમલ છે. અંગ્રેજ સરકારના પ્રદેશમાં જે કાયદા ચાલે છે તે મહારાજા ઍડવર્ડનો પ્રતિનિધિ જેને વાઈસરૉય કહે છે તે તથા દરેક ઈલાકાનો ગવર્નર, અનુભવી અધિકારીઓની તથા લોકોએ ચુંટી કાઢેલા પ્રતિષ્ઠિત ગૃહસ્થોની સલાહથી તૈયાર કરે છે. દેશી રાજ્યોમાં રાજ્યકર્ત્તા રાજા પોતાના કારભારી તથા બીજા અનુભવથી માણસોની સલાહ લઇ કાયદા કરે છે. આ કાયદાથી બધી જાતના

લોકોને સરખો ન્યાય મળે છે અને તેમાં લોકમતને અનુસરીને વખતો વખત ઘટતો ફેરફાર કરવામાં આવે છે.

૪. કોઇ દેશના લોક બીજા કોઈ દેશ સાથે વગર કારણની અને ગેરવાજબી લઢાઇ કરવાનો આગ્રહ કરે, અને તેમના આગ્રહ પ્રમાણે તે દેશથી સરકાર ચાલે; તો તે દેશમાં કદી શાન્તિ રહે નહીં. કોઇ દેશમાં એક વર્ગના લોક સરકાર પાસે એવી માગણી કરે, કે અમુક પદાર્થ અમે વધારે વાપરીએ છીએ તેની ઉપરથી કર ઓછો કરો, અને અમુક પદાર્થ બીજા વર્ગના લોકો વધારે વાપરે છે તેની ઉપર કર વધારો, તો તેમનું એ માગણું સ્વાર્થી અને ગેરવાજબી ગણાય, એ દેખીતું છે. જો એવું માગણું સરકાર અવિચારથી મંજુર કરે, તો સરકારે એવા સ્વાર્થી લોકોને પોતાનો સ્વાર્થ સાધવામાં મદદ કરી બીજા લોકોને અન્યાય કર્યો કહેવાય. પોતાના કારખાનામાં બનતા પદાર્થોની ઘણી કિમ્મત મળે, એટલા માટે કોઈ દેશના કારખાનાવાળા સરકાર પાસે એવો કાયદો કરાવે, કે બીજા દેશમાં થોડી કિમ્મતે મળતા એજ પદાર્થો તેમના દેશમાં લાવી શકાય નહીં તો એવા કારખાનાવાળાએ પોતાના દેશીભાઇ પાસેથી માલની વધારે કિમ્મત લઈ પોતે પૈસાદાર થવાનો સ્વાર્થી માર્ગ પકડયો એમ કહેવાય.

૫. આ પરથી આપણને માલમ પડે છે કે દરેક જણ પ્રમાણિકપણે વર્તે, અને માત્ર પોતાના સ્વાર્થ

તરફ જ લક્ષ ન રાખે, તો તેથી તે પોતાના દેશનું ઘણું ભલું કરી શકે. જો કોઈ માણસ એમ કહે, કે મારા દેશના બધા કાયદા ઘણા વાજબી છે, અને તેથી બધી રૈયતને સરખા હક્ક મળે છે, માટે એ કાયદા પ્રમાણે હું હમેશ ચાલીશ, તો તેમાં તેને ઘણી શોભા છે; પરન્તુ જો તે એમ કહે, કે માત્ર જે કાયદા મારા લાભના છે, તે પ્રમાણે હું ચાલીશ અને મારા સ્વાર્થ વિરૂદ્ધના છે તે હું તોડીશ, તો તેથી તેની મૂર્ખાઈ જણાઈ આવે છે. આવો સ્વાર્થી માણસ માત્ર પોતાના સ્વાર્થ તરફ લક્ષ રાખી કેવાં અપ્રમાણિક અને ખોટાં કામ કરશે, એ કહેવાની ભાગ્યેજ જરૂર છે.

૬. જેમ જેમ લોકો પોતાના દેશી ભાઇઓ પ્રત્યે વધારે દયાળુ, ન્યાયી અને પ્રમાણિક થતા જશે, તેમ તેમ તેમને સરકારની થોડી જરૂર પડતી જશે. જેમ છોકરો મોટો થયા પછી બાપ તેના પરથી પોતાની સત્તા ધીમે ધીમે કમી કરતો જાય છે, અને જ્યારે તે પોતની મેળે યોગ્ય રીતે ચાલવાને લાયક થાય છે, ત્યારે પોતાની સત્તા ચલાવવાનું બંધ કરે છે, તેમ સુજ્ઞ સરકાર, જ્યારે પોતાની રૈયત પોતાની મેળે કાયદા પ્રમાણે અને ન્યાયથી વર્તવા લાયક થાય છે ત્યારે રૈયતને વધારે સ્વતંત્રતા આપે છે. "આપણે બીજા સાથે વર્તીએ છીએ તે પ્રમાણે બીજા આપણી સાથે વર્તે તો આપણને કેવું લાગે?" એ વચનનું રહસ્ય ધ્યાનમાં રાખી બધા લોકો પોતાના

કામકાજ અને વ્યવહારમાં ચાલે, તે ગુન્હા ઘણા ઓછા થાય અને ગુન્હેગારોને પકડવામાં તથા સજા કરવામાં સરકારને જે ભારે ખર્ચ કરવું પડે છે, તે કરવાની જરૂર રહે નહીં. આ પ્રમાણે થવાથી સરકાર પાસે એ ખર્ચના પૈસા શીલક રહે, અને તે લોકોને વધારે સુખી કરવાને ઉપયોગમાં લઈ શકાય.

૭. જ્યાં સુધી લોકોપર સરકારનો અમલ હોવાની આવશ્યક્તા છે. ત્યાં સુધી સરકાર ન્યાયી છે, એવો સરકારપર લોકોનો ભરોંસો હોવો જોઈએ. ન્યાયી હોવું એટલે પ્રત્યેકને જે તેનું છે અને જેના-પર વાસ્તવિક રીતે તેની માલકી છે, તે તેને આપવું. આ પ્રમાણે હોવાથી લોકો જ્યારે ન્યાય એ એક દેવ હોવાની કલ્પના કરે છે અથવા તેનું ચિત્ર કાઢે છે. ત્યારે તે દેવની આંખે પાટો બાંધે છે અને તેના હાથમાં ત્રાજવું આપે છે. એ ત્રાજવાવડે કોઈનો પક્ષ-પાત કર્યા વગર અથવા કોઈની બ્હીક રાખ્યા વગર તે દરેકને તેનો યોગ્ય હિસ્સો આપે છે, એમ બતા-વવાનો એ ચિત્રનો ઉદ્દેશ હોય છે.

૮. પ્રત્યેક માણસને પોતાનો જીવ, પોતાના અવયવ અને પોતાની વાજબી સ્વતંત્રતા એ દરેકનું રક્ષણ કરવાને સ્વાભાવિક હક્ક છે. ન્યાયી સરકાર પ્રત્યેક માણસના આ સ્વાભાવિક હક્કનું રક્ષણ કરે છે. જે પોતાનું રક્ષણ પોતે કરી શકતા નથી, તેમનું રક્ષણ સરકાર કરે છે અને માણસ સિવાયનાં બીજાં

પ્રાણી જે માણુસને ઉપયોગી છે, અથવા જે માણુસને ઉપદ્રવ કર્યા વગર રહી શકે છે, તેમનું રક્ષણ પણ સરકાર કરે છે.

૯. પ્રજાને પોતાનાં છોકરાં જેવી ગણુનાર સરકાર આથી પણ વધારે કરે છે, તે પોતાની પ્રજાને કેળવણી આપવાની સવડ કરે છે, કારણ કે કેળવણીથી પ્રજા ન્યાયથી વર્તવાને અને કાયદા પ્રમાણે ચાલવાને લાયક થાય છે.

૧૦. તમે મોટા થશો, ત્યારે કાયદા કરનાર સભામાં લોકો તરફથી મોકલવાના સભાસદ પસંદ કરવામાં મત આપવાનો તમને અધિકાર મળશે. તમને આ અધિકાર મળે ત્યારે જે માણુસ તમારૂં પોતાનું અથવા તમારી જાતના લોકોનું હિત સાચવવાનું વચન આપે, તેને મત આપશો નહીં. જે માણુસ બધી રૈયતને લાભ થાય એવા કાયદા કરવાનું વચન આપે, યાને બધા વર્ગના લોકોને સરખા ગણીને ચાલે એવો હોય, તેને મત આપજો.

પ્રશ્ન:—૧. લોકોમાં શાન્તિ રાખવા માટે રાજાએ શું કરવું જોઇએ? કયા દેશમાં શાન્તિ રહે છે? કેવા કાયદા ન પાળીએ તો ચાલે? ૨. સુધરેલા દેશના કાયદા શી રીતે તૈયાર થયા હોય છે? ૩. અંગ્રેજ સરકારના રાજ્યમાં કાયદા શી રીતે કરવામાં આવે છે? દેશી રાજ્યમાં શી રીતે કરવામાં આવે છે? ૪. લોકો પોતાનું સ્વાર્થીપણું શી રીતે બતાવે છે, ૫. શું કહેનારને શોભા મળે છે? શું કહેનાર મૂર્ખ ગણાય છે? ૬. લોકોને સરકારની જરૂર ક્યારે થોડી પડશે?

બધાએ કયું ધોરણ ધ્યાનમાં રાખી ચાલવું જોઇએ? તેથી શું પરિણામ થાય? ૭. સરકાર કેવી હોવી જોઇએ? ન્યાયને કેવું રૂપ આપવામાં આવે છે? ૮. ન્યાયી સરકાર રૈયતને માટે શું કરે છે? ૯. પ્રજાને પોતાનાં છોકરાં જેવી ગણનાર સરકાર શું વિશેષ કરે છે? ૧૦. તમને મત આપવાનો હક મળશે ત્યારે તમે શી રીતે ચાલશો?

---

૧૨. દેશાભિમાન.

૧. દેશપ્રીતિ એ ગૃહપ્રીતિની પેઠે સ્વાભાવિક છે; આપણો દેશ એ ખરૂં જોતાં આપણું એક મોટું ઘરજ છે; જે જગાઓ આપણે ઘણીવાર જોઇએ છીએ, અથવા જેના વિષે ઘણીવાર સાંભળીએ છીએ તે જગાઓ વિષે આપણા મનમાં વિશેષ ભાવ રાખવો અને જે લોકો આપણે જે દેશમાં રહી છીએ તે દેશમાં રહે છે તથા આપણે જે બોલ બોલીએ છીએ તે બોલી બોલે છે, અને જેમની રીતભાત, કાયદાકાનુનો અને ઇતિહાસ વગેરે સર્વ બાબતો આપણા જેવીજ છે, તે લોકો વિષે વિશેષ ભાવ રાખવો, તેનું નામ દેશપ્રીતિ.

૨. જે પ્રમાણે ઘણા લોકોને બીજા દેશો કરતાં પોતાનો દેશ વધારે સારો લાગે છે, તે પ્રમાણે ઘણાં બાળકોને પોતાનું ઘર બીજાં બાળકોનાં ઘર કરતાં વધારે સારૂ લાગે છે. પરન્તુ એ પ્રમાણે લાગે છે તેનું

કંઈ સંતોષકારક કારણ એ બેઉથી આપી શકાતું નથી.

૩. છોકરાં એકઠા થાય છે ત્યારે ઘણીવાર પોતપોતાના ઘરનાં વખાણ કરે છે. એમ કહે છે કે "મારૂં ઘર સૌથી સરસ છે, કારણ કે તે રસ્તાપર આવેલું છે, તેથી અમે રસ્તે જતા ગાડી ઘોડા જોઇ શકીએ છીએ, રસ્તે જતા લોકોને જોઈ શકીએ છીએ, અને વરઘોડો જતો હોય તો તે પણ જોઇ શકીએ છીએ." બીજું કહે છે કે "મારૂં ઘર તારા ઘર કરતાં વધારે સારૂં છે, કારણ કે તેની પાસે બાગ છે, અને તે બાગમાં અમારા સિવાય બીજા કોઇથી જવાતું નથી; વળી ત્યાંથી ખીસકોલીઓ અને વાંદરાં ઝાડ ઉપર કૂદતાં અને ગમ્મત કરતાં અમે જોઈ શકીએ છીએ" એટલામાં એક માછીનો છોકરો બોલી ઉઠે છેઃ— "અરે એથી તો મારૂં ઘર ઘણું સારૂં; કારણ કે ત્યાંથી દરિયો ઘણો પાસે છે. અને જતાં આવતાં વાહાણ અમારી નજરે પડે છે." છેવટ એક મજુરનો છોકરો કહે છે કે, "ભાઈ મારૂં ઘર તો ખરેખાત તમારા બધાનાં કરતાં ઘણું સારૂં; અમારી પાસે એક તળાવ છે, તેમાં અમે કાગળની હોડીઓ કરી તરવા મૂકીએ છીએ, નહાવા પડીએ છીએ, અને પાણી ઉછાળી ગમ્મત કરીએ છીએ."

૪. એક નાની છોડી કહે છે કે "મારા બાપનું ઘર સૌથી સારૂં છે, કારણ કે તેને છજ્જુ કાઢેલું છે." તેની પાસે તેના કરતાં બીજી એક નાની છોડી છે, તે

લહેકો કરી કહે છે, "હોવે, છે! મારા બાપનું નવું ઘર તારા કરતાં ઘણું સારૂં; કેટલું બધું દેવું કરીને મારા બાપાએ નવું ઘર બંધાવ્યું છે, તે તું જાણે છે?" "દેવું" એટલે શું તેની એ બીચારીને ખબર નહોતી; પણ ઘણું દેવું કરીને તેના બાપે નવું ઘર કર્યું છે એમ તેના સાંભળવામાં આવેલું હતું, અને બાપા કદી ખોટું કામ કરે નહિ, એમ તે માનતી હતી. યુનૈટેડસ્ટેટ્સને માથે દેવું ઘણું વધી ગયું હતું, ત્યારે ત્યાંનો એક વતની દેવું વધી ગયાના કારણથી પોતાના દેશની મોટાઈની બડાઈ મારતો હતો. તેજ પ્રમાણે આ છોડી પણ પોતાના બાપના દેવાને લીધે તેના ઘરની સરસાઈની બડાઈ મારતી હતી. હિન્દુસ્થાન ઇંગ્લાંડ, ફ્રાન્સ, જર્મની અને ગ્રીનલેન્ડ એ દરેક દેશના લોક ભેગા થયા હોય, અને કોનો દેશ સૌથી સારો એ વિષે વાતચિત કરતાં હોય, ત્યારે તેમનું બોલવું, ઉપર જણાવેલાં છોકરાં પોતાના ઘર વિષે બોલતાં હતાં, તેના કરતાં વધારે સંતોષકારક જણાશે નહીં.

૫. એકવાર કેટલાક અમેરિકન ખલાસીઓને ગ્રીનલેન્ડ બેટમા એક માણસ આર્ટીક સમુદ્રમાં કિનારા પર માલમ પડયો. તે બરફની ઝુંપડીમાં રહેતો હતો, હરણનું ચામડું શરીરપર વિંટાળતો હતો, અને ફકત માછલાં ખાઈને રહેતો હતો. ત્યાં શિયાળામાં ઘણા માસ સુધી એક સરખી રાત રહેતી શિયાળો બેસતાં સુર્ય અસ્ત પામતો, અને પછી ઘણા

માસ સુધી ઉગતોજ નહીં; તે વખતે તેની ઓરડીમાં માછલીના તેલનો ઝાંખો દીવો બળતો, તે સિવાય બીજો કાંઈ પ્રકાશ તેના જોવામાં આવતો નહીં. પછી વસંતઋતુમાં સુર્ય પાછો ઉગતો ત્યારે ત્યાં ઝાડ પાંદડાંથી અને ફુલફળથી, અને જમીન લીલાછમ ઘાસથી સુશોભિત દેખાતાં નહીં. બધું પહેલાંના જેવું ઉજડ અને ખાલી દેખાતું; અને તાઢ તો એટલી બધી કે આપણે ઠુંઠવાઈ જઇએ.

૯. તોપણ આવો ગ્રીનલેન્ડ દેશ તે માણસને ઘણો વહાલો લાગતો; અને તે એમ કહેતો કે આવો રમણિય દેશ દુનિયામાં બીજો કોઇ નહિ હોય. પેલા ખલાસીઓએ તેને ઘણા આગ્રહથી પોતાની સાથે દક્ષિણ તરફ ગરમ દેશમાં આણ્યો; ત્યાં સુર્ય દરરોજ ઉગતો; અને ઝાડ પાંદડાથી અને ફુલફળથી, અને જમીન ઘાસથી, સુશોભિત દેખાતાં; તાઢ બહુ વાતી નહીં; અને ખાવાને સારી સારી વસ્તુઓ મળતી. પણ ત્યાં આગળ પેલા માણસને કંઇ ચેન પડયું નહીં; અને તે કંટાળીને પેલા ખલાસીઓને કહેવા લાગ્યો, કે મહેરબાની કરી મને મારે દેશ મૂકી આવો. પછી ગ્રીનલેન્ડ તરપ્ એક વહાણ જતું હતું તેમાં તેને રવાના કરવામાં આવ્યો. જેમ જેમ પોતાના દેશ નજીક તે આવવા લાગ્યો, તેમ તેમ વધારે ખુશ થવા લાગ્યો, અને ખલાસીઓને પૂછવા લાગ્યો, તે બરફ ક્યારે દેખાશે? આખરે જ્યારે બરફ સિવાય

બીજું કંઈ દેખાવા લાગ્યું નહીં, અને ગ્રીનલેન્ડ દેશને કિનારે વહાણ આવી પહોંચ્યું, ત્યારે તે ઘણો ખુશી થયો અને તુર્ત ઉતરી પડી પોતાના દેશ તરફ દોડી ગયો.

૭. આપરથી તમને જણાશે કે જે કારણોને લીધે આપણો દેશ બીજાઓને બિલકુલ પસંદ પડે નહીં, તેજ કારણોને લીધે કદાચ આપણને તે વહાલો લાગે છે; આપણા દેશને માટે આપણે અભિમાન રાખતા હોઈએ, તેપરથી કંઈ એમ સાબીત થતું નથી, કે આપણો દેશ ખરેખર બીજા દેશો કરતાં વધારે સારો છે. એટલા માટે દેશાભિમાન બે પ્રકારનું છે, એમ કહી શકાય. એક ખરૂં અને વાજબી દેશાભિમાન; અને બીજું ખોટું અને ગેરવાજબી દેશાભિમાન; ખરા દેશાભિમાનવાળો પુરૂષ બીજા દેશોના ગુણ કબુલ કરે છે; પરન્તુ ખોટા દેશાભિમાનવાળા પુરૂષને તો માત્ર પોતાના દેશનું હોય એલુંજ સારૂં જણાય છે.

૮. ખરો દેશાભિમાની પુરૂષ પોતાના દેશના હિતને માટે અંતઃકરણથી કાળજી રાખે છે. સેંકડો દેશાભિમાની પુરૂષોએ પોતાના દેશને માટે પોતાનો જીવ આપેલો છે; આવી રીતે દેશને માટે મરવું એ ઘણું ઉમદા ગણાય છે. ખરા દેશાભિમાની પુરૂષના લક્ષમાં પોતાના દેશની ખામીઓ ઝટ લઈને આવે છે અને તે દૂર કરવાને અથવા સુધારવાને પોતાનાથી બનતો પ્રયત્ન તે કરે છે. જે માબાપને પોતાનાં છોકરાં માટે ખરી પ્રીતિ હોય છે, તે માબાપને

પોતાનાં છોકરાંના દોષ જોઇ મનમાં ખોટું લાગે છે, અને તેથી તે સુધારવાને તેઓ પ્રયત્ન કરે છે. ખરો દેશાભિમાની પુરૂષ પોતાના દેશના સંબંધમાં એજ પ્રમાણે વર્તે છે.

૯. પોતાના દેશ કરતાં બીજા દેશોમાં જે જે સારી બાબતો હોય, તે ખરો દેશાભિમાની પુરૂષ તુરત જોઇ શકે છે. બીજા દેશોના હુન્નર, કળાકૌશલ્ય, રીતભાત અને રહેણી કરણી પોતાના દેશના કરતાં તેને ચઢિયાતાં લાગે તો પોતાના દેશમાં તે દાખલ કરવાને તે ઇન્તેજારી બતાવે છે. તેથી કરીને પોતાના દેશ અને બીજા દેશ વચ્ચે વ્યવહાર અને વ્યાપાર ચાલવાને જે હરકતો પડતી હોય, તે દૂર કરવાને તે પ્રયત્ન કરે છે. તે પોતાના દેશનું અભિમાન રાખે છે, તેનું કારણ એ નહીં કે બીજા દેશો કરતાં કદમાં તેનો દેશ મોટો છે, અથવા બીજા દેશો કરતાં તેના દેશનું લશ્કર મોટું છે; તેના અભિમાનનું કારણ એ હોય છે કે તેના દેશને હાથે સારાં સારાં કામ થાય છે, અને તેના દેશમાં બીજા દેશોના લોકોને સુશિક્ષિત, નીતિમાન, અને સુખી કરવાનાં સાધન છે.

૧૦. બીજા દેશો પ્રત્યે સારી લાગણી ધરાવવામાં ખરા દેશાભિમાનથી કંઈ અડચણ આવતી નથી. આપણાં ઘરનાં માણસને આપણે ચાહાતા હોઇએ, તેથી કરીને આપણા પડોશીના ઘરનાં માણસને ચહાવાને આપણને કંઈ પ્રતિબંધ થતો નથી. પ્રીતિ એ મનો-

વૃત્તિ આપણા મનમાં પ્રથમ આપણા ઘરમાં ઉત્પન્ન થાય છે, એ વાત ખરી છે; પરન્તુ જેમ જેમ આપણે મોટા થતા જઈએ છીએ તેમ તેમ તે પણ વધે છે; અને જે લોકો આપણી સાથે પરિચયમાં આવે છે, તેમને પણ આપણે ચાહીએ છીએ. જ્યારે આ પ્રમાણે છે ત્યારે પ્રીતિને આપણાં દેશની હદમાંજ રાખવાને કંઈ કારણ નથી; અને તે રહે પણ નહીં. આપણી ઓળખાણ જેમ જેમ વધતી જાય છે, તેમ તેમ આપણી પ્રીતિ પણ વધતી જાય છે. એ પ્રમાણે આપણી પ્રીતિ વધતી જાય એટલે આ પૃથ્વીપરનાં સર્વ મનુષ્ય આપણાં ભાઈબહેન છે એમ આપણને લાગે છે.

૧૧. પ્રીન્સ લીઓપોલ્ડે એક ભાષણમાં કહ્યું હતું કે માણસ પોતાના ગામ કે શહેરના સંબંધમાં પોતાનું કર્ત્તવ્ય કરતો રહે તો પોતાના દેશના અથવા બધી દુનિયાના સંબંધમાં પોતાનું કર્ત્તવ્ય કરવાની યોગ્યતા તેનામાં આવે છે.

પ્રશ્નઃ—૧. ગૃહપ્રીતિના જેવું શું સ્વાભાવિક છે? દેશપ્રીતિ એટલે શું? ૨. ઘણાં બાળકોને પોતાનું ઘર કેવું લાગે છે? ઘણા જણને પોતાનો દેશ કેવો લાગે છે? તેનું સંતોષકારક કારણ તેઓ આપી શકે છે? ૩–૪. છોકરાં પોતાના ઘરને સૌથી સારૂ કહેવાને કેવાં કારણ બતાવે છે, તેના દાખલા આપો. ૫. ગ્રીનલેન્ડનો માણસ પોતાના દેશમાં કેવી રીતે રહેતો? ૬. ખલાસીઓએ તેને શું કર્યું? એ ફેરફારથી તેને કેવું લાગ્યું? પછી તે ક્યારે સુખી થયો? ૭. દેશાભિમાનના બે પ્રકાર કયા છે? ખરો દેશાભિમાની કોને કહેવાય?

ખોટો કોને કહેવાય? ૮. ખરો દેશાભિમાની શાને માટે કાળજી રાખે છે? પોતાના દેશનું શું તેના લક્ષમાં વહેલું આવે છે? ૯. ખરો દેશાભિમાની બીજા દેશોનું શું તુરત જોઇ શકે છે? પોતાના દેશને માટે તે શું કરે છે? તે પોતાના દેશનું અભિમાન શા કારણને લીધે રાખે છે? ૧૦. પ્રીતિ કયાં ઉત્પન્ન થાય છે? અને કયાં સુધી વધે છે? ૧૧. પ્રીન્સ લીઓપોલ્ડે શું કહ્યું હતું?

---

૧૩. અનિષ્ટ ટાળવાને ઇષ્ટ ઉપાય.

૧. કોઈ કુટુંબમાં ઘણાં બાળકો હોય તો તે સઘળાં હમેશ યોગ્ય રીતે ચાલે છે, એમ કંઇ નથી. તેમાં કેટલાંક જક્કી હોય છે, કેટલાંક એકલપેટાં હોય છે, અને કેટલાંક ચિડિયા સ્વભાવનાં પણ હોય છે; વળી કેટલાંક તો એટલાં નાનાં હોય છે કે તેમને ખરા ખોટાની સમજ પણ હોતી નથી. આવાં બાળકોથી ખોટું કામ થવાનો, નુકસાન થવાનો અને ઘરનાં માણસોને ત્રાસ થવાનો સંભવ રહે છે. પરંતુ તેટલાજ કારણથી તેમને સરખાં ગુન્હેગાર ગણવાં એ બરોબર નથી.

૨. બે ત્રણ વર્ષનું એક નાનું બાળક એક દડીવડે પોતાના ઘરના દીવાનખાનામાં રમતું હતું. દડી આમ તેમ ફેંકતાં એક કાચના બારણાપર વાગી અને કાચ ફુટી ગયો. તેને દોષવાન ગણી શિક્ષા કરવી અથવા ઠપકો દેવો એમ કોઇના મનમાં આવ્યું નહીં.

ઉલટી તેની મા એમ કહેવા લાગી કે બાળક દડી લઇને રમતું હતું છતાં મેં તેનાપર નજર ન રાખી એ મારી ભૂલ થઈ છે. ત્યાર બાદ જ્યારે એ છોકરૂં દીવાનખાનામાં રમતું ત્યારે તેના હાથમાં કઠણ દડી ન આપવાનો બંદોબસ્ત રાખવામાં આવતો.

૩. દશ વર્ષનો એક છોકરો પોતાની ગોફણ લઈ રસ્તાપર ગયો; અને ગોફણમાંથી પથ્થર ઉંચે ઉડે છે કે નહીં, એ જોવાને પથ્થર ફેંકવા લાગ્યો. આથી તેનો બાપ તેનાપર ગુસ્સે થયો; કારણ કે રસ્તાપર પથ્થર ફેંકવામાં આવે તો રસ્તે જનાર કોઈ માણસને વાગી બેસે, એમ સમજવા જેટલી ઉમ્મરનો તે છોકરો હતો; તેણે પોતાના છોકરાને ઠપકો આપ્યો, અને ફરીથી એ પ્રમાણે નહીં કરવાને કહ્યું. પણ તે છોકરો એવો સ્વછંદી હતો કે બાપનું કહ્યું માન્યું નહીં; અને ફરીથી રસ્તાપર જઈ પથ્થર ફેંકવા લાગ્યો. આ વખતે એક જુવાન માણસ રસ્તેથી જતો હતો, તેની આંખપર એક પથ્થર જોરથી વાગ્યો, તેથી તે ફૂટી ગઈ, અને તે બિચારો આંધળો થયો.

૪. હવે જો આ છોકરો સારા સ્વભાવનો હોત, તો તેણે પેલા બિચારાની આંખ ફોડી, તેથી તેના મનમાં ઘણું ખોટું લાગત. માટે તેના મનનો પસ્તાવો એજ શિક્ષા બસ છે, એમ સમજી તેની ભૂલ બદલ તેને માફી આપી હોય, તો કંઇ હરકત નથી. મેં બિચારા એક જુવાનને મારી કસુરથી આંધળો કર્યો છે, એમ

તેને જન્મારા સુધી યાદ રહેત અને ફરીથી એવી કસુર ન કરવાને તે ખબરદારી રાખત.

૫. એવા બાળકને શિક્ષા કરવામાં કાંઇ ફાયદો નથી. એક ખોટું કામ તો થયું હતું, અને તેને શિક્ષા કરવાથી બીજું થાય. પણ પેલો છોકરો સ્વછંદી અને બેપરવા હતો; તેના બાપે તેને ના કહ્યા છતાં તે ફરીથી ગોફણ લઇને રસ્તાપર ગયો હતો, માટે જો તેનો બાપ તેને શિક્ષા ન કરે તો વળી ફરીથી ગોફણ લઇ તે રસ્તાપર જાય, અને બીજા કોઇને વગાડે. માટે તેણે તેને શિક્ષા કરી, અને તે એવી સખત કરી, કે છોકરાને તે આખો જન્મારો યાદ રહી; અને ફરીથી એવું કામ તેણે કોઇ દહાડો કર્યું નહીં.

૬. આ પ્રમાણે આ છોકરાને શિક્ષા થઈ તે બરોબર થયું, એમ તમને જણાશે. આવા છોકરાને શિક્ષા કરવી એ બીજાઓ પ્રત્યે દયા કરવા, અને ન્યાય કરવા બરોબર છે; કારણ કે તેને શિક્ષા કરવાથી ફરીથી કોઇની આંખ ફૂટવાનો પ્રસંગ આવતો નથી. એવા છોકરાને માફી આપવાથી બીજાઓને ઘણો અન્યાય થાય, કારણ કે માફી મળવાથી એવો છોકરો વધારે બેપરવા **અને સ્વછંદી** થાય, અને લોકોને વધારે દુઃખ દે.

૭. એ છોકરાને શિક્ષા કરવામાં આવી એ બરોબર થયું એમ કહેવાને એક બીજું પણ કારણ છે.

આવા અપરાધ કરનાર છોકરાને શિક્ષા થતી નથી, એમ બીજાં મસ્તીખોર અને સ્વછંદી છોકરાંને માલમ પડે, તો તેઓ પણ ગોપૂણના ગોળા ફેંકવામાં કાળજી રાખે નહીં, અને તેથી આડોશપાડોશના લોકોને ઘણો ત્રાસ થાય. આ નાની શીકડી વાત ઉપરથી આપણને સારી રીતે સમજાય છે કે, શિક્ષા એ શું છે, અને શાને માટે કરવામાં આવે છે. જે અપરાધ થયો હોય તેનું વેર વાળવાને શિક્ષા કરવામાં આવતી નથી. શિક્ષા એટલાજ માટે કરવામાં આવે છે કે અપરાધી માણસ અથવા બીજો કોઈ માણસ ફરીથી એવો અપરાધ કરે નહીં. અપરાધ ફરી ના થવા દેવાને જેટલી શિક્ષાની જરૂર હોય, તે કરતાં શિક્ષા જો વધારે હોય, તો તે ઘાતકીપણું છે; જો ઓછી હોય તો બીજાઓ પ્રત્યે અન્યાય છે.

૮. તેટલા માટે કુટુંબના કિંવા રાજ્યના રાજ્યકર્તાનું કર્તવ્ય એ છે કે તેણે અપરાધની શિક્ષા એવી રીતે કરવી કે ફરીથી અપરાધ કે ગુન્હો થતો અટકે; અને તે ઉદ્દેશ પાર પાડવાને જેટલી શિક્ષાની જરૂર હોય તે કરતાં વધારે કરવી નહીં.

૯. કુટુંબોનાં માણસો અથવા મિત્રો એક બીજા સાથેના વર્તનમાં જે નાની નાની ચૂકો અને કસુરો કરે છે, તે ઘણું કરીને ઉતાવળીઆ સ્વભાવને લીધે અગર ગેરસમજથી કરે છે; એટલા માટે એવી ચૂકો અને કસુરોને માટે શિક્ષા કરવાની કંઈ જરૂર નથી. એવી

કસુરો કર્યા પછી આપણા મનમાં પસ્તાવો થાય છે; અને આપણે એક બીજાની એવી કસુરો માફ કરીએ છીએ તેથી એકને થએલા પસ્તાવાથી અને બીજાએ આપેલી માફીથી એક બીજા પ્રત્યેના પ્રેમમાં વધારો થાય છે.

૧૦. હું એમ કહેવા નથી માગતો કે પાછળથી આપણી અન્યોઅન્યની પ્રીતિ વધે એટલા માટે આપણે કજીઆ કરવા જોઈએ. મારી કહેવાની મતલબ એટલીજ છે કે કડવાશનું પરિણામ કોઈ કોઈવાર પાછળથી મીઠું આવે છે, માટે કોઇ કસુર કરે તો આપણે તેને શિક્ષા કરવાને ઉતાવળીઆ થવું નહીં.

૧૧. આપણાથી કદી ભૂલ થાયજ નહીં એવા આપણે સંપૂર્ણ નથી. મનમાં લાગણી હોય અને અંતઃકરણ સારૂં હોય, તો કોઈએ આપણો અપરાધ કર્યો હોય ત્યારે તેનું વેર લેવાને બદલે માફી આપવી એ વધારે સારૂં છે; કારણ કે કસુરની દુરસ્તી કરવી, અને ફરી કસુર ન થવા દેવી, એ આપણી હમેશ મતલબ હોવી જોઈએ. કોઈએ આપણું નુકસાન કર્યું હોય ત્યારે આપણે તેનું નુકસાન કરવાથી એકને બદલે બે અનર્થ થાય છે. પણ જો આપણે તેને માફી આપીએ તો જે એક અનર્થ થયો હોય તે સુધારવાનો સંભવ રહે છે. આપણે મોટું મન બતાવવાથી કસુર કરનારના મનમાં ઘણું કરી પસ્તાવો થશે, અને તે ફરીથી એવી કસુર નહીં કરે વળી તેણે કરેલી કસુરના બદલામાં આપણને કંઇ ફાયદો

કરવાનો લાગ તે શોધશે. પછી તેના બદલામાં આપણે તેનો કંઈ ફાયદો કરીશું, વળી તે આપણો કરશે, અને આ પ્રમાણે થયેલી કસુર માફ કરવાથી આખરે બંનેને ઘણો ફાયદો થશે, અને બંને વચ્ચે મિત્રતા થશે.

૧૨. થએલા અપરાધની માફી આપવાથી ઘણા જણ વચ્ચે દીલોજાન દોસ્તી બંધાઇ છે; અને તે ઘણો લાંબો વખત ચાલી છે. એક જણ મોટું મન રાખી થયેલા અપરાધની માફી આપે, એટલે બીજો માણસ તેનો આભારી થઈ તેનાપર પ્રીતિ કરે, એ સ્વાભાવિક છે.

૧૩. દુનિયા સંપૂર્ણ સ્થિતિએ ત્યારે પહોંચી ગણાય, કે જ્યારે દુનિયામાં શિક્ષા કરવાની જરૂર પડે નહીં, જ્યારે અનિષ્ટ ટાળવાને અને ઇષ્ટની પ્રાપ્તી કરવાને, દયા, ક્ષમા અને મનનું મોટાપણું એજ બસ ગણાય, અને જ્યારે બાળકો, મોટાં માણસો અને રાજ્યો એકબીજા સાથે સૌજન્ય અને શાણપણથી વર્તી કજીઆ કરવાનું તજી દે.

૧૪. પરંતુ હાલ તો દુનિયાં એવી સ્થિતિએ પહોંચી નથી. બધી જાતના અપરાધીઓને શિક્ષા કર્યા વગર છોડી મૂકવામાં આવે, તો નક્કી સમજવું કે ખરાબ લોકોને ઉત્તેજન મળશે, અને તેઓ સારા લોકોને સુખમાં રહેવા દેશે નહીં. શાણી સરકાર જ્યાં દયા બતાવવાથી ચાલે એવું હોય ત્યાં દયા બતાવે

છે; પરંતુ જ્યાં ગુન્હેગારને સુધારવાને તથા બીજાઓને ગુન્હો નહીં કરવાની ચેતવણી આપવાને શિક્ષા કરવાની જરૂર હોય, ત્યાં શિક્ષા કરે છે.

પ્રશ્ન:—૧. બધાં બાળક કેમ ખરી રીતે ચાલી શકતાં નથી ? બધાને સરખાં ગુન્હેગાર કેમ ન ગણવાં જોઇએ ? ૨ બે ત્રણ વર્ષનું બાળક બારીનો કાચ ભાગે તો તેમાં કોનો વાંક છે ? ૩. તેના બાપે ઠપકો આપ્યા છતાં પેલો છોકરો ગોફણ લઇને રસ્તા ઉપર ફરીથી કેમ ગયો ? તેણે શું નુકસાન કર્યું ? ૪. જો એ છોકરો સારા સ્વભાવનો હોત, તો કેટલાથી બસ થાત ? પણ આ છોકરો કેવો હતો ? ૫. તેથી તેને શું કરવામાં આવ્યું ? ૬. તેને શિક્ષા કરવી એ કેમ બરોબર થયું ? તેને માફી આપી હોત તો કોને નુકસાન થાત ? ૭. એ શિક્ષા બરોબર હોવાનું બીજું કારણ બતાવો. શિક્ષા કરવાનો ખરો હેતુ શો છે ? ૮. તેટલા માટે કુટુંબ કે રાજ્યના રાજ્યકર્ત્તાએ શું કરવું જોઇએ ? ૯–૧૦. કુટુંબમાં થતી નાની નાની ચૂકો અને કસુરો કેવા પ્રકારની હોય છે ? તેથી ઘણીવાર શો ફાયદો થાય છે ? ૧૧. વેર લેવાના કરતાં માફી આપવી એ કેમ સારૂં છે ? તેથી શો ફાયદો થાય છે ? ૧૨. માફી આપવાથી બીજું શું થાય છે ? ૧૩. દુનિયા સંપૂર્ણ સ્થિતિએ ક્યારે પહોંચી ગણાય ? ૧૪. બધા અપરાધીને શિક્ષા કર્યા વગર જતાં કરવામાં આવે, તો શું પરિણામ થાય ? સરકાર કયે ધોરણે ચાલે છે ?

---

૧૪. અનિષ્ટ ટાળવાનો ઈષ્ટ ઉપાય.—ચાલુ.

૧. પેલા બેત્રણ વર્ષના બાળકે દીવાનખાનાની

બારીનો કાચ ભાગ્યો હતો, તે જેમ શિક્ષા કરવા લાયક ગણાયું નહોતું, તેમ કેટલાક મોટી ઉમ્મરના માણસો પણ શિક્ષા કરવાને લાયક ગણાતા નથી. ગાંડા અને ડાગળી ખસેલા લોકો ખરૂં શું અને ખોટું શું, તે સમજી શકતા નથી, માટે તે આ વર્ગમાં ગણાય છે. એવા લોકો પોતાની જાતને અથવા બીજાઓને નુકસાન કરી બેસે નહીં, એટલા માટે તેમને ઘરમાં પૂરી રાખવામાં આવે છે, અથવા ગાંડા લોકોને માટે બાંધેલા આશ્રમમાં રાખવામાં આવે છે. એવા લોકોપર દયા રાખવી, એ મનુષ્યવર્ગપર દયા રાખવા બરોબર છે; કારણ કે તેમની સાથે આપણે જેમ વધારે માયાળુપણાથી વર્તીએ તેમ તેમને હાથે થોડું નુકસાન થવાનો સંભવ છે.

૨. કેટલાક લોકો દારૂ પી છાકટા બને છે ત્યારે તેમને ખરા ખોટાનું ભાન રહેતું નથી. એવે વખતે તેઓ ગાંડા જેવાજ હોય છે. તોપણ આવા લોકો કંઈ ગુન્હો કરે, તો તેને માટે તેમને સખત સજા કરવી જોઈએ; કારણ કે જો તેમને જતા કરવામાં આવે, તો તેઓ ફરીથી દારૂ પી છાકટા બનતાં ડરે નહીં; તેમજ તેમના દાખલાથી બીજા લોકોપર પણ ખરાબ અસર થાય.

૩. દારૂડીયા લોકોપર દયા રાખવી એ સારા અને નિરૂપદ્રવી લોકોપર જુલમ અને અન્યાય કરવા બરોબર છે, કોઈ માણસને દારૂ પીવાનું વ્યસન

લાગ્યું હોય, તો તેને ગાંડા માણુસની પેઠે ઘરમાં કે આશ્રયસ્થાનમાં પુરી રાખવો જોઇએ. દારૂડીઆ લોકોને શિક્ષા કરવાથી તેમને તથા જનસમાજને જેટલો ફાયદો થાય છે, તેના કરતાં તેમને સમજુત તથા સારો દાખલો આપી તેમનું વ્યસન છોડાવવાથી વધારે ફાયદો થાય છે.

૪. કેટલાંક છોકરાં ઘણો અપરાધ કરે છે. તો પણ તે બાબત તેમને શિક્ષા કરવી એ બરોબર નથી. આ છોકરાં ક્યાં એમ તમે પૂછો છો ? આ છોકરાં એ કે જે ગરીબ અને કંગાળ હોય છે, અને જેમને તેમનાં દુષ્ટ માબાપે ચોરી કરતાં, ભીખ માગતાં, ઠગાઈ કરતાં અને એવા બીજા ખરાબ માર્ગે પોતાનું પેટ ભરતાં શીખવ્યું હોય છે. તેમને કોઇ ઠેકાણે ઘરબાર હોતું નથી. તેમનાં માબાપની પેઠે તે પણ કોઈ મોટા શહેરમાં અહીં તહીં ભટકતાં ફરે છે; અને રાત્રે ગમે ત્યાં પડયાં રહે છે.

૫. આવાં છોકરાં ખરૂં ખોટું ઓળખી શકે, તે પહેલાં તેમને શિક્ષા કરવી, એ નિરૂપયોગી છે. તેમનું અંતઃકરણ પ્રથમ જાગૃત કરવું જોઇએ; અને તેમને બતાવી આપવું જોઇએ કે સદાચાર અને પ્રમાણિકપણાથી ચાલવામાં કેટલું બધું સારૂં છે. તેટલા માટે એવાં છોકરાંને માટે સુધરેલા દેશોમાં શાળાઓ અને ઉદ્યોગશાળાઓ સ્થાપન કરવામાં આવે છે. ત્યાં તેમને કેળવણી મળે છે, તેથી તેઓ

કોઈ સારે ધંધે લાગી જવાનો સંભવ રહે છે; આવાં છોકરાંપર દયા કરવી એ પ્રત્યેક માણુસપર દયા કરવા બરોબર છે, કારણ કે જુવાન ગુન્હેગારોને આગળ જતાં મોટા ગુન્હેગારો થતાં અટકાવવા, એના જેવું સારૂં બીજું કાંઈ નથી

૬. જેઓ પહેલીવારજ અપરાધ કરે છે; અથવા જેઓ એવી નાની ઉમ્મરના હોય છે, કે તેમનામાં વધારે સમજ હોઇ શકે નહીં, તેમને ન્યાયાધીશ પણ દયા બતાવે છે. જે કેદખાનામાં ગુન્હેગારોને રાખવામાં આવે છે, તે કેદખાનામાં તેમને સુધારવાનાં અને કેળવણી આપવાનાં સાધન રાખવાં જોઇએ. નઠારામાં નઠારા માણુસને પણ સુધારી સારે રસ્તે ચઢવાની તક આપવી જોઈએ. જેમ રોગ થવાજ દેવો નહીં એ વધારે સારૂં છે, તેમ શાળા એ ઉત્તમમાં ઉત્તમ કેદખાના કરતાં વધારે સારી છે.

૭. જનસમાજમાં એવા પણ કેટલાક લોકો હોય છે, કે જેમને ગુન્હેગાર કહી શકાય નહીં, તો પણ તેમના તરફથી જનસમાજને ઘણો ઉપદ્રવ થાય છે. આ લોકો શહેરમાં ભીખ માગતા ફરનાર આળસુ, નિરૂદ્યોગી અને વ્યસની લોકો છે. આ લોકો હમેશ ભીખારીજ રહે છે; કારણ કે મહેનત કરી પોતાનું પેટ ભરવાની તજવીજ તેઓ કદી કરતા નથી. અને ખુશીથી ભીખ માગીને પોતાનું ગુજરાન ચલાવે છે. આવા લોકોપર દયા કવી, અથવા તેમને ભીખ આપવી,

એ મહેનતુ ઉદ્યોગી લોકોને અન્યાય કરવા બરોબર છે; કારણ કે તેમ કરવાથી આળસને ઉત્તેજન મળે છે. વળી ભીખારી લોકો જનસમાજને કંઈ બદલો આપ્યા વગર નકામું ખાઈ જાય છે. વળી અમે પહેલા ભાગમાં કહી ગયા છીએ કે આળસુ અને નિરૂદ્યોગી લોકો ઘણું કરી નઠારા હોય છે અને નઠારાં કામ કર્યા કરે છે.

૮. પાત્રાપાત્રનો વિચાર કરી પુન્યદાન કરવું, તેજ ખરૂં પુન્યદાન. દુઃખી લોકો પ્રત્યે લાગણી રાખવી, તેમનાપર દયા કરવી, અને જે મદદ માગવાને લાયક હોય તેમનેજ મદદ કરવી, એ ખરી સખાવત છે. પરંતુ લોકો પોતે કંઈ ન કરતાં બીજાઓની આશા રાખી બેશી રહેતા હોય, તેમને મદદ કરવી એ ખરી સખાવત નથી. માણસે આળસુ રહેવું અને ભીખ માગવી તેના કરતાં ઉદ્યોગ કરવો અને કમાવું એ વધારે સારૂં છે, એમ કેળવણી લીધાથી જેમ લોકોના સમજ્યામાં વધારે આવશે તેમ આ નિરૂપયોગી અને ત્રાસદાયક ભીખારી લોકોની સંખ્યા ઓછી થતી જશે.

બધા જણ પ્રત્યે દયા અને ન્યાયથી વર્તવાને કેટલાકને શિક્ષા કરવી પડે છે અને કેટલાકને માફી આપવી પડે છે, એમ નીચેના દ્રષ્ટાંતથી જણાશે:—

“ રણછોડલાલ કરીને એક મોટા ન્યાયી અને દયાળુ કારખાનદાર હતા. તેમના કારખાનામાં કામ

કરનાર લોકોને તેમનો મુનીમ દર મહિને પગાર ચૂકવી આપતો. એક દહાડો મુનીમે શેઠ પાસે આવી જાહેર કર્યું કે છગન નામનો લુહાર આ માસમાં પાંચ દિવસ ગેરહાજર રહ્યો છે, માટે તેટલા દહાડાનો પગાર કાપી લેવો જોઇએ. શેઠે પૂછ્યું કે તે કેમ ગેરહાજર રહ્યો હતો? મુનીમે કહ્યું, "સાહેબ, તે માંદો થયો હતો; વરાળયંત્ર પાસે કામ કરતાં જ્યારે તેને ગરમી લાગતી, ત્યારે તે ઠંડી હવામાં જઈ ઠંડો થતો, તેથી તેના શરીરના સાંધા રહી ગયા છે." શેઠ બોલ્યા, "ત્યારે તો એની ગેરહાજરીના દિવસનો પગાર એને આપો; અને દવા કરવા સારૂ કંઈ વધારે જોઈતું હોય તો તે પણ આપો. એ બિચારો ઘણો પ્રમાણિક માણસ છે, તેથી સારો થશે કે તરત કામપર હાજર થશે એમ મારી ખાત્રી છે."

બીજે મહિને મુનીમે શેઠને જાહેર કર્યું કે ગીરધર નામનો મજુર પંદર દિવસ ગેરહાજર રહ્યો છે. શેઠે પૂછ્યું, "શાથી ગેરહાજર રહ્યો છે?" મુનીમે કહ્યું, તેણે એમ કહેવરાવ્યું હતું કે તાવ આવે છે." શેઠે પૂછ્યું, "એ વાત ખરી છે?" મુનીમે કહ્યું, "ના, સાહેબ. એતો દરરોજ બજારમાં ભટકતો ફરતો, નાટક જોવા જતો, અને દારૂના પીઠામાં જઈ દારૂ પીતો, એમ મેં જાતે જોયું છે. વળી તે એક જણને કહેતો હતો, કે છગન કામે ગયો નહોતો, તોપણ તેને પૂરો પગાર મળ્યો, ત્યારે હું

પણ થોડા દહાડા ઘેર બેશી રહી પગાર લેવાની યુક્તિ કરી જોઇશ." શેઠ બોલ્યા, "ત્યારેતો એ માણસને એકદમ રજા આપો. હવે આપણા કારખાનામાં એવા માણસને રહેવા દઇએ તો આપણાં બધાં માણસ 'તાવે પડતાં શીખે."

જો ગીરધરને તેની લબાડી બદલ શિક્ષા થઈ ન હોત તો કારખાનાના ઇમાનદાર નોકરો પ્રત્યે અન્યાય થયો હોત.

૯. આ ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે ન્યાય અને દયા એ બંને હુમેશ સાથે રહેવાં જોઇએ. જ્યારે દયાથી મોટું મન રાખતાં અને ક્ષમા કરતાં અનિષ્ટ ટળે એમ ન હોય, ત્યારે ન્યાય આગળ લાવી શિક્ષારૂપી સખ્ત ઉપાય વાપરવો જોઇએ. માણસે હુમેશ દયા રાખી ન્યાય કરવાનો ગુણ રાખવો જોઇએ.

૧૦. લોકો પોતાની ભૂલથી અથવા મૂર્ખપણાથી જે અનિષ્ટ કામો કરે છે, તેમને **નૈતિક અનિષ્ટો** કહે છે. પરંતુ બીજાં કેટલાંક અનિષ્ટ એવાં હોય છે, કે જે આ દુનિયાને અંગે વળગેલાં રહે છે. તેમને **નૈસર્ગિક અનિષ્ટો** કહે છે. રોગથી અને દેવતા, પાણી અને પવન વગેરેથી થતાં દુઃખ, એ સર્વ નૈસર્ગિક અનિષ્ટોમાં આવે છે. જે અગ્નિ આપણને ગરમી આપે છે, તેજ અગ્નિથી આપણને દાઝવાનો સંભવ રહે છે. જે પાણી આપણને તાજાતર અને

સ્વચ્છ બનાવે છે, તેજ આપણને ડુબાવી શકે છે; અને જે હવાને લીધે આપણે જીવી શકીએ છીએ, તેજ હવા સ્પર્શજન્ય રોગનાં બીજ બધે ફેલાવી શકે છે, અથવા ઘણા જોરથી વાઇ જાનમાલને નુકસાન કરી શકે છે.

૧૧. આ નૈસર્ગિક અનિષ્ટો પૈકી ઘણાં અનિષ્ટો આપણે સાવચેતી અને ડહાપણથી વર્તીએ તો થાય નહીં. આપણને શારીરિક વેદના થાય છે, તે આપણા સારા માટે છે; કારણ કે તેથી આપણને ભયની ચેતવણી મળે છે. જ્યાં સુધી અગ્નિથી આપણને ફાયદો થતો હોય છે, ત્યાં સુધી અગ્નિ પાસે બેસવું આપણને સારૂં લાગે છે; પણ તેથી આપણા શરીરની ચામડી દાઝવા માંડે, એટલે વેદના થાય છે, અને તેથી આપણને થવાના મોટા નુકસાનની આપણને ચેતવણી મળે છે. જે અન્ન આપણી પ્રકૃતિને માફક હોય, તે અન્ન ખાતાં આપણને આનંદ લાગે છે; પરંતુ જેથી આપણા શરીરને હાનિ થવાનો સંભવ હોય, અથવા આપણને વેદના થવાનો સંભવ હોય, તે ખાતાંજ આપણને ખરાબ લાગે છે અને તેથી તે ખાવાથી થનાર નુકસાનની આપણને ચેતવણી મળે છે.

૧૨. ઠોકરો ખાઇને માણસ મજબૂત અને હોંશિયાર થાય છે એમ કહ્યું છે, તે ખરૂં છે. માથે ભય અને સંકટ આવી પડવાથી માણસની માનસિક શક્તિને સારી કસોટી મળે છે, કારણ કે ભય અને સંકટ ઘણું કરીને તેમની સામી ટક્કર ઝીલીને ટાળવાનાં

હોય છે. જે સદ્ગુણોને આપણે ઘણા કિમતી ગણીએ છીએ, તે બધાની ઉત્પત્તિ સંકટમાંથી થાય છે. આપણી ઉપર કદી સંકટ આવી પડેજ નહીં તો, આપણે શૂરા અને બહાદુર શી રીતે કહેવાઇએ? સંકટ સહન ન કરીએ તો આપણને સહનશીલતા શી રીતે મળે? સંકટમાંથી આપણું રક્ષણ કરવાને, રોગ મટાડવાને અને એવું દરેક અનિષ્ટ ટાળવાને માણસને પોતાનું જ્ઞાન વધારી નવી નવી શોધો તથા નવી નવી યુક્તિઓ જો શોધી કાઢવાની જરૂર પડતી ન હોત, તો માણસની માનસિક શક્તિ શી રીતે વિકાસ પામી હોત?

૧૩. વૉલેસ નામનો એક વિદ્વાન્ "મલાયા દ્વિપં સમૂહ" એ નામના પોતાના પુસ્તકમાં જણાવે છે, કે ન્યુગિનિ ટાપુમાં જે કાંગારૂ નામનાં પ્રાણી થાય છે તે બીજા દેશોમાં થતાં કાંગારૂ પ્રાણીઓની પેઠે ઝાડપર ચઢી શકતાં નથી, તથા વાડો કૂદી શકતાં નથી. તેનું કારણ તે એવું બતાવે છે કે ન્યુગિનિ ટાપુમાં બીજા દેશ જેવાં કૂર અને ફાડી ખાનારાં પ્રાણી ન હોવાથી કાંગારૂને ઝાડપર ચઢી અથવા વાડો કૂદી પોતાનું રક્ષણ કરવાની જરૂર પડતી નથી. તેટલા માટે ઝાડપર ચઢવાની અને વાડો કૂદવાની શકિત તેમનામાં વૃદ્ધિ પામી નથી.

આપણી જીંદગીમાં આપણે સંકટ રૂપી સિંહની સામે લઢવાનું ન હોય તો આપણી તનમનની

શક્તિ કેટલી બધી થોડી થઈ જાય, તેનો આપરથી વિચાર કરો. આપરથી આપણને જણાય છે, કે આપણીપર સંકટો આવી પડે, એ પણ એક રીતે આપણા હીતને માટેજ છે; દુનિયામાં અનિષ્ટ અને દુઃખ આપણાથી જેટલાં બની શકે તેટલાં ઓછાં કરવાં, એ આપણું કર્ત્તવ્ય છે. અનિષ્ટનું નિવારણ કરવાના પ્રયત્નથી આપણને લાભ થાય છે, એ વાત ધ્યાનમાં રાખી આપણું કર્ત્તવ્ય આપણે આનંદથી બજાવવું જોઇએ.

પ્રશ્નઃ—૧. કયાં મોટી ઉમ્મરનાં માણુસોને તેમણે કરેલાં કૃત્યો માટે શિક્ષા કરવી યોગ્ય નથી? તેમની સાથે આપણે શી રીતે વર્ત્તવું જોઇએ? ૨. દારૂડીઆ લોક ખોટાં કૃત્ય કરે, તેને માટે તેમને સજા કરવી જોઇએ કે નહીં? શા માટે શિક્ષા કરવી જોઇએ? ૩. દારૂનું વ્યસન જેમને પડી ગયું હોય એવા લોકો સાથે આપણે શી રીતે વર્ત્તવું જોઇએ? તેમને શિક્ષા કરવા કરતાં શાથી વધારે ફાયદો થાય છે? ૪. કયાં છોકરાં શિક્ષા કરવા યોગ્ય નથી? ૫. આવાં છોકરાંને માટે શું કરવું જોઇએ? તેમને માટે સુધરેલા દેશોમાં શું કરવામાં આવે છે? ૬. કેદખાનામાં શી તજવીજ રાખવી જોઇએ? કયા ધોરણે એમ કરવું જોઇએ? ૭. ભીખારી લોકો ગરીબ કેમ રહે છે? કોને ભીખ આપવી વાજબી નથી? ૮. ખરો સખી માણસ કોને મદદ કરે છે? ભીખારી વર્ગ શાથી ઓછો થાય? રણછોડલાલ શેઠની વાતપરથી આપણે શું શીખવાનું છે? ૯. ન્યાયની સાથે શું રહેવું જોઇએ? ૧૦. નૈતિક અનિષ્ટો એટલે શું? નૈસર્ગિક અનિષ્ટો એટલે શું? નૈસર્ગિક અનિષ્ટોનો દાખલો આપો? ૧૧. શારીરિક વેદનાથી શો

લાભ થાય છે? ૧૨. સંકટથી માણુસને શો ફાયદો થાય છે? સંકટમાંથી ઉત્પન્ન થતા સદ્દગુણો બતાવો. ૧૩. બીજા દેશો કરતાં ન્યુગિનિ ટાપુનાં કાંગારૂ કેમ થોડું કૂદી શકે છે? આપરથી આપણે શી શીખામણ લેવી જોઇએ? નૈસર્ગિક અનિષ્ટો એક રીતે આપણુને શો ફાયદો કરે છે! અનિષ્ટ ટાળવાના પ્રયત્નથી શું થાય છે?

---

૧૫. સત્કૃત્યોનું અજરામરત્વ.

૧. કોઈ તળાવમાં તમે કોઇ દહાડો પથરો નાખ્યો હશે, તો તમારા જોવામાં આવ્યું હશે, કે પાણીની સપાટી ઉપર એક પછી એક વર્તુળ ઉત્પન્ન થાય છે; અને તે ધીમે ધીમે મોટાં થઇ છેવટે તળાવને કીનારે જઇ પહોંચે છે અને ત્યાં કિનારા સાથે અથડાય છે. પથરો નાખ્યો હોય તે જગાએથી કેટલે બધે છેટે પથરો નાખ્યાની અસર પહોંચે છે, એ પણુ તમારા ખ્યાલમાં આવ્યું હશે.

૨. એજ પ્રમાણે આપણાં સત્કૃત્યોની અસર આપણા આયુષ્યની વર્તુલની સંકોચિત હદ બહાર નીકળી વખતરૂપી મહાસાગરના કિનારાને સામે કાંઠે જઈ પહોંચે છે. આ પ્રમાણે આપણા પહેલાં ઘણા પ્રાચીન વખતમાં જે લોકો થઈ ગયા હશે, તેમનાં સત્કૃત્યોથી અને ઉમદા દાખલાથી આપણુને ફાયદો થયો હોય છે અને આપણે વધારે સારા થયા હોઈએ છીએ; અને જે લોકો આપણા મરણુ પછી

ઘણાં વર્ષે આ દુનિયામાં જન્મશે તેમને આપણાં સત્કૃત્યો અને ઉમદા દાખલાથી ફાયદો થશે, અને તેઓ વધારે સારા થશે.

૩. જે સાધુ પુરુષો દુનિયાનું ભલું કરી ગયા છે, અને જેમણે સત્કૃત્યો કરી પોતાનું નામ અમર કર્યું છે, તેમનું આપણે હરઘડી સ્મરણ કરવું જોઇએ. જેમણે પોતાની ભલાઇથી; દયાથી, સદાચરણથી, અને ભક્તિથી લોકોને સુનીતિને રસ્તે ચઢાવ્યા છે, અને જેમની અસર દુનિયામાં આટલા બધા ફેરફાર થયા છતાં હજી સુધી ચાલુ છે; જેમણે પોતાના ડહાપણથી, જ્ઞાનથી અને શોધોથી, જીંદગી વધારે સુખકર કરેલી છે; જેમણે પોતાના ગાયનથી, કવિતાથી અને બીજી સુન્દર કળાઓથી જીંદગી વધારે રમણીય કરેલી છે; જેમણે વૈદ્યક વગેરે શાસ્ત્રોથી જીંદગીનાં દુઃખ ઓછાં કરેલાં છે; જેમણે બોધકારક અને મનોરંજક પુસ્તકો લખી જીંદગી વધારે આનંદમય કરી છે; અને જેમણે પરાક્રમનાં ઉમદા કામ કરી જીદંગી વધારે ઉમદા કરી છે, એ બધા સાધુ પુરુષોનાં નામ આપણે કદી ભુલી જવાં ન જોઇએ. જેમણે આપણીપર આવા આવા મોટા ઉપકાર કર્યા છે, તેઓ પૈકી હાલ કદાચ તમે થોડાનાંજ નામ જાણતા હશો. પણ જેમ જેમ તમારૂં જ્ઞાન વધતું જશે, તેમ તેમ તમને વધારે નામની ખબર પડશે; અને આજ સુધીમાં થઈ ગયેલા સાધુ પુરુષોએ અને

સાધ્વી સ્ત્રીઓએ પોતપોતાનાં કર્તવ્ય ઉત્તમ રીતે કરીને દુનિયાનું કેટલું બધું કલ્યાણ કર્યું છે, એ તમને ઘણું આશ્ચર્ય લાગશે.

૪. જે લોકો પરોપકારનાં કામ કરે છે, તે કંઈ એમ વિચાર કરતા નથી કે મારૂં શું થશે. ફલાણું કામ મારૂં અને ફલાણું મારૂં નહીં, એવો વિચાર પણ તે કરતા નથી. પોતાની જાતની દરકાર રાખ્યા વગર તેઓ માત્ર પારકાનું ભલું કરવાની ઈચ્છા રાખે છે. જ્યારે **ગ્રેસડાર્લિંગે** ડૂબતા વહાણપરના ખલાસીઓને બચાવવા સારૂ પોતાની નાની હોડી દરિયામાં ઝોકાવી ત્યારે શું તેણે એમ વિચાર કર્યો હતો કે મારૂં શું થશે? બળતા ઘરમાંથી માણસોને બચાવવા **બ્રેન્ડ** નામના વીર પુરુષે બળતામાં પડતું નાખ્યું, અને પોતે બળી ગયો, ત્યારે શું તેણે એમ વિચાર કર્યો હતો કે મારૂં શું થશે?

આવા પ્રકારનાં કૃત્ય કરવાં અને આપણા આચરણમાં ધૈર્ય, સંકટ સહન કરવાની શક્તિ અને આત્મસંયમનના ગુણ બતાવવા તેનું નામ ખરૂં શૌર્ય. શૌર્ય જેવો ઉમદા ગુણ માણસમાં બીજો નથી. જેમણે સત્કૃત્યો કરી પોતાનું શૌર્ય બતાવ્યું હોય છે, તેમનાં નામ આપણે ઘણા પ્યારથી યાદ રાખીએ છીએ. તેમનાં નામના સ્મરણથી બાયલાપણા અને એકલપેટાપણાને માટે આપણને શરમ આવે છે;

અને આપણને એમ લાગે છે કે આ જીંદગીમાં આત્મરંજનના કરતાં વધારે મહત્વનાં કર્ત્તવ્ય આપણે કરવાનાં છે.

વીર પુરૂષો બધી જાતના લોકોમાં માલમ પડે છે. કોઈ કોઇ વારતો જ્યાં એવા પુરૂષ મ લમ પડવાનો સંભવ હોય નહીં ત્યાં પણ તે માલમ પડે છે. આના ઉદાહરણમાં થોડાં વર્ષપર ઇંગ્લાંડમાં બનેલી એક વાત અમે જણાવીએ છીએ. એક વખત કેટલાક વેપારી લોકોના "ગોલિયાથી" નામના એક વહાણને આગ લાગી. એ વહાણપર કેટલાંક નિવારસી અને ભટકતાં છોકરાંને ખલાસીનો ધંધો શીખવાને રાખ્યાં હતાં. એ છોકરાં રસ્તામાં ભટકતાં, અને ચોરી કરતાં માલમ પડવાથી પોલીસે પકડ્યા હતાં. કેટલોક વખત ત્યાં રાખ્યા બાદ તેમને ખલાસીનો ધંધો શીખવવાનું ઠરવાથી ઉપર જણાવેલા "ગોલિયાથી" વહાણપર રાખવામાં આવ્યાં હતાં. "ગોલીયાથી" પર તેમને લખતાં, વાંચતાં, સ્વચ્છતા રાખતાં વ્યવસ્થાથી ચાલતાં અને ઉપરીનો હુકમ માનતાં શીખવવામાં આવ્યું હતું, અને તે ઉપરાંત ખલાસીનું કામ પણ શીખવવામાં આવ્યું હતું. આ બધી બાબતોમાં તેમને કેવું સારૂં શિક્ષણ મળ્યું હતું, એ તા. ૧૨ મી ડિસેમ્બર, સન ૧૮૭૫ ને રોજ જણાઈ આવ્યું. એ દિવસે એક ગાસલેટનો દીવો ઉંધો વાળવાથી વહાણને આગ લાગી. જે છોકરાના હાથમાંથી

દીવો ઉંધો વળી ગયો, તેણે આગ ઓલવવાને ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ તેનું કંઈ વળ્યું નહીં. તેણે પોતાનાં કપડાં કાઢી બળતાપર નાખ્યાં, અને દાઝી ગયો ત્યાં સુધી તેપર બેઠો, પણ તેથી આગ ઓલવાઈ નહીં. આગ ઝટ લઈને બધે ફેલાઈ ગઈ, અને વહાણ ભડભડાટ સળગવા લાગ્યું. તમે કદાચ એમ ધારશો કે પેલાં છોકરાં પોતાનો જીવ બચાવવા નાશી ગયાં હશે, પણ નહીં, તેવું કંઈ તેમણે કર્યું નહીં ઉલટું આગ લાગ્યાની બુમ સાંભળી કે તરતજ સૌ પોતપોતાની જગોએ જઈ ઉભાં રહ્યાં અને ઉપરીના હુકમની વાટ જોવા લાગ્યાં, તેમાંનાં કેટલાંક સળગેલા વહાણની પાસે એક હોડી હતી તેમાં હતાં, તે વહાણમાંથી આગની જ્વાળા નીકળતી જોઈ બીધાં અને હોડી ફેરવીને જરા દૂર લઈ જવા લાગ્યાં. પણ તેમનામાં **બોલ્ટન** નામનો એક તેર વર્ષનો છોકરો હતો, તેણે બીજાઓને હોડી ફેરવવા ન દેતાં બળતા વહાણપરથી બધાં છોકરાં હોડીમાં ઉતરી શકે, ત્યાં સુધી હોડી હતી તેમને તેમ રહેવા દેવાનો આગ્રહ કર્યો. જ્યાં સુધી બધાં છોકરાં સહીસલામત હોડીમાં ઉતરી રહ્યાં નહીં ત્યાં સુધી વહાણનો બહાદુર નાખુદા કેપ્ટન **બુરશીયર** વહાણપરજ રહ્યા. જે છોકરાં વહાણમાંથી હોડીમાં છેલ્લાં ગયાં, તેમણે તેને ઘણા આગ્રહ પૂર્વક કહ્યું કે તમે પહેલા ઉતરો. પરંતુ તે ઉમદા નાખુદાએ જવાબ દીધો, "દરિયાપર કોઈ એમ કરતું નથી." એક નાનો છોકરો તો આંખમાં આંસુ

લાવી કહેવા લાગ્યો, “પણ નાખુદા સાહેબ તમે બળી જશો.” પણ તેમાંનો કોઇ દાઝયો નહીં, અને કોઈ બૂડયો નહીં. બધા હોડીમાં સહીસલામત ઉતર્યાં અને તેમાં બેસી કિનારે જઇ પહોંચ્યા. આ બહાદુર છોકરાં અને તેમનો બહાદુર નાખુદા ઉમદા વીર પુરૂષ તરિકે આપણને ઘણા વખત સુધી યાદ રહેશે.

વીર પુરૂષોને આખી દુનિયા ચહાય છે. જેઓએ સત્યને ખાતર પોતાનો પ્રાણ આપેલો છે. જેઓએ પોતાના દેશને માટે પોતાનો પ્રાણ આપેલો છે, અને જેઓએ પોતાનું આખું આયુષ્ય લોક સેવામાં ગાળ્યું છે, એ સર્વ ખરા વીર પુરુષો છે, અને તેમને ઘણા આનંદથી આપણે માન આપીએ છીએ. કેટલાકને માટે તો આપણે બાવલાં ઉભાં કરીએ છીએ, અને કેટલાકનાં જન્મચરિત્ર લખી તેમની કીર્તિ પુસ્તકમાં અમર કરીએ છીએ. તેમને આપણે કદી વીસરી શકતા નથી.

૫. સાધુ પુરૂષોનાં માત્ર સત્કૃત્યો નહીં પણ તેમનો સદુપદેશ પણ તેમના પછી ઘણા વખત સુધી રહે છે. તેમણે સેંકડો વર્ષપર ઓચરેલાં વચન આપણને પ્રસંગોપાત બોધ કરે છે અને સંતોષ આપે છે. સાધુ પુરૂષોએ લખેલાં પુસ્તકોમાંનાં વચન સંકટ વખતે આપણને કેટલી બધી ધીરજ આપે છે, તેનો વિચાર કરો.

૬. આ પ્રમાણે સાધુ પુરુષોએ દુનિયાપર ઉપકાર કર્યો છે તેનો બદલો શી રીતે વાળવો ? તેનો બદલો વાળવાનો રસ્તો એ છે કે જે જે કામ કરવાનું આપણા નસીબમાં હોય, તે તે આપણે આપણા ગજા પ્રમાણે ઉત્તમ રીતે કરવું જોઇએ. આપણે યાદ રાખવું જોઇએ, કે જેમ મોટાં મોટાં કાર્યથી અસર થાય છે, તેમ નાનાં નાનાં કાર્યથી પણ થાય છે. જે જે કામ તમે કરો તે તે કામ સંપૂર્ણ કરો. તમે ફતેહ પામો તો ઠીક પણ ફતેહ ન પામો તો ફરીથી યત્ન કરો. તમારાથી બનતું કર્યા છતાં પણ તમને ફતેહ ન મળે તો સત્કૃત્ય કરવાને તમે કરેલો પ્રયત્ન તથા તેથી તમને મળેલો અનુભવ, એ બંને તમને પોતાને તેમજ બીજાઓને ઉપયોગી થયા વગર રહેશે નહીં.

આપણા પૈકી ઘણા જણનાં નામ આપણા મરણ પછી કોઈ યાદ કરશે નહીં; પણ આપણે જો આપણું કામ ઉત્તમ રીતે બજાવ્યું હશે તો નામમાં શું ? એક પ્રખ્યાત લેખકે કહ્યું છે કે 'જેમનાં નામ ઇતિહાસમાં નોંધાયાં નથી, એવા પુરૂષોએ પણ પોતાનાં સત્કૃત્યોથી દુનિયાની સ્થિતિ સુધારવામાં મદદ કરેલી છે.' આપણી સ્થિતિ હાલ આટલી બધી સારી છે તેનું અર્ધું કારણ એ છે કે પુષ્કળ લોકે પોતાની હયાતિમાં ગુપચુપ રીતે પોતાનું કર્તવ્ય બજાવ્યું છે, અને એવા લોક હાલ કોઈ ખૂણેખોચરે પોતાની ઘોરમાં સુતા છે.

પ્રશ્ન:—તળાવમાં પથરો નાખીએ તો શું થાય છે? ૨. એના જેવી અસર શાથી થાય છે? ૩. દુનિયાનું ભલું કરનાર કેટલાક સાધુ પુરૂષોનાં નામ જણાવો. તેમણે કરેલાં પરાક્રમ જણાવો. ૪. પરોપકારી લોક શો વિચાર કરતા નથી? ગ્રેસડાર્લીંગે શું કર્યું હતું? બ્રેન્ડે શું કર્યું હતું? ક્યા વહાણુપર બહાદુર છોકરાંને શીખવા રાખ્યાં હતાં? તેમના નાખુદાનું નામ શું હતું? તેમને આપણે કેવી રીતે યાદ કરીશું? એમના સંબંધની બધી વાત જણાવો. ૫. સાધુ પુરૂષોનાં સત્કૃત્ય સિવાય બીજું શું યાદ કરવા લાયક હોય છે? ૬. દુનિયાના પરોપકારી પુરૂષોનો બદલો આપણે શી રીતે વાળી શકીએ? એક પ્રખ્યાત લેખકે શું કહ્યું છે?

---

૧૬. સૃષ્ટ પદાર્થ સાથે આપણો સંબંધ.

૧. પાછલા પાઠોમાં આપણે જોયું છે, કે આપણે બધાં એક મોટા કુટુંબનાં માણસ છીએ; આપણે આપણા ગુજરાન માટે આ પૃથ્વી માતાપર આધાર રાખીએ છીએ, અને આપણને તે જે આપે તેનો યોગ્ય ઉપયોગ કરવાને એકઠા રહી કામ કરીએ છીએ. આપણે વળી જોયું છે, કે આ પૃથ્વીપર આપણાથી એકલા રહેવાય નહીં; અને મનુષ્ય જાતમાં ગરજ, હિત, કર્તવ્ય, પ્રીતિબંધન, એ વગેરે બાબતોને લીધે થયેલો અન્યોઅન્યનો સંબંધ વખતના કિંવા જગાના અંતરને લીધે કદી નષ્ટ થતો નથી.

જે પ્રીતિબંધન માત્ર આપણા જાતભાઈ સાથેજ

નહીં, પણ દુનિયામાં બધા સૃષ્ટ પદાર્થો સાથે આપણો સંબંધ જોડે છે, તેનો હવે વિચાર કરીએ.

જે પ્રમાણે હવા અને ખોરાકથી આપણા શરીરનું પોષણ થાય છે, તેજ પ્રમાણે ઇન્દ્રીઓવડે જે બાબતોનું તથા પદાર્થોનું આપણને જ્ઞાન થાય છે, તે જ્ઞાનથી આપણા મનનું પોષણ થાય છે. આ જ્ઞાનથી આપણા મનમાં વિચાર થાય છે. ઘણા વિચાર મનમાં એકઠા થાય ત્યારે તે યાદ રહ્યા એમ આપણે કહીએ છીએ. આ જ્ઞાનથી આપણને ખબર પડયા વગર આપણા મનમાં બુદ્ધિ, વિવેક, ઈત્યાદિક માનસિક શક્તિઓ ખીલે છે; અને તેથી કરીને આપણે વિચારવાળાં અને સુજ્ઞ માનવી પ્રાણી બનીએ છીએ.

એક વખત આપણા મનમાં વિચાર શક્તિ પેદા થઈ એટલે આપણા મનની વધ જલદી થાય છે. ચમત્કારિક વાત એ છે કે જે બાબતનું આપણને જ્ઞાન થાય છે, અને જે બાબતોનું થતું નથી, એ બન્નેથી આપણા મનનું પોષણ થાય છે. સૃષ્ટિમાં આવેલી પ્રત્યેક વસ્તુ આપણા મનમાં જિજ્ઞાસા ઉત્પન્ન કરે છે, પણ તે જિજ્ઞાસા કદી પૂર્ણ થવા દેતી નથી. જેમ કસરતથી આપણું શરીર મજબૂત થાય છે, તેમ જ્ઞાન મેળવવા સારૂ આપણે જે પ્રયત્ન કરીએ છીએ, તેથી આપણું મન મોટું અને વધારે શકિતવાન થાય છે. આ દુનિયામાં આપણે એટલી બધી વસ્તુઓનું જ્ઞાન

મેળવવાનું છે કે જ્ઞાન મેળવવાનું કામ કદી પૂરૂં થઈ રહે એમ નથી.

આ દુનિયા ક્યારે અસ્તિત્વમાં આવી, એ શોધી કહાડવાને આપણે જૂની ખડકો જોઈએ છીએ; ત્યાં ઘણીવાર આપણને સમુદ્ર કિનારે માલમ પડે છે તેવી છીપોની આકૃતિ માલમ પડે છે. એ છીપો આપણને એમ બતાવે છે કે આ દુનિયામાં માણસની વસ્તી થતા પહેલાં અસંખ્ય વર્ષ ઉપર મનુષ્ય શિવાયનાં બીજાં પ્રાણીની વસ્તી હતી. વળી એ જૂની ખડકો એમ પણ બતાવે છે કે તે લક્ષાવધિ વર્ષ પહેલાં બનેલી હશે. પણ તે ક્યારે બની, અને દુનિયાની શરૂઆતમાં શું હતું, એ આપણને નિશ્ચતપણે સમજાતું નથી.

પ્રાચીન યુગોનો ઇતિહાસ જાણવાને આપણે પ્રયત્ન કરીએ છીએ; તે ઈતિહાસનું જ્ઞાન જો કે આપણને પૂરેપૂરૂં થતું નથી, તોપણ તે મેળવવાના આપણા પ્રયત્નથી આપણને બીજું ઘણું જ્ઞાન મળે છે.

૩. એક ચકચકતો ગોળો આપણે દરરોજ સવારે ઉગતો અને સાંજે આથમતો જોઇએ છીએ. એ ગોળાનું ઉગવું અને આથમવું એ દિવસ અને રાત્રિનું કારણ છે. એ ગોળો આપણાથી નેવુ કરોડ પચાસ લાખ માઈલ દૂર છે. તોપણ એટલે છેટેથી તે જે પ્રકાશ અને ગરમી મોકલે છે તે જો મોકલે નહીં તો આ પૃથ્વીપર કોઇ વસ્તુમાં જીવ રહે નહીં.

એ ગોળાને આપણે સૂર્ય કહીએ છીએ, અને તે આપણી પૃથ્વી કરતાં દસલાખ ગણો મોટો છે. પૃથ્વીપરની બધી સજીવ વસ્તુઓનું જીવન સૂર્યપર આધાર રાખે છે, એટલુંજ નહીં પણ પૃથ્વી પણ સૂર્યના વજન અને આકર્ષણથી સમતોલ ન રહેતી હોય તો, ક્યાંજ જઇને પડે તેનો પત્તોજ લાગે નહીં. પૃથ્વી અને સૂર્ય વચ્ચે એટલું બધું અંતર છે, કે આગગાડીના વેગથી, એટલે કે દર કલાકે ત્રીસ માઇલ પ્રમાણે મુસાફરી કરીએ તો પૃથ્વીપરથી સૂર્યપર પહોંચતાં ત્રણસેં કરતાં વધારે વર્ષ લાગે. એમ છતાં સૂર્ય એ પૃથ્વીનો સંરક્ષક અને પૃથ્વીપરની સજીવ વસ્તુઓનો જીવનદાતા છે. જો કે સૂર્યને આપણે દરરોજ જોઇએ છીએ અને તેનાપર આપણા જીવનનો આધાર છે, તોપણ તેના વિષે આપણને ઘણીજ થોડી માહિતી છે. તે કેવો છે, અને તેની અંદર શું છે, એ વિષે ખગોળવેત્તાઓ આપણને કંઈ ખબર આપે છે તો તે આપણે આનંદથી સાંભળીએ છીએ.

૫. સૂર્ય અસ્ત થયા પછી રાત્રે બીજા ચકચકીત ગોળા આકાશમાં દેખાય છે, અને તેથી આકાશ રમણીય દેખાય છે. ચંદ્રને સૂર્યથી જે પ્રકાશ મળે છે, તે પ્રકાશ આપણને અંધારિયા તથા અજવાળિયામાં નિયમિત વખતે માલુમ પડે છે. બીજા ગ્રહો પણ સૂર્યથી પ્રકાશમાન થઈ આપણને પ્રકાશમાન દેખાય છે; અને પૃથ્વીની પેઠે સૂર્યના આકર્ષણથી પોતપોતાના કક્ષમાં બરાબર ફર્યા કરે છે.

ચંદ્ર અને બીજા ગ્રહોથી ઘણે છેટે અસંખ્ય તારા ચકચકતા દેખાય છે. તે પોતપોતાના ચકચકાટથી રાત્રિને શોભા આપે છે એ તારા આપણે જોઈએ છીએ, તેથી તેમના વિષે માહિતી મેળવવાને આપણા મનમાં ઉત્કંઠા થાય છે. એ તારા અચળ તારા કહેવાય છે, કારણ કે તે પૃથ્વી, ચંદ્ર વગેરેની પેઠે પોતાના કક્ષમાં ફરતા નથી, અથવા પોતાનાં સ્થાન બદલતા નથી. તેમાંનો સૌથી નજીકનો તારો આપણાથી સૂર્ય કરતાં બે લાખ ગણો છેટે છે. આગગાડીને વેગે ચાલીએ તો ત્યાં પહોંચવાને છ કરોડ વર્ષ લાગે!

આ અચળ તારા સાથે આપણો કંઇ સંબંધ છે? તે આપણને ઉપયોગી છે? હા, છે. ઉત્તર ધ્રુવ તારો સાધારણ રીતે અચળજ છે. વિસ્તીર્ણ મહાસાગરમાં પ્રવાસ કરનાર ખલાસીઓને તે પ્રાચીન કાળથી રસ્તો બતાવવાનું કામ કરે છે; વળી ઋતુઓ શાથી થાય છે, પૃથ્વી સૂર્યની આસપાસ કેટલા વખતમાં ફરે છે, એ વગેરે નક્કી કરવાને અચળ તારા ઉપયોગી છે; અને તેમને લીધેજ આપણે ખગોળ સંબંધી જ્ઞાન મેળવી શકયા છીએ. આ પ્રમાણે એ અચળ તારા આકાશમાં આપણાથી ઘણા દૂર છે, અને તેમના સ્વરૂપ વિષે આપણને કંઈ ચોકસ માહિતી નથી, તોપણ તેમના અસ્તિત્વને લીધે આપણે આપણું ખગોળશાસ્ત્ર જાણી શકયા છીએ; અને ખગોળશાસ્ત્રના જ્ઞાનથી આપણો વ્યાપાર ચલાવી

શકીએ છીએ, આપણા ઉદર નિર્વાહની વસ્તુઓ મેળવી શકીએ છીએ, અને આપણું મગજ કેળવી શકીએ છીએ. એવી અટકળ કરવામાં આવી છે કે એ તારાઓ પણ સૂર્ય જેવા છે અને તેમની આસપાસ આપણી પૃથ્વી જેવા બીજા ઘણા ગોળા ફર્યા કરે છે.

બીજા ગોળાઓને આપણી પૃથ્વી સાથે કેવો સંબંધ છે, એ સમજ્યા પછી આપણા ખ્યાલમાં આવે છે કે આ વિશ્વમાં અસંખ્ય દુનિયાઓ એક બીજાને અવલંબીને રહેલી છે; અને આપણને એમ લાગે છે કે જે અદૃશ્ય શક્તિ આપણી દુનિયામાં વ્યવસ્થા રાખે છે, તેજ અદૃશ્ય શક્તિ આપણાથી ઘણે છેટે આવેલી બીજી દુનિયાઓમાં પણ વ્યવસ્થા રાખે છે.

૫. જેમ જેમ આપણું મન ખીલતું જાય છે, તેમ તેમ સૃષ્ટિમાં જે વસ્તુઓ આપણે જોઈએ છીએ, તેનું જ્ઞાન મેળવવાને અને તેનો ઉપયોગ કરી લેવાને આપણને ઇચ્છા થાય છે; એટલુંજ નહીં પણ સૃષ્ટિ-સૌન્દર્ય જોઈ આપણા મનમાં પ્રીતિ ઉત્પન્ન થાય છે. આકાશ, તારા, ઝાડ, નદીઓ પર્વત, પક્ષીઓનું ગાણું, ઝરાનું વહન, પાણીનો ધોધ, વગેરેના સૌન્દર્યથી આપણને આનંદ થાય છે, એટલુંજ નહીં, પણ એ સુન્દર વસ્તુઓ જોઈ તથા મધુર અવાજ સાંભળી આપણને એમ લાગે છે કે જાણે સૃષ્ટિસૌન્દર્ય આપણા પ્રત્યે મિત્રતાની લાગણી ધરાવતું ન

હોય; અને તેથી કરીને આપણને પણ તે પ્રિય લાગે છે.

નાના બાળકના મનમાં સૃષ્ટ પદાર્થો પ્રત્યે આવો પ્રેમભાવ હોતો નથી. કોઈ રંગ બેરંગી પુલ જોઈ બાળક ખુશી થાય છે; પરન્તુ તેના રંગ બેરંગીપણા શિવાય બીજા કશા વિષે તેના મનમાં વિચાર આવતો નથી. તે આતુરતાથી ફુલ પોતાના હાથમાં લે છે, અને આનંદમાં તેની પાંખડીઓ તોડી નાંખે છે. જે માણુસનું મન વિદ્યા–સંસ્કારથી ખીલેલું હોતું નથી તે માણુસ પણ સૃષ્ટ પદાર્થોપ્રત્યે આવા બાળકની પેઠેજ વર્તે છે.

જેમ જેમ બાળક મોટું થતું જાય છે, તેમ તેમ તેને માલમ પડ્યા વગર સૃષ્ટ પદાર્થો વિષે તેના મનમાં પ્રીતિ ઉત્પન્ન થતી જાય છે.

૯. સમુદ્રને કાંઠે નાનાં નાનાં બાળક રમતાં હોય છે, ત્યારે પ્રથમ તો તેમનું મન રેતીમાં રમવામાં હોય છે; તેમની પાસે આવેલા મહાસાગર તરફ તેમનું લક્ષ જતું નથી; પછી જ્યારે દરિયાનાં મોજાં ઉછળતાં ઉછળતાં તેમના પગ પાસે આવી પહોંચે છે અને તેમાં સૂર્યનાં કિરણ ચકચકાટ કરતાં જણાય છે, ત્યારે પોતાની પ્રથમની રમત છોડી, દરિયાનાં મોજાં સાથે તેઓ રમવા લાગે છે. જાણે દરિયો તેમનો ગોઠીઓ હોય, અને તેમની સાથે રમતો અને હસતો હોય, એમ તેમને લાગે છે. મહાસાગર

તેમને આનંદ પમાડે છે અને પોતે પણ આનંદ પામતો હોય એમ જણાય છે.

૭. આગળ જતાં જ્યારે બાળક મોટી ઉમ્મરનાં થાય છે ત્યારે દરિયો તેમને ગોઠીઆ કરતાં **પણ** વધારે ઉપયોગી લાગે છે. જાણે કોઈ મહત્વની બાબતપર તેમની સાથે તે વાત કરતો ન હોય, એમ તેમને લાગે છે. સમુદ્રનાં મોજાં હવે તેમને હસતાં લાગતાં નથી, પણ બોલતાં લાગે છે. તે દિલગિરીથી અને પ્રેમથી એમ જણાવે છે કે, દૈવરૂપી સાગરનાં મોજાં આ પ્રમાણે તમારા મનોરથ અને આશાઓ ઉપર ફરી વળશે.

આ પ્રમાણે સમુદ્ર એ આપણા બાળપણનો મિત્ર છે, એટલુંજ નહીં, પણ મોટપણામાં પણ આપણને મિત્ર તરીકે ઉપયોગી છે. મોટી ઉમ્મરનો માણસ સમુદ્રને કિનારે બેશી તેનાં મોજાંનું અવલોકન કરે છે, ત્યારે તેની મનોવૃત્તિઓનું પ્રતિબિમ્બ તેમાં પડેલું તેને દેખાય છે; સમુદ્રનાં મોજાં ઉછળતાં જોઈ તેને પોતાની ઉછળતી મનોવૃત્તિઓનું સ્મરણ થાય છે; સમુદ્રમાં ભરતી અને ઓટ થતાં જોઇ તેના મનમાં પોતાના જન્મ તથા મરણનો વિચાર આવે છે; અને રાત્રે એકલો ફરતાં સમુદ્ર અને આકાશનું શાંત રૂપ જોઇ તેની મનોવૃત્તિઓ પણ શાંત અને ગંભીર થાય છે.

૮. કોઈ કોઈ વાર છોકરાં જમીનપર આવી રહેલા ઘાસરૂપી લીલાછમ ગાલીચાપર આનંદમાં રમતાં

અને કુદતાં તમે જોયાં હશે. જાણે મુદ્દામ તેમને રમવાને માટે આગળથી ગાલીચો પાથરી રાખ્યો ન હોય એમ તે વખતે દેખાય છે. આસપાસનાં ઝાડનાં સુન્દર રંગ બેરંગી ફુલ તોડી તેઓ તેના હાર બનાવે છે, એવામાં વંટોળીઓ આવવાથી તેમના માથા પરથી ટોપીઓ ઉડી જાય છે અને હવામાં ઘુમે છે. પવન જરા ધીમો પડે છે ત્યારે તેમની પતંગો ઉડે છે, અને નાની નાની ટીપકીઓ જેવી દેખાય, ત્યાં સુધી આકાશમાં રહે છે. એવામાં વાયરાથી પડી ગયેલો કોઇ ઝાડના ફુલનો લૂમચો જમીન ઉપરથી ઉપાડી લઈ એકાદ બાળક મોટે અવાજે બૂમ પાડી ઉઠે છે કે "જૂઓ આ મને શું જડયું? કેવા મજાનાં પુલનો લૂમચો છે? વાહ! વાહ! વાહ!!" પણ બાળક, જો સૃષ્ટિમાં કોઇ એવી અદૃશ્ય શક્તિ ન હોત, કે જેને યોગે જમીનમાં છોડ ઉગે, અને તેને રંગબેરંગી પુલ આવે, તો તને આ સુન્દર લૂમચો ક્યાંથી મળ્યો હોત?

આ બધી બાબતોથી બાળકોને ઘણી ગમ્મત પડે છે; અને તેમને એમ પણ લાગે છે કે સૂર્યપ્રકાશ, ઘાસ, વાયરો અને પુલ એ વગેરેમાં એવી કંઇ વિલક્ષણ પ્રેમાળ શકિત છે, કે જેને આપણા આનંદથી આનંદ થાય છે. જ્યારે તેઓ મોટી ઉમ્મરનાં થાય છે ત્યારે સૃષ્ટિમાં એવા પ્રકારની શકિત છે, એમ તેમની વિશેષ ખાત્રી થાય છે એ શક્તિને લીધે તેમનાં દુઃખ પણ તેઓ ભૂલી જાય છે.

૯ સૃષ્ટિમાં રહેલી આ અદભુત શક્તિઓને પ્રાચીન કાળના લોક, સૃષ્ટ પદાર્થથી ભિન્ન એવા દેવતા માનતા. વેદમાં ઇન્દ્ર, વરૂણ' અગ્નિ, યમ; સૂર્ય, ચન્દ્ર એ વગેરેને દેવતા માન્યા છે. દેવતા તરિકે આ શક્તિઓની આરાધના થવા લાગી, તેનું કારણ કે કેટલીક શક્તિઓથી લોક બીહીતા, અને કેટલીકને ચહાતા. સૃષ્ટિમાં રહેલી શક્તિઓને દેવતા તરિકે માનવાની આ પ્રાચીન કલ્પના ધીમે ધીમે નષ્ટ થવા લાગી છે; પરંતુ કવિઓ હજી પણ પોતાના કાવ્યમાં સૃષ્ટ પદાર્થને લીધે બનતા બનાવોને સાકાર તથા સજીવન કલ્પીને તેમાં વર્ણન કરે છે. જુદી જુદી ભાષાઓમાં એવાં ઘણાં ઉદાહરણ મળી આવે છે. ગુજરાતીમાં કવીશ્વરદલપતરામ વસંત ઋતુનું વર્ણન કરતાં કહે છે કેઃ—

(ઉપજાતિ વૃત.)

રૂડો જુઓ આ રૂતુરાજ આવ્યો
મુકામ તેણે વનમાં જમાવ્યો;
તરૂવરોએ શણગાર કીધો
જાણે વસંતે શિરપાવ દીધો.

પ્રશ્નઃ—૧. આપણું મન શાથી વધે છે? ૨. ખડકોમાં આપણે શા માટે શોધ કરીએ છીએ? ત્યાં માલમ પડતી છાપો શું બતાવે છે? ૩. આપણી પૃથ્વી અજવાળુ, ગરમી અને સમતોલને માટે શાપર આધાર રાખેછે? સૂર્ય પૃથ્વીથી કેટલો દુર છે ૪. આપણા સૂર્યપર બીજા કયા ગોળા આધાર રાખે છે? પાસેમાં પાસેના અચળ તારો આપણાથી કે-

ટલે છેટે છે? તારાઓ આપણુને શા રીતે ઉપયોગી છે? ૫. સૃષ્ટિસૌન્દર્ય જોવાથી આપણુને કેવી લાગણી થાય છે? કોને એવી લાગણી થતી નથી? ૬. નાના બાળકોને સમુદ્ર કેવો લાગે છે? ૭. મોટી ઉમ્મરનાને કેવો લાગે છે? ૮. મેદાન, ફુલ, પવન, તડકો એ વગેરે કેવાં લાગે છે? ૯. સૃષ્ટિમાં રહેલી અદ્ભૂત શક્તિઓની પ્રાચીન કાળના લોક કેવી કલ્પના કરતા? હજી પણ કોઇ એમ કરે છે?

---

૧૭. સૃષ્ટિના અદૃશ્ય કારણુ સાથે આપણો સંબંધ.

જે પ્રમાણે આ ભવ્ય તથા રમણિય સૃષ્ટિના પદાર્થો સાથે આપણો સંબંધ છે તેજ પ્રમાણે આપણા આત્માના અદૃશ્ય કારણુ સાથે છે. આ સંબંધ વિશેષ મહત્ત્વનો છે, અને તેનાં પરીણામ પણ ઘણાં અગાધ છે. એ સંબંધને આપણે ધર્મ કહીએ છીએ. એ સંબંધ વડેજ સર્વ વસ્તુનું આદિ કારણુ જે ઈશ્વર, તેની તરફ આપણું મન વળે છે. એ સંબંધ વડેજ સૃષ્ટિના જે પદાર્થો ઉપરથી તેનું અસ્તિત્વ આપણુને જણાય છે, તે પદાર્થો તરફ આપણે આશ્ચર્યતાથી જોઇએ છીએ; અને જે દુનિયામાં આપણે જન્મ્યા છીએ, તે દુનિયામાં આપણું કર્ત્તવ્ય યથાશક્તિ પૂરૂં કરવાની આપણા મનમાં ઈચ્છા થાય છે. માત્ર ઐહિક ઇચ્છાઓ તૃપ્ત કરવાના કરતાં આપણા આત્માને કંઈ અધિક શ્રેયસ્કર વસ્તુ પ્રાપ્ત કરી લેવાની જે પ્રવૃત્તિ થાય છે, તેનું નામ ધર્મ. આ પ્રવૃત્તિથી સૃષ્ટિની સુન્દર અને મનોહર વસ્તુઓ જોઈ

આપણને આનંદ થાય છે; આપણા મનમાં એક પ્રકારની શ્રદ્ધા ઉત્પન્ન થાય છે; અને તે શ્રદ્ધાને લીધે ઐહિક સંકટો ભોગવવાને આપણે તૈયાર થઈએ છીએ. એ શ્રદ્ધાને લીધે "જેવી ઈશ્વરની મરજી" એમ કહી આપણે અત્યંત દુર્ઘટ પ્રસંગે પણ પાર ઉતરીએ છીએ.

ધર્મબુદ્ધિ એટલી બધી પવિત્ર છે, કે તેનું વર્ણન સાધારણ શબ્દોમાં કરવું એ મુશ્કેલ છે. ઘણા પ્રાચીન કાળથી માણસના અંતઃકરણમાં તેનું બીજા રોપણ થયેલું છે; અને તેને લીધે માણસના મનમાં ઉમદામાં ઉમદા વિચાર ઉત્પન્ન થઈ, તેના હાથે ઉમદાં કૃત્ય થયાં છે.

ધર્મને માણસ પહેલેથી માન આપતું આવ્યું છે. તેણે ધર્મને પોતાની સર્વથી સરસ વસ્તુઓ અર્પણ કરી છે. ગાયન, ચિત્રકળા, શિલ્પકળા વગેરે સર્વ કળાઓ આપણને ધર્મબુદ્ધિથી પ્રાપ્ત થયેલી છે. પ્રાચીન કાળમાં તથા હાલના સમયમાં બાંધેલાં સુન્દર અને ભવ્ય દેવાલયો આપણે જોઈશું, તો આપણને જણાશે કે માણસે પોતાનું ઘર બાંધવાને જે પરિશ્રમ લીધો છે, તેના કરતાં અદૃશ્ય પરન્તુ પરમ પવિત્ર પરમેશ્વરને માટે સુન્દર મંદીર બાંધવામાં વધારે પરિશ્રમ લીધો છે. પ્રાચીન કાળનાં દેવાલય હાલ ભાગલી તુટલી હાલતમાં આપણે જોઈએ છીએ તો પણ તે ઘણાં સુન્દર અને ઉત્તમ કારીગીરીનાં જણાય છે.

ધર્મબુદ્ધિ પ્રગટ કરવાના અનેક માર્ગ છે. તે બધા નિરનિરાળા માલમ પડે છે; જે લોકોની માનસિક ઉન્નતિ થઈ નથી તે લોકોના ધાર્મિક આચાર જંગલી હોય છે. ધર્મને નામે અનેક દુષ્કૃત્યો કરવામાં આવેલાં છે અને ધર્મને નામે અનેક પ્રકારના વિચિત્ર પંથ ઉત્પન્ન થએલા છે; તોપણ એ બધામાં ધર્મબુદ્ધિ હમેશ કાયમ રહેલી હોય છે. તે ધર્મબુદ્ધિ આપણુને એમ કહેતી નથી કે દુનિયાનું સુખ ભોગવાય તેટલું ભોગવો; પણ એમ કહે કે એક બીજાપર પ્રીતિ રાખો; બીજાઓને આનંદ થાય તો તમને પણ આનંદ થવા દ્યો; બીજાઓને દુઃખ થાય તો તમને પણ દુઃખ લાગવા દ્યો; તમારૂં કોઈ નુકસાન કરે, તો તેનું તમે નુકસાન કરશો નહીં; શુભ કરી અશુભને દૂર કરો, તમારા અસ્તિત્વને માટે તથા તમને અસ્તિત્વ આપનારને માટે પૂજ્યબુદ્ધિ રાખો સંપૂર્ણ થતા જાઓ.

આપણું અંતઃકરણ આપણુને જે ખરૂં હોય તે કરવાનું કહેછે. આપણા અંતઃકરણમાં ઈશ્વરજ બોલે છે. ધર્મ અંતઃકરણની મદદે આવે છે, અને એ બંને ભેગાં થાય છે ત્યારે આપણાથી જે ખરૂં હોય તેજ થાય છે. એવે પ્રસંગે કંઈ ફળની અપેક્ષાથી આપણે જે ખરૂં હોય તે કરતા નથી, પણ ખરૂં હોય તેજં કરવાનું આપણું કર્તવ્ય છે એમ જાણી કરીએ છીએ.

આપણું કર્તવ્ય કર્યા બદલની આપણુને ઘણીરીતે ફળ મળે છે; આપણી જીંદગી સુખી થાય છે, આપ-

ણુને આપણા કાર્યમાં ફતેહ મળે છે; અને લોકો આપણે માટે સારૂ બોલે છે. આ બધાં ફળ ખરેખર મેળવવા લાયક છે; પરન્તુ આપણે ખરૂં હતું તેજ કર્યું અથવા આપણે બીજાને ઉપયોગી થઇ પડયા, એ વાત આપણા મનમાં લાવી ધર્મ આપણને એટલો બધો સંતોષ અને શાંતિ આપે છે, કે લોકોમાં આપણી વાહવા થાય નહીં, અથવા આપણને ફતેહ મળે નહીં, તોપણ એ સંતોષ અને શાંતીથી આપણું મન આનંદમાં રહે છે, અને આપણે સુખી થઇએ છીએ.

લુચ્ચાઈ ઠગાઈના ધંધાથી પણ કદાચ આપણો નિર્વાહ ચાલી શકે; લુચ્ચાઇ ઠગાઈ કરવામાં પણ આપણે ફતેહ મેળવી શકીએ; આપણામાં કંઈ લાયકી ન છતાં પણ લોકોમાં આપણને માન પ્રતિષ્ટા મળી શકે; પરન્તુ જો આપણે લુચ્ચા; જુઠા, નીચ, ઘાતકી અગર અપ્રમાણિક હોઇએ, અથવા આપણા મનમાં દુષ્ટ વિચાર અથવા દુષ્ટ વાસના રાખીએ તો આપણા મનને કંઇ શાંતિ મળે નહીં; અને એ શાંતિ વગર કંઇ સુખ લાગે નહીં. દુષ્ટ લોકોના મનને કંઈ શાંતી મળતી નથી, એમ પ્રાચીન કાળથી કહેવાતું આવ્યું છે; અને તે ખરૂંજ છે. આપણા મનમાં એકાદ ખોટો વિચાર આવવા દો, અથવા આપણે હાથે એકાદ ખોટુ કામ થવા દો, એટલે આપણે તરતજ ઈશ્વરથી એટલા પૂરતા અળગા થઈ જપશું. પરન્તુ આપણા મનમાં સારા વિચાર આવવા દો, અથવા આપણા હાથે સારાં કૃત્યો થવા દો, એટલે તરતજ આપણને એમ લાગશે

કે ઈશ્વરરૂપી પ્રેમી પિતાની સોડમાં આપણે નિર્ભય છીએ.

આ સંબંધમાં પ્રસિદ્ધ પેગંબર **ઈસુખ્રીસ્ત** કહે છે કે "જેમનું અંતઃકરણ નિર્મળ છે તેમને ધન્ય છે."

અશોકના લેખમાં લખેલું છે કે "જે માણસના વિચાર હમેશ શુદ્ધ હોય છે, જેને દ્વેશ એ શું તેની ખબર હોતી નથી, જે પોતાનું આયુષ્ય પવિત્રપણે ગાળે છે, જેના અંતઃકરણમાં પ્રાણી માત્રપર દયા રહેલી છે, જે ડહાપણથી, મમતાથી, નમ્રતાથી અને ખરા અંતઃકરણથી બોલ બોલે છે, તે મનુષ્યના અંતઃકરણમાં સદા ઈશ્વર વાસ કરે છે એમ સમજવું."

પ્રસિદ્ધ ગ્રીક તત્વવેત્તા **સોક્રેટિસને** આથેન્સના ન્યાયાધીશે જ્યારે દેહાન્ત શિક્ષા ફરમાવી, ત્યારે તે એમ બોલ્યો કે "પ્રમાણિક માણસને આ લોકમાં અથવા પરલોકમાં, મારા શા હાલ થશે, એ વિષે ભય રાખવાને કંઈ કારણ રહેતું નથી."

સેનેકા નામનો રોમન તત્વવેત્તા કહે છે કે, "માણસ બીજાનું ભલું કરે તો તેથી તેનું પોતાનું પણ ભલું થાય છે" આનો અર્થ એટલોજ નથી કે સત્કૃત્યથી તેને સારૂ ફળ મળે છે; સત્કૃત્ય કરવાથીજ માણસને એક પ્રકારનો સંતોષ થાય છે, અને તેજ સત્કૃત્યનું ઉત્તમ ફળ છે.

પ્રસિદ્ધ રોમન વક્તા **સિસેરો** લોકોને હમેશ એવો ઉપદેશ કરતો કે "તમે તમારા જાતિભાઇઓ

ઉપર દયા કરો; તમારા વર્તનથી બીજાઓને કેવું લાગશે, તેનો વિચાર કરી હુમેશ ચાલો. વૃદ્ધ માણસો પ્રત્યે સહનશીલતા બતાવો, બાળકો પ્રત્યે પ્રીતિ બતાવો."

ચીન દેશમાં થઈ ગયેલો સાધુ પુરૂષ **મેન્શિયસ** પોતાના શિષ્યોને એવો બોધ કરતો કે "મનુષ્યે અંતઃકરણમાં દયા રાખવી, અને હુમેશ ન્યાયથી ચાલવું. આપણી શ્રેષ્ઠ મનોવૃત્તિયો પ્રફુલ્લિત કરવી એ સ્વર્ગવાસજ છે."

મુસલમાન લોકોનો પેગંબર **મહમદ** આજ્ઞા કરે છે કે "દુષ્ટ વાસનાઓનો ત્યાગ કરો; ખરૂં બોલો; તમારૂં વચન પાળો; અને તમારા પાડોશી અને સગાં વહાલાંને ઉપયોગી થાઓ."

પ્રસિદ્ધ અંગ્રેજ તત્વજ્ઞાની **બેકન** એક ઠેકાણે લખી ગયો છે કે, "મનમાં હુમેશ સદ્‌વાસના રાખવી, ઈશ્વિરપર ભરોંસો રાખવો, અને સત્યમાર્ગે ચાલવું, એ આ લોકમાંજ સ્વર્ગ સુખ ભોગવવા સરખું છે."

પ્રાચીન હિન્દુ ગ્રંથોમાં પરમેશ્વરનું સર્વવ્યાપકપણું બતાવનારાં અનેક વચનો છેઃ—

एकोदेवः सर्व भुतेषु गूढ ।
सर्वव्यापी सर्वभूतान्तरात्मा ॥

આ પ્રમાણે જુદે જુદે વખતે અને જુદા જુદા

દેશોમાં લોક ઇશ્વર ઉપર ભરોંસો રાખતા આવ્યા છે. એ ભરોંસાથી આપણું કર્ત્તવ્ય કરવાને અને આપણું અંતઃકરણ શુદ્ધ રાખવાને આપણને ઉત્તેજન મળે છે; અને ઇશ્વિરની આજ્ઞા આપણે હંમેશ પાળીએ છીએ, એ વિચારથી આપણા મનમાં શાંતિ રહે છે.

આપણાં સગાં વહાલાં અને ઇષ્ટ મિત્રો મરી જાય છે. ત્યારે તેમના શરીરનો જો કે નાશ થાય છે, તોપણ તેમનો જીવાત્મા અસ્તિત્વમાં છે એમ આપણે સમજીએ છીએ. અદૃશ્યપર આપણે ભરોંસો રાખતા આવ્યા છીએ તેનો આ પણ એક દાખલો છે.

જે માણસોપર આપણો પ્રેમ હોય છે તે મરી જાય છે, તો પણ તે ખરેખર આપણી પાસેથી જતાં રહ્યાં, એમ પ્રથમ આપણને લાગતું નથી. તેમનો અને આપણો સંબંધ એવો જોડાઈ ગયો હોય છે, કે આપણને એમ લાગે છે કે તેમના વગર આપણાથી રહેવાશે નહીં. તે માણસો જો ફરીથી આપણી પાસે આવે તો તેમની બધી ઇચ્છાઓ પૂરી પાડવાને આપણે કેટલી બધી ઉત્સુકતા બતાવીએ! તેમની સાથે આપણે કોઈ વખત ગેરરીતે ચાલ્યા હોઈએ અથવા તેમના મનને દુઃખ થાય એવું કંઇ કામ આપણે કર્યું હોય, તો તે વખતે તેનો બદલો વાળવાને આપણે કેવા તત્પર થઇએ! આપણી તેમનાપર કેટલી બધી પ્રીતિ છે, એ તેમને જણાવવાની વ્યર્થ આશાથી આપણે તેમનાં ઉત્તર કાર્ય અને શ્રાદ્ધ કરી-

એ છીએ; અને આપણા મનમાં તેમને એમ કહીએ છીએ કે "જો તમે પાછા આવો અને અમને મદદ કરો તથા રસ્તો બતાવો તો કેવું સારૂં !"

મરી ગયેલાં માણસોએ પોતાની જીંદગી ખરાં અને સારાં કૃત્ય કરવામાં ગાળી હશે, તો હજી પણ તે આપણને મદદ કરી શકે, અને રસ્તો બતાવી શકે; તેમનો દાખલો મનમાં લાવી આપણે હુમેશ ખરે રસ્તે ચાલીએ; અને તેમના ઉપદેશ અને શીખામણનાં વચન યાદ કરી જીંદગીનો કાંટા ભરેલો રસ્તો સહનશીલતાથી પૂરો કરીએ. તેમની પેઠે આપણે પણ સંકટ વખતે ધૈર્યથી ચાલી, દુઃખ વખતે સહનશીલતા બતાવી, આપણું દરેક કામ ઈમાનઈતબાર થી કરી, અને બધા સાથે પ્રીતિ અને ખરાપણાથી ચાલી, આપણી પછી દુનીયામાં રહેનાર લોકોને મદદ કરવાને પ્રયત્ન કરવો જોઈએ. જે જગાએ આપણા આયુષ્યના દિવસ આપણે ગાળીએ છીએ તે જગાએથી આપણે જતા રહેવાને વખત આવે, ત્યારે આપણી પાછળ એવાં ઘણાં જણ રહો, કે જેમને આપણા જવાથી દુઃખતો લાગે, પણ આપણે આ દુનિયામાં જન્મ લીધો તે બાબત ખુશી થવાનું કારણ પણ મળે !

સમાપ્ત.

કેળવણી ખાતાએ મંજુર કરેલાં સસ્તાં અને ઉપયોગી પુસ્તકો.

૧ નીતિશાસ્ત્રનાં મૂળતત્વ ભાગ ૧ લો. કિમ્મત રૂ. ૦—૪—૦

તૈયાર કરનાર, રાવબહાદુર ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ, બી. એ., એલ. એલ. બી.

૨ ઘરમાં રમવાની રમતો. કિમ્મત રૂ. ૦—૪—૦

તૈયાર કરનાર, રાવબહાદુર ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ, બી. એ., એલ. એલ. બી.

૩ વસ્તુબોધ. કિમ્મત રૂ. ૦—૬—૦

તૈયાર કરનાર, રા. રા. દામુભાઈ ડાહ્યાભાઈ મહેતા. એમ. એ., એલ એલ. બી., બી. એસ સી.

૪ પુત્રી શિક્ષા. કિમ્મત રૂ. ૦—૪—૦

તૈયાર કરનાર, રા. રા. છગનલાલ ઠાકોરદાસ મોદી, બી. એ.

૫ નીતિબોધ. કિમ્મત રૂ. ૦—૬—૦

તૈયાર કરનાર, રા. રા. છગનલાલ ઠાકોરદાસ મોદી, બી. એ.

મળવાના ઠેકાણાં:—

મેસર્સ કસનદાસ નારણદાસ

બુકસેલર નાણાવટ—સુરત.